વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ (ISO 9001:2015 - Approval No. 00044220)

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

એક વૈશ્વિક વિચારધારા

Vishv UMIYA Foundation
આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ

Published on - 01 August 2026 | ₹ 50-00
તંત્રી- પ્રો. ડો. જે. એમ. પનારા
Editor- Prof. Dr. J. M. Panara

## संपूर्ण राष्ट्रीयगीत
## वंदे मातरम्

वंदे मातरम् । वंदे मातरम् ।
सुजलां सुफलां मलयजशीतलाम् ।
शस्यश्यामलां मातरम् !
वंदे मातरम् ! वंदे मातरम् !

शुभ्रज्योत्स्नापुलकितयामिनीम्,
फुल्लकुसुमितद्रुमदलशोभिनीम्,
सुहासिनीं सुमधुरभाषिणीम्,
सुखदां वरदां मातरम् !
वंदे मातरम् !

कोटि-कोटि-कंठ कलकल-
निनाद कराले,
कोटि कोटि भुजैर्धृत खरकरवाले ।
अबला केनु मा एत बले !
बहुबलधारिणीं नमामि तारिणीम्,
रिपुदलवारिणीं मातरम् !
वंदे मातरम् !

तुमि विद्या तुमि धर्म,
तुमि हृदि तुमि मर्म,
त्वं हि प्राणा: शरीरे !
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारइ प्रतिमा गडि मंदिरे-मंदिरे मातरम्!
वंदे मातरम् !

त्वं हि दुर्गा दशप्रहरणधारिणी,
कमला कमलदलविहारिणी,
वाणी विद्यादायिनी, नमामि त्वाम्,
नमामि कमलां, अमलां अतुलाम्,
सुजलां सुफलां मातरम् ! वंदे मातरम् !
श्यामलां सरलां सुस्मितां भूषिताम्,
धरणीं भरणीं मातरम् !
वंदे मातरम् ! वंदे मातरम् !

રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય



ભારતમાતાનું સર્વપ્રથમ ૧૯૦૬માં
દોરેલું ઐતિહાસિક ચિત્ર
ચિત્રકાર - મગનલાલ શર્મા, અમદાવાદ

## संपूर्ण राष्ट्रगान
## जनगणमन

जनगणमन - अधिनायक जय हे भारत
भाग्यविधाता । पंजाब सिंधु गुजरात मराठा,
द्राविड उत्कल बंग । बिन्ध्य हिमाचल
यमुना गंगा, उच्छल - जलधितरंग ।
तव शुभ नामे जागे, तव शुभ आशिष मागे ।
गाहे तव जय - गाथा । जनगणमन
मंगलदायक जय हे, भारत-भाग्यविधाता ।
जय हे ! जय हे ! जय जय जय जय हे !

अहरह तव आह्वान प्रचारित,
शुनि तव उदार वाणी ।
हिन्दु बौद्ध शीख जैन पारसिक,
मुसलमान ख्रिस्टानी ।
पूरब पश्चिम आशे, तव सिंहासन पाशे ।
प्रेमहार हय गाथा ! जनगण - एक्यविधायक
जय हे, भारत-भाग्यविधाता ।
जय हे ! जय हे ! जय जय जय जय हे !

पतन-अभ्युदय-बंधुरपंथा युगयुग -
धावित यात्री । हे चिरसारथि ! तव रथचक्रे
मुखरित पथ दिनरात्री । दारुण विप्लव माझे,
तव शंखध्वनि बाजे । संकट - दुःख-त्राता ।
जनगण-पथपरिचायक जय हे,
भारत-भाग्यविधाता ।
जय हे ! जय हे ! जय जय जय जय हे !

घोर तिमिरधन निबिड निशिथे पीडित
मूर्छित देशे । जाग्रत छिल तव अविचल
मंगल नयन अनिमेषे । दुःस्वप्ने आतंके,
रक्षा करिले अंके । स्नेहमयी तुमि माता ।
जनगण - दुःखत्रायक जय हे
भारत-भाग्यविधाता ।
जय हे ! जय हे ! जय जय जय जय हे !

रात्रि प्रभातिल, उदिल रविच्छबि
पूर्व-उदय-गिरि-भाले ।
गाहे विहंगम, पुण्य समीरण
नव-जीवन-रस ढाले ।
तव करुणारुण रागे, निद्रित भारत जागे ।
तव चरणे नत माथा । जय जय जय हे जय
राजेश्वर, भारत-भाग्यविधाता ।
जय हे ! जय हे ! जय जय जय जय हे !

કવીન્દ્ર રવીંદ્રનાથ ઠાકુર

## ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ : ૮૦માં સ્વાતંત્ર્યદિનની અનંત શુભકામનાઓ...!

विश्व उमियाधाम अमदावाद

# "मारी ईंट मा ना मंदिरे"
## ईंटदान अभियान

Vishv UMIYA Foundation



"वीरता परमो धर्म" अने "एकता परमो धर्म" ना मंत्रने उजागर करवाना भागरूपे अमदावादमां रू. एक हजार करोडना खर्चथी सनातन धर्मना प्रतीक अने आस्थाना केन्द्र समा जगतजननी मा उमियाना विश्वना ऊंचामां ऊंचा मंदिरनुं निर्माण संस्था द्वारा थई रहेल छे, जेनो प्राण - प्रतिष्ठा महोत्सव डिसेम्बर २०२७ मां भव्यातिभव्य रीते उजववामां आवनार छे.

समग्र ब्रह्मांडनुं केन्द्रबिंदु एटले शिव अने शक्ति. शिव एटले देवाधिदेव महादेव अने शक्ति एटले मा पार्वती, जेनुं बीजुं नाम मा उमिया, के जेना नव स्वरूपो अने एकावन शक्ति पीठमांथी आपणने शक्ति अने ऊर्जा सतत मळती रहे छे, त्यारे "हुं सनातनी छुं" ना गौरव साथे प्रत्येक सनातनी परिवारनो दरेक सभ्य जगतजननी मा उमिया प्रत्येनी आस्था - श्रध्धा साथे मंदिर निर्माणना ईंटदान अभियानमां **"मारी ईंट मा ना मंदिरे"** अंतर्गत पोतानुं योगदान अर्पित करे तेवी लागणीसभर अपील आपश्रीने करीए छीए.

मित्रो, विश्व उमियाधाममां निर्माणाधीन मा उमियानुं मंदिर प्रत्येक सनातनी माटे आस्था - एकतानुं प्रतीक, शिक्षण अने आरोग्यनुं धाम अने युवा - महिला सशक्तिकरणनुं केन्द्र छे. ज्यां धर्म - संस्कृति अने राष्ट्र हितनी विचारधारा केन्द्र स्थाने छे, तेवा मंदिरनुं निर्माण हाल पूरजोशमां चाली रहेल छे, जेमां सहभागी थई मा उमियाना कृपापात्र बनीए. "धर्मो रक्षति रक्षितः" मंत्रने याद करीए - सनातनी एकता आजनी आवश्यकता छे.

## मारुं ईंटदान मा ना चरणोमां

एक ईंटदान
रू.१०००/-

**बेंक विगत :** A/c. धी महेसाणा अर्बन को.ओ.बेंक लि., साचन्स सीटी शाखा, अमदावाद
Bank A/c. No. 00441001001446
IFSC Code - MSNU0000044.

VISA · mastercard · Google Pay · UPI · PhonePe

**ओनलाईन ईंटदान माटे VUF एप्लिकेशन डाउनलोड करो**

Mob. Play store मां जई Vishv Umiya Foundation App Search करी Install करो, App ओपन करी मोबाईल नंबर एड करो, मोबाईलमां आवेल OTP दाखल करी आपनी संपूर्ण विगत भरो, त्यारबाद मोबाईल एप्लीकेशनमां बटन पर क्लिक करो. ओपन थयेल मेनुमां Collect Donation पर क्लिक करो, त्यारबाद ओपन थयेल QR Code थी पेमेन्ट करी शकाशे.

Vishv UMIYA Foundation

"विश्व उमियाधाम-जासपुर", वैष्णोदेवी मंदिरनी सामे, एस.जी.हाईवे, अमदावाद-३८२७२१
+91 72020 80222/333 vuf.org vishvumiyafoundation

Mayflower
WOMEN'S HOSPITAL

# ELEVATING WOMEN'S HEALTH WITH INNOVATION & CARE

Mayflower Hospital is home to countless advancements in women's healthcare across endometriosis, obstetrics, fertility, dermatology, and beyond



## THE EXPERTISE OF OUR TEAM.

**Endometriosis Clinic** by Mayflower

World's best centre for advanced endometriosis diagnosis, laparoscopic excision surgeries and fertility-enhancing treatments.

**MAYFLOWER AESTHETICS**

Effective skincare, pelvic floor rejuvenation and anti-ageing solutions backed by dermatologists and gynecologists.

**Fertility Solutions** by Mayflower Women's Hospital

A unique, advanced egg and embryo freezing centre with world-class embryology labs and personalised protocols.

**Obstetrics Clinic** by Mayflower Women's Hospital

24/7 pregnancy care with advanced fetal monitoring, painless delivery options, and expert perioperative support.

**85,000+** Surgeries

**1 Lac+** Happy women

**20,000+** Fertility Enhancing Surgeries

**21+** Years of Care

+91 6352 800 850 care.mayflowerhospital.com www.mayflowerhospital.com

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ

# ઉમાસૃષ્ટિ

આસ્થા, એકતા અને ઉર્જાનું ધામ | એક વૈશ્વિક વિચારધારા

**ઓગસ્ટ ૦૧, ૨૦૨૬**
August 01, 2026
**વર્ષ : ૦૫,** Year : 05
**સળંગ અંક : ૫૧** Ank : 51
**માલિક :** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન
**Owner :** Vishv Umiya Foundation

ISO 9001



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**તંત્રી -** પ્રો. ડો. જે. એમ. પનારા
**Editor -** Prof. Dr. J. M. Panara

**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel

**પરામર્શકશ્રી : Consultant**
પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ | પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઈ
Padmashri-Devendra Patel | Padmashri-Dr. Kumarpal Desai

**સંપાદક મંડળ:** | **Editor Board :**
ડો. હર્ષદ પટેલ | Dr. Harshad Patel
ડો. અશોક પટેલ | Dr. Ashok Patel
ડો. ઉત્પલ પટેલ | Dr. Utpal Patel
ડો. રૂપલ પટેલ | Dr. Rupal Patel

**સહસંપાદક :**
ધવલ માકડિયા **Co-Editor :** Dhaval Makadia

**કલાનિર્દેશક :**
ભાવિક પટેલ **Art Director :** Bhavik Patel

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂા. ૫૦૦૦
પાંચ વર્ષ : રૂા. ૩૦૦૦
વિદેશમાં આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time (10 Year) Rs. 5,000
5 Year : Rs. 3,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** umasrushti@vuf.org
**Mobile :** +91 7202080222/333

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham, Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road, Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક :** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad & **Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham Jaspur, Kalol, Gandhinagar

વિશ્વ ઉમિયાધામ અમદાવાદ

Vishv UMIYA Foundation

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું શીર્ષક | લેખક | પાના |
|---|---|---|---|
| ૧. | વેદોનો દિવ્ય સંદેશ | પ્રહલાદભાઈ પટેલ (કામેશ્વર) | ૦૫ |
| ૨. | ધર્મ અને વિજ્ઞાન : એક જ સિક્કાની બે બાજુ | પ્રમુખશ્રીની કલમે | ૦૬ |
| ૩. | શ્રી રામચરિતમાનસ | ડો. પ્રભુદાસ પટેલ | ૦૮ |
| ૪. | વંદે માતરમ્ - જનગણમન | પ્રા. હર્ષદભાઈ યાજ્ઞિક | ૦૯ |
| ૫. | ભગવાન શ્રીરામના અશ્રુબિંદુ | શ્રી ભાણદેવજી | ૧૨ |
| ૬. | રક્ષાબંધન : ભાઈ-બહેનના પ્રેમનો સંદેશ | પ્રો. ડો. જે. એમ. પનારા | ૧૪ |
| ૭. | પરમના સ્પર્શની તાલીમશાળા | પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ | ૧૬ |
| ૮. | કેળવણી એટલે ઘડતર, માત્ર ગુણપત્રક નહીં | ડો. ભાવેશ જેતપરિયા | ૧૮ |
| ૯. | જીવનના ચાર પુરુષાર્થો આજે પણ સાચા છે? | ભદ્રાયુ વછરાજાની | ૧૯ |
| ૧૦. | જીવનને ધન્ય બનાવો, સુખી બનાવો | ડો. મફતલાલ પટેલ | ૨૦ |
| ૧૧. | અનુભવથી ઘડતર | જીતેન્દ્રકુમાર બી. જોટાસણા | ૨૨ |
| ૧૨. | કુટુંબમાં સ્ત્રીઓનું કર્તવ્ય | શ્રીમતી ગીતા ઉનડકટ | ૨૩ |
| ૧૩. | દિકરી નહીં, મરતી માનવતાને બચાવો | ડો. જીતેન્દ્રકુમાર વી. પટેલ | ૨૪ |
| ૧૪. | ઘેરો વડલો ને ઘેરી છાયડી રે લોલ... | ડો. નરભેરામ જે. રાંકજા | ૨૭ |
| ૧૫. | આવી પીડા આપણને થાય છે ? | ડો. જયેશ વાછાણી | ૨૯ |
| ૧૬. | વિકલ્પ - લાભ કે નુકસાન ? | ભાવેશભાઈ એમ. આખજા | ૩૦ |
| ૧૭. | પુત્ર હોય તો આવા.... | સંજયભાઈ ડી. પટેલ | ૩૧ |
| ૧૮. | કૈલાસ માનસરોવર યાત્રા | પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી | ૩૩ |
| ૧૯. | હાર્ટ એટેકને અટકાવીએ | ડો. ક્રિષ્ના પાંડે | ૩૭ |
| ૨૦. | વાહ! ઝાડવું એક અને થડિયા અનેક ! | હીરજી ભીંગરાડિયા | ૪૦ |
| ૨૧. | ભીમના ભોળાનાથ | ગિરા પિનાકીન ભટ્ટ | ૪૨ |
| ૨૨. | ખુશીઓનું સમર્પણ મા ઉમિયાને અર્પણ | વિશ્વ ઉમિયાધામ | ૪૩ |
| ૨૩. | પ્રવૃત્તિ અહેવાલ | શૈલેષભાઈ પટેલ | ૪૪ |
| ૨૪. | સમાચાર | ડો. રૂપલબેન પટેલ | ૪૯ |


⌘ ⌘ ⌘



**પ્રહ્લાદભાઈ પટેલ (કામેશ્વર)**
લેખક VUFના ઉપપ્રમુખ, ધાર્મિક સાહિત્ય સંપાદક, શિક્ષણકાર અને વિવિધ સેવા યજ્ઞોના ઊંચા ગજાના દાતા છે.

# વેદોનો દિવ્ય સંદેશ

**भद्रमिच्छन्त ऋषयः स्वर्विदस्तपो दीक्षामुपनिषेदुरग्रे ।**
**ततो राष्ट्रं बलमोजश्च जातं तदस्मै देवा उपसंमन्तु ॥** (અથર્વવેદ ૧૯/૪૧/૧)

**ભાવાર્થ :** હું એકલો જ દસ હજારની બરાબર છું. મારું આત્મબળ, પ્રાણબળ, દૃષ્ટિ અને શ્રવણશક્તિ પણ દસ હજાર મનુષ્યો જેટલી છે. મારા અપમાન અને માન પણ દસ હજાર લોકો જેટલાં છે. હું બધી જ રીતે દસ હજાર મનુષ્યો જેટલો શક્તિશાળી છું.

**સંદેશ :** આત્મબળ અને પ્રાણબળના વિકાસ માટે જીવનમાં આનંદ અને પ્રસન્નતા અત્યંત જરૂરી છે, પરંતુ એ બધું ત્યારે જ શક્ય છે કે જ્યારે દૃષ્ટિ તથા શ્રવણશક્તિ અને શ્વાસોચ્છ્વાસ તથા શરીરની બધી ઈંદ્રિયો અને અંગઉપાંગો આનંદિત હોય.

આ આનંદિત અને પ્રસન્ન રહેવું એ શું છે ? સંયમ અને મર્યાદાનું પાલન કરીને સંસારમાં હંમેશા બધાની ભલાઈ માટે કાર્ય કરતા રહેવાથી જ આપણને સાચો આનંદ અને આંતરિક પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. નૈતિક સાધના દ્વારા જ્યારે શરીર બળવાન બને, માનસિક સ્થિરતા હોય, ઈચ્છાઓનું આધ્યાત્મિકરણ થાય અને ઈશ્વર પ્રત્યે આત્મસમર્પણ દ્વારા એક નિશ્ચિત માનસિક સ્થિતિ પ્રાપ્ત થાય, તો પછી ચારેય બાજુ આનંદ જ છવાઈ જશે અને એ જ આનંદ છેવટે પરમ આનંદની પ્રાપ્તિ કરાવવા માટે ઉપયોગી સાબિત થશે.

આનંદ અને પ્રસન્નતાથી પ્રફુલ્લિત મનુષ્ય એવા સૂર્ય જેવો હોય છે કે જેનાં



કિરણો અનેક હૃદયોના શોકરૂપી અંધકારને દૂર કરી દે છે. મનુષ્યે હંમેશા પ્રસન્ન રહેવું જોઈએ. પ્રસન્નતા સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ છે. અને તે પરમાત્માને પણ અપૂર્વ બળ અને શક્તિથી ભરી દે છે. જે મનુષ્ય હંમેશા પ્રસન્ન રહે છે તેનાં બધાં જ દુઃખો દૂર થઈ જાય છે.

સુખમાં તો બધા જ હસી શકે છે, પરંતુ જે દુઃખમાં પણ પ્રસન્ન રહી શકે છે તે જ આદર્શ મનુષ્ય છે. જે મનુષ્ય દુઃખો અને મુશ્કેલીઓમાં ગભરાતો નથી, પરંતુ હસતો અને આનંદિત રહે છે તે માનવ નહિ; પરંતુ દેવતા સમાન છે. સંસારમાં જેટલા પણ મહાપુરુષો થયા છે તેઓ બધા વિનોદી સ્વભાવના જોવા મળે છે. પ્રસન્ન અને આનંદિત રહેવાથી આત્મિકબળ હજારોગણું વધી જાય છે. પરિસ્થિતિઓ સામે લડવાની પ્રચંડ શક્તિ અને ઊર્જા અંતઃકરણમાં ઉત્પન્ન થતી હોય છે. તેના દ્વારા મનુષ્ય દિવ્ય, શ્રેષ્ઠ, ઓજસ્વી, તેજસ્વી અને પરાક્રમી બને છે.

ભગવાન શ્રીરામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણના જીવનને જુઓ. કેટલી બધી વિકટ પરિસ્થિતિઓ અને વિપત્તિઓ આવવા છતાં તેમણે હસતે મુખે બધી જ કઠિનાઈઓ સહન કરી અને અગ્નિપરિક્ષામાં સુવર્ણની જેમ ચમકીને સફળ થઈ ગયા. મહર્ષિ દયાનંદ, સ્વામી વિવેકાનંદ, શ્રી બાલગંગાધર તિલક, પંડિત મદનમોહન માલવિયા વગેરે વર્તમાનયુગના મહાપુરુષોએ પણ આ આંતરિક પ્રસન્નતાથી પ્રાપ્ત કરેલી શક્તિના આધારે એવાં કાર્યો કર્યાં છે, જે હજારો લાખો મનુષ્યો માટે પણ શક્ય ન હતાં.

આજે મનુષ્ય સ્વાર્થથી ઢંકાઈ ગયો છે તથા તેનામાં દિવ્યતાની ભાવનાનો લોપ થઈ ગયો છે. જીવનને હંમેશા પ્રસન્નતાને આનંદથી પરિપૂર્ણ રાખશો તો આત્મબળ હજારગણું વધી જશે અને એ એકલો મનુષ્ય પણ દસ હજાર મનુષ્યો જેટલો શક્તિશાળી થઈ જશે. આત્મબળમાં પ્રચંડ શક્તિ હોય છે. ■

## પ્રમુખશ્રીની કલમે

# ધર્મ અને વિજ્ઞાન :
# એક જ સિક્કાની બે બાજુ



**પ્રસ્તાવના :** આજના આધુનિક યુગમાં ઘણીવાર એવી માન્યતા જોવા મળે છે કે ધર્મ અને વિજ્ઞાન એકબીજાના વિરોધી છે. એક તરફ વિજ્ઞાન તર્ક, પ્રયોગ અને પુરાવા પર આધારિત છે, જ્યારે બીજી તરફ ધર્મ શ્રદ્ધા, આસ્થા અને અનુભૂતિનો વિષય છે. પરંતુ જ્યારે આપણે સનાતન હિન્દુ ધર્મનો ઊંડો અભ્યાસ કરીએ છીએ ત્યારે સમજાય છે કે આ બંને વિરોધી નહીં, પરંતુ એકબીજાના પૂરક છે. આપણા દેવી-દેવતાઓના વાહનો, તેમના હાથમાં રહેલા આયુધો, પૂજા, પદ્ધતિઓ, પ્રકૃતિ પૂજા, તહેવારો અને ઉપવાસની પરંપરાઓ - આ બધાની પાછળ એક અત્યંત સચોટ અને ગર્ભિત વિજ્ઞાન છુપાયેલું છે.

**વિજ્ઞાનનો અર્થ :** વિજ્ઞાન એટલે કોઈપણ બાબતને અવલોકન, પ્રયોગ અને અનુભવ દ્વારા સમજવાની પદ્ધતિ. વિજ્ઞાન સતત પ્રશ્ન પૂછે છે અને સત્ય શોધે છે. ધર્મનો અર્થ માત્ર પૂજા કે કર્મકાંડ નથી. 'ધર્મ' એટલે જે જીવનને ધારણ કરે, સમાજમાં સંતુલન જાળવે અને મનુષ્યને સત્ય, કરુણા અને સંયમ તરફ દોરી જાય. તેથી ધર્મ અને વિજ્ઞાન બંનેનો અંતિમ હેતુ માનવજીવનનું કલ્યાણ જ છે.

**દેવી-દેવતાઓના વાહનો પાછળનું વિજ્ઞાન :** આપણા ઋષિમુનિઓ જાણતાં હતા કે, સામાન્ય માણસને જો સીધેસીધું પર્યાવરણ બચાવવાનું કહેવામાં આવશે, તો કદાચ તે નહિ સમજે. તેથી તેમણે પ્રકૃતિના સંતુલનને ધર્મ અને ભગવાન સાથે જોડી દીધું. સનાતન ધર્મમાં દરેક દેવતાનું વાહન અલગ છે. પ્રથમ નજરે તે ધાર્મિક પ્રતીક લાગે છે, પરંતુ તેમાં ગહન સંદેશ સમાયેલો છે. ભગવાન શિવનું વાહન નંદી છે. નંદી ધૈર્ય, શક્તિ અને સ્થિરતાનું પ્રતીક છે. જીવનમાં ધીરજ વગર જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. માતા દુર્ગાનું વાહન સિંહ છે. સિંહ હિંમત અને નિર્ભયતાનું પ્રતીક છે. ભગવાન ગણેશનું વાહન ઉંદર છે. ઉંદર અંધકારમાં પણ રસ્તો શોધી લે છે અને નાની જગ્યામાં પ્રવેશી જાય છે. માતા સરસ્વતીનું વાહન હંસ છે. હંસ વિશે કહેવાય છે કે તે દૂધ અને પાણી અલગ કરી શકે છે. આ વિવેકનું પ્રતીક છે - સાચું અને ખોટું પારખવાની શક્તિ. ભગવાન વિષ્ણુનું વાહન ગરુડ છે. ગરુડ દૂર સુધી જોઈ શકે છે. તે દૂરંદેશી વિચારધારાનું પ્રતિક છે.

**દેવતાઓના હાથમાં રહેલા શસ્ત્રો :** ભગવાન શિવનું ત્રિશૂલ માત્ર હથિયાર નથી. ત્રિશૂલના ત્રણ પાંખિયા તે સત્વ, રજ અને તમ - આ ત્રણ ગુણોનું પ્રતીક છે. ભગવાન વિષ્ણુનું સુદર્શન ચક્ર સમયના ચક્રનું પ્રતીક છે. સમય ક્યારેય અટકતો નથી. ભગવાન રામનું ધનુષ્ય અને બાણ સંયમિત શક્તિનું પ્રતીક છે. બાણ છોડતા પહેલાં લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ. ગણેજીના હાથમાં પાથ અને અંકુશ છે પાશ એટલે મોહ-માયાની પકડમાંથી મુક્ત થવું અને અંકુશ એટલે મનની ભટકતી ઈચ્છાઓ ઉપર નિયંત્રણ રાખવું.

**ગાયની પૂજા પાછળનું વિજ્ઞાન :** ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. ગાયનું દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર અને ગોબર તે પંચગવ્ય તરીકે જાણીતા છે. ગ્રામ્ય અર્થતંત્રમાં ગોબર ઉત્તમ જૈવિક ખાતર છે. તેનો ઉપયોગ ઇંધણ તથા ખાતર તરીકે થાય છે. ગાયનું દૂધ પોષક આહાર તરીકે પ્રાચીન સમયથી મહત્વનું રહ્યું છે.

**પીપળો, વડ અને તુલસીનું વૈજ્ઞાનિક મહત્વ :** પીપળો અને વડ એવા વૃક્ષો છે જે ૨૪ કલાક ઓક્સિજન આપે છે. ઋષિઓએ તેને કાપવાથી બચાવવા માટે ધાર્મિક પવિત્રતા સાથે જોડી દીધા. તે લાંબા આયુષ્ય ધરાવતા વૃક્ષ છે અને અનેક પક્ષીઓ તથા જીવસૃષ્ટિને આશ્રય આપે છે. વૃક્ષો હવામાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષી ઓક્સિજન છોડે છે અને પર્યાવરણનું સંતુલન જાળવે છે. પીપળાની પૂજા દ્વારા આપણા પૂર્વજોએ વૃક્ષ સંરક્ષણનો સંદેશ આપ્યો. દરેક હિંદુ ઘરના આંગણામાં તુલસી ક્યારો હોય જ છે. તુલસીમાં વિવિધ ઔષધીય ગુણો હોવાનું આયુર્વેદમાં વર્ણવાયું છે. ઘરના આંગણે તુલસી વાવવાની પરંપરા માત્ર ધાર્મિક નથી, પરંતુ સ્વચ્છતા, હરિયાળી અને આરોગ્ય સાથે પણ જોડાયેલી છે. તે હવામાં રહેલા હાનિકારક બેક્ટેરીયાનો નાશ કરે છે.

**નદીઓની પૂજા પર્યાવરણનું સંરક્ષણ :** ભારતીય સંસ્કૃતિમાં ગંગા, યમુના, સરસ્વતી, નર્મદા, ગોદાવરી, કાવેરી જેવી નદીઓને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રશ્ન થાય કે નદીને માતા કેમ કહેવાઈ? કારણ કે નદી માત્ર પાણીનો પ્રવાહ નથી. તે ખેતી, પીવાનું પાણી, વેપાર, જૈવવિવિધતા અને સમગ્ર સંસ્કૃતિનું જીવન છે. જો નદી શુદ્ધ રહેશે તો માનવજીવન પણ સ્વસ્થ રહેશે. આપણા ઋષિઓએ પર્યાવરણ બચાવવા માટે નદીને 'દેવી'નું સ્થાન આપ્યું જેથી લોકો શ્રદ્ધાથી તેનું રક્ષણ કરે. ભારતમાં હજારો વર્ષ પહેલાંથી નદીઓની આરતી અને પૂજાની પરંપરા દ્વારા જળસંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

**પર્વતોની પૂજા પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા :** હિમાલયને દેવાત્મા કહેવામાં આવ્યો છે. ગિરનાર, અરુણાચલ, ગોવર્ધન, કૈલાસ વગેરે પર્વતોને પવિત્ર માનવામાં આવે છે. પર્વતો જળના ભંડાર છે, હવામાનનું સંતુલન જાળવે છે, નદીઓનું ઉદ્‌ગમ સ્થાન છે અને અસંખ્ય ઔષધીય વનસ્પતિઓનું ઘર છે.

**અગ્નિહોત્ર, યજ્ઞ અને તિલકનું વિજ્ઞાન :** આપણી રોજિંદી પૂજા વિધિ પણ ભૌતિક અને રસાયણ વિજ્ઞાન સાથે જોડાયેલી છે. વેદોમાં અગ્નિને દેવતા કહેવામાં આવ્યો છે. અગ્નિહોત્ર અને યજ્ઞનો આધ્યાત્મિક અર્થ તો છે જ, પરંતુ તેમાં સામાજિક અને પર્યાવરણીય પાસાં પણ રહેલા છે. યજ્ઞમાં જે સમિધ (લાકડાં), ઘી, કપૂર, ગુગળ અને તલ જેવી સામગ્રી હોમવામાં આવે છે, તેના દહનથી વાતાવરણ શુદ્ધ થાય છે. યજ્ઞ દરમ્યાન બોલાતા મંત્રોચ્ચાર થી ચોક્કસ પ્રકારના ધ્વનિ તરંગો ઉત્પન્ન થાય છે, જે મગજના આલ્ફા તરંગોને સક્રિય કરીને માનસિક તણાવ દૂર કરે છે. તિલક અને કપાળનું વિજ્ઞાન : કપાળની મધ્યમાં બે ભ્રમરની વચ્ચે 'આજ્ઞાચક્ર' આવેલું છે. ત્યાં ચંદન કે કંકુનું તિલક કરવાથી તે સ્થાન ઠંડુ રહે છે અને એકાગ્રતા વધે છે.

**મંદિરનું સ્થાપત્ય :** મંદિરોનું નિર્માણ માત્ર કલાત્મક નથી. ગર્ભગૃહ, શિખર, ધ્વજ, ઘંટ, પ્રદક્ષિણાપથ - આ બધું વિશિષ્ટ સ્થાપત્ય અનુસાર ગોઠવાયેલું હોય છે. મંદિરમાં પ્રવેશતાં જ મન શાંત થવાનું એક કારણ તેની રચના, પ્રકાશ, અવાજ અને વાતાવરણ પણ છે. મંદિરમાં પ્રવેશતા જ ઘંટ વગાડવામાં આવે છે, તે ભક્તનું ધ્યાન એકાગ્ર કરવામાં મદદરૂપ બને છે. શંખનાદ સમૂહમાં ઉત્સાહ અને આધ્યાત્મિક ભાવ જાગૃત કરવાનો પ્રાચીન ઉપાય રહ્યો છે. શંખ ફૂંકવાથી ફેફસાં મજબૂત થાય છે.

**ઉપવાસનું વિજ્ઞાન :** સનાતન ધર્મમાં એકાદશી, પૂર્ણિમા, અમાસ, નવરાત્રિ, શ્રાવણ વગેરે પ્રસંગોએ ઉપવાસ રાખવાની પરંપરા છે. ઉપવાસનો મુખ્ય હેતુ માત્ર ભોજનનો ત્યાગ નથી; ઇન્દ્રિયસંયમ, મનની એકાગ્રતા અને આત્મચિંતન છે. આધુનિક વિજ્ઞાન જેને આજે "ઓટોફેજી" કહે છે, તે આપણા ઋષિઓએ હજારો વર્ષ પહેલાં શોધ્યું હતું. જ્યારે આપણે ઉપવાસ કરીએ છીએ ત્યારે આપણું પાચનતંત્ર આરામ મેળવે છે અને શરીર પોતાના જ અંદર રહેલા ઝેરી તત્વોને દુર કરે છે.

**ઋતુ પ્રમાણેના તહેવારો :** ભારતમાં મોટાભાગના તહેવારો ઋતુપરિવર્તન સાથે જોડાયેલા છે. મકરસંક્રાંતિમાં તલ અને ગોળનું સેવન શિયાળામાં ઉષ્મા અને પોષણ માટે ઉપયોગી માનવામાં આવે છે. હોળી પહેલાં ઘઉં અને ચણાના પાક તૈયાર થાય છે. આ સમયે શરીરમાં આળસ અને બેક્ટેરિયા વધે છે. હોળીની પ્રદક્ષિણાની ગરમીથી જીવાણુ નાશ પામે છે. ચોમાસા પછી ભેજવાળા વાતાવરણમાં કીડા-મકોડા વધી જાય છે. તેથી દિવાળીના તહેવારમાં ઘરની સાફ-સફાઈ અને દીવાઓના તેલ - ઘીના ધુમાડાથી જીવજંતુઓ નાશ પામે છે. શ્રાવણમાં વરસાદી ઋતુ દરમિયાન સાત્વિક આહાર અને સંયમ પર ભાર મૂકવામાં આવે છે. આ રીતે તહેવારો માત્ર ધાર્મિક નથી. તેઓ પ્રકૃતિ, કૃષિ અને સમાજજીવન સાથે ગાઢ રીતે જોડાયેલા છે.

**યોગ, ધ્યાન અને નમસ્કાર :** વિશ્વ આજે યોગ તરફ આકર્ષાઈ રહ્યું છે. યોગ, ધ્યાન અને નમસ્કારની પદ્ધતિ શુદ્ધ વિજ્ઞાન છે. યોગ અને પ્રાણાયામ દ્વારા ઓક્સિજન ફેફસાંમાં ઊંડે સુધી પહોંચે છે, જેનાથી લોહીનું શુદ્ધિકરણ થાય છે. ધ્યાન કરવાથી મગજમાં એન્ડોર્ફિન અને સેરોટોનિન જેવા હેપ્પી હોર્મોન્સ મુક્ત થાય છે જે તણાવ ઘટાડે છે. જ્યારે આપણે બંને હાથ જોડીને નમસ્કાર કરીએ છીએ, ત્યારે આંગળીઓના ટેરવા એકબીજા પર દબાણ લાવે છે. એક્યુપ્રેશરના નિયમ મુજબ તેનાથી આંખ, કાન અને મગજના કેન્દ્રો સક્રિય થાય છે.

**સૂર્યનમસ્કારનું વૈજ્ઞાનિક મહત્વ :** સૂર્યને પ્રત્યક્ષ દેવતા કહેવામાં આવ્યા છે. સવારના સૌમ્ય સૂર્યપ્રકાશમાં સમય વિતાવવાથી શરીરની જૈવિક ઘડિયાળ સંતુલિત રાખવામાં મદદ મળે છે અને વિટામિન-ડી માટે પણ સૂર્યપ્રકાશ મહત્વનો સ્રોત છે. સૂર્યનમસ્કાર શરીરના અનેક સ્નાયુઓને સક્રિય કરતું સમગ્ર વ્યાયામરૂપ સાધન માનવામાં આવે છે.

**ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય :** પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું હતું કે, "વિજ્ઞાન વગરનો ધર્મ આંધળો છે અને ધર્મ વગરનું વિજ્ઞાન લંગડું છે." વિજ્ઞાન સાધનો બનાવે છે, ધર્મ તેનો સદુપયોગ કરવાનો વિવેક શીખવે છે. વિજ્ઞાન પરમાણુ ઊર્જા આપે છે, ધર્મ કહે છે કે તેનો ઉપયોગ માનવકલ્યાણ માટે થવો જોઈએ, વિનાશ માટે નહીં. વિજ્ઞાન આકાશમાં પહોંચાડે છે, ધર્મ હૃદયમાં ઉતારવાનું શીખવે છે. વેદોમાં સત્યની શોધ અને જ્ઞાનની ઉપાસના બંનેને સમાન સ્થાન મળ્યું છે. તેથી ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સંવાદ છે, સંઘર્ષ નહીં.

**ઉપસંહાર :** સનાતન હિન્દુ ધર્મની પરંપરાઓને માત્ર કર્મકાંડ તરીકે જોવી એ તેના ઊંડા અર્થ સાથે અન્યાય છે. તેમાં પ્રકૃતિ પ્રત્યેનો આદર, આરોગ્યપ્રદ જીવનશૈલી, સામાજિક એકતા, પર્યાવરણ સંરક્ષણ, માનસિક શાંતિ અને નૈતિક મૂલ્યોનો અદભુત સમન્વય છે. કેટલીક પરંપરાઓને આધુનિક વિજ્ઞાન સ્પષ્ટપણે સમર્થન આપે છે, જ્યારે કેટલીકનું મહત્ત્વ પ્રતીકાત્મક, સાંસ્કૃતિક અથવા આધ્યાત્મિક છે.  આ બંને દૃષ્ટિકોણને સમજીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે ધર્મ અને વિજ્ઞાન વિરોધી નથી; બંનેનો હેતુ સત્યની શોધ અને માનવકલ્યાણ જ છે. બંનેનો સમન્વય જ સુખી, સમૃદ્ધ અને સંસ્કારી સમાજનું નિર્માણ કરે છે. તેથી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે "સનાતન ધર્મ એ જ વિજ્ઞાન છે".

આપણે આપણી ભવ્ય પરંપરાઓને માત્ર અંધશ્રદ્ધા કે જૂની પુરાણી પ્રથા ગણીને નકારી ન કાઢવી જોઈએ, પરંતુ તેની પાછળ રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને સમજીને ગૌરવભેર તેને જીવનમાં અપનાવવી જોઈએ. જ્યારે ધર્મ અને વિજ્ઞાન બંને સાથે મળીને ચાલશે, ત્યારે જ માનવજાતનો સાચો અને કલ્યાણકારી વિકાસ શક્ય બનશે.

**આર. પી. પટેલ - પ્રણેતા એવમ્ પ્રમુખશ્રી - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - અમદાવાદ**

## ધર્મ સૃષ્ટિ



**સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ**
લેખક ઉમાસૃષ્ટિના મેનેજીંગ એડીટર તથા પૂર્વ તંત્રી,
શ્રેષ્ઠ શિક્ષણ એવોર્ડ, શ્રેષ્ઠ શિક્ષકનો નેશનલ એવોર્ડ
તથા ગુજરાત ગરિમા એવોર્ડ વિજેતા અને જાણીતા કેળવણીકાર છે.

# श्री रामचरितमानस

**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજીને વનમાં જતા જોઈ અયોધ્યા વાસીઓ વ્યાકુળ થઈ એમની સાથે ચાલવા લાગ્યા. શ્રી રામજી એમને પાછા વાળવા સમજાવે છે; પણ તેઓ રામજીને પ્રેમવશ સાથે ચાલી નીકળે છે.

**હવે આગળ :**

सबहि बिचारु कीन्ह मन माहीं ।
राम लखन सिय बिनु सुखु नाहीं ॥

બધાએ મનમાં વિચાર કરી લીધો કે, શ્રી રામજી, લક્ષ્મણજી અને સીતાજી સિવાય સુખ નથી. શ્રી રામજી સિવાય અયોધ્યામાં આપણા લોકોનું કોઈ કામ નથી. આવો વિચાર કરીને બધા પોતાનાં ઘર છોડીને શ્રી રામજીની સાથે ચાલી નીકળ્યા. પહેલા દિવસે શ્રી રઘુનાથજીએ તમસા નદીને કિનારે નિવાસ કર્યો.

जबहिं जाम जुग जामिनि बीती ।
राम सचिव सन कहेउ सप्रीती ॥

જ્યારે બે પ્રહર રાત વીતી ગઈ ત્યારે શ્રી રામચંદ્રજીએ પ્રેમપૂર્વક મંત્રી સુમંતને કહ્યું, હે તાત ! કોઈને ખબર ન પડે તે રીતે રથ તૈયાર કરીને ચાલો. શંકરજીના ચરણોમાં શીશ નમાવીને શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજી ચાલી નીકળ્યાં. સવાર પડ્યુંને લોકો જાગ્યા ને કોલાહલ થયો કે શ્રી રામજી કઈ દિશામાં ચાલી નીકળ્યા. કોઈ દિશા મળતી નથી. લોકો ચારે બાજુ દોડી રહ્યા છે.

एहि बिधि करत प्रलाप कलापा ।
आए अवध भरे परितापा ॥

ઘણો વિલાપ કરતા લોકો સંતાપયુક્ત થઈને અયોધ્યામાં પાછા આવ્યા. લોકોના વિષમ વિયોગની દશાનું વર્ણન કરી શકાતનું નથી. બધાં સ્ત્રી-પુરુષો રામજીના દર્શન માટે



વ્રત અને નિયમ કરવા લાગ્યા. લોકો એવા દુઃખી થઈ ગયા કે જેમ ચકવી-ચકવો, અને કમળ સૂર્ય વગર દીન થઈ જાય છે.

सीता सचिव सहित दोउ भाई ।
सृंगबेरपुर पहुँचे जाई ॥

સીતાજી અને મંત્રી સહિત બંને ભાઈ શ્રૃંગવેરપુર જઈ પહોંચ્યા ત્યાં ગંગાજીને જોઈ શ્રી રામજી રથમાંથી ઉતરી પડ્યા. ઘણા હર્ષ સાથે દંડવત પ્રણામ કર્યા. લક્ષ્મણજી, સુમંત અને સીતાજીએ પણ પ્રણામ કર્યાં. શ્રી રામજીએ કહ્યું "શ્રી ગંગાજી આનંદ અને મંગળનું મૂળ છે." તે સર્વ સુખોને આપનારી અને પીડાઓને હરનારી છે.

मज्जनु कीन्ह पंथ श्रम गयऊ ।
सुचि जलु पिअत मुदित मन भयऊ ॥

સર્વેએ ગંગાજીમાં સ્નાન કર્યું. માર્ગનો બધો થાક દૂર થઈ ગયો. ગંગાજીનું પવિત્ર જળ પીને મન પ્રસન્ન થયું. જેના સ્મરણ માત્રથી વારંવાર જન્મવા અને મરવાનો શ્રમ મટી જાય એવા ગંગાજીને જોઈ રાજી થયા. સચ્ચિદાનંદ સ્વરૂપ સૂર્યકૂળની ધ્વજારૂપ શ્રી રામચંદ્રજી મનુષ્યોની જેમ ચરિત્ર કરે છે જે સંસારરૂપી સમુદ્રને પાર ઉતરવા માટે પુલ સમાન છે.

यह सुधि गुहँ निषाद जब पाई ।
मुदित लिए प्रिय बंधु बोलाई ॥

જ્યારે નિષાદરાજ ગૃહને આ સમાચાર મળ્યા, ત્યારે આનંદિત થઈને પોતાના પ્રિયજનો અને ભાઈ-બહેનોને બોલાવી લીધા અને ભેટ આપવા ફળ, ફૂલ, મૂળ બધુ કાવડોમાં ભરીને રામજીને મળવા ચાલ્યો. તેના હૃદયમાં હર્ષનો પાર નથી. શ્રીરામજીને દંડવત કરીને સામે ભેટ મૂકીને પ્રભુને પ્રેમથી જોવા લાગ્યો. શ્રી રામજીએ પાસે બેસાડી બધાના ક્ષેમકુશળ પૂછ્યા.

नाथ कुसल पद पंकज देखें ।
भयउँ भागभाजन जन लेखें ॥

નિષાદરાજે ઉત્તર આપ્યો હે નાથ ! આપના ચરણકમળનાં દર્શનથી સર્વે કુશળ છે. હે ભગવાન ! હું આજે ભાગ્યવાન પુરુષોની ગણતરીમાં આવી ગયો. હે દેવ! આ પૃથ્વી, ધન અને ઘર બધું આપનું છે. હું તો પરિવાર સહિત આપનો તુચ્છ સેવક છું.

(ક્રમશઃ આવતા અંકમાં)

કવર સ્ટોરી



**પ્રા. હર્ષદભાઈ**
લેખક : રાજનીતિશાસ્ત્રના નિવૃત્ત પ્રાધ્યાપક અને "વંદેમાતરમ્" સાર્ધશતાબ્દિ ઉજવણી મહોત્સવ સમિતિ, ગુજરાતના સંયોજક પણ છે.

# "વંદે માતરમ્" – "જનગણમન"

## રાષ્ટ્રીયગીત અને રાષ્ટ્રગાનની દિવ્યતાને આત્મસાત કરીએ...!

૭ નવેમ્બર ૨૦૨૫ થી ૭ નવેમ્બર ૨૦૨૬નું આ સંપૂર્ણ વર્ષ ભારતીય રાષ્ટ્રીયગીત "વંદે માતરમ્"ની સંરચનાનું સાર્ધશતાબ્દિ - દોઢસોમું વર્ષ છે. તેની સુદિવ્ય પ્રેરક ઉજવણી નિમીત્તે રાષ્ટ્રીયગીત "વંદે માતરમ્" અને રાષ્ટ્રગાન "જનગણમન" સંદર્ભમાં અત્યંત પ્રેરક આવકાર્ય રાષ્ટ્રીયવિમર્શ ચાલી રહ્યો છે. આવા વ્યાપક રાષ્ટ્રીય પ્રરિપ્રેક્ષ્યમાં "ઉમાસૃષ્ટિ"ના ૧ ઓગસ્ટ ૨૦૨૬ના આ અંકમાં ૮૦માં ભારતીય સ્વાતંત્ર્યદિનના પ્રેરક પ્રસંગે પ્રસ્તુત ઉભય દિવ્યગીતો વિશેના રાષ્ટ્રીય વિમર્શના ભાગરૂપે આ લેખરૂપી વાક્યપુષ્પો "ભવાની-ભારતી" વિરાટરૂપા ભારતમાતાના સુદિવ્ય-સુસૌમ્ય-સુવત્સલ શ્રીચરણોમાં મંત્રપુષ્પાંજલિરૂપે અર્પણ કરવાનો સંતાનધર્મ - રાષ્ટ્રધર્મ - સ્વધર્મ - સ્વકર્તવ્યભાવથી પ્રેરીત આ વિનમ્ર પ્રયાસ છે...!

"રાષ્ટ્રઋષિ" બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ ૭ નવેમ્બર ૧૮૭૫ના એ ઐતિહાસિક યુગાંતરકારી - સુદિવ્ય દિવસે તેમની કીર્તિદા કાવ્યકૃતિ "વંદે માતરમ્"ની સંરચના કરી... આ સંદર્ભમાં મહાયોગી શ્રીઅરવિંદ લખે છે : "બંકિમે "વંદેમાતરમ્" ક્રાંતિમંત્ર ફૂંક્યો અને માત્ર એક જ દિવસમાં સંપૂર્ણ બંગાળ અને તેની સાથેસાથે ક્રમશઃ શેષભારતવર્ષ પણ સહસા જાગી ઉઠ્યું. "ભવાની ભારતીરૂપા" વિરાટ ભારતમાતાએ જાણે સ્વયંને પ્રગટ કરી....!" ૧૯૦૫ના "બંગભંગ વિરોધી" રાજકીય આંદોલનને, રાષ્ટ્રીય આંદોલનમાં રૂપાંતરીત કરવાનું વિરલ રાષ્ટ્રકાર્ય સ્વરાજત્રિપુટી લાલ-બાલ-પાલે સુપેરે નિભાવ્યું. પરંતુ "બંગભંગ વિરોધી" એ રાષ્ટ્રીય આંદોલનને આધ્યાત્મિક ઊંચાઈ દિવ્યત્વનો પુનઃસંસ્પર્શ આપ્યો મહાયોગી શ્રીઅરવિંદે ! કોટિકોટિ કંઠ - કોટિકોટિ ભુજાઓવાળી વિરાટરૂપા ભારતમાતા એ જ પ્રગટ દુર્ગાભવાની છે ! એવી ભારતીય રાષ્ટ્રત્વની આધ્યાત્મિક અવધારણા - સંકલ્પના - વિભાવના શ્રીઅરવિંદે પુનઃ સુપ્રતિષ્ઠ કરી !

સ્વયં શ્રીઅરવિંદે ૧૯૦૫માં 'બંગભંગ વિરોધી'એ મહાન રાષ્ટ્રીયઆંદોલનમાં પૂર્ણ સમર્પિત થવા માટે વડોદરાની સુપ્રતિષ્ઠ પ્રોફેસરીનો પરિત્યાગ કરીને 'Mother's call' 'માતાને બુલાયા હૈ' એવા સંતાનભાવથી 'મિશન કલકત્તા' માટે મહાભિનિષ્ક્રમણ કર્યું.! કલકત્તાથી પ્રગટ થતાં "વંદે માતરમ્" અખબારના તેજસ્વી કૉલમિસ્ટ તરીકે શ્રીઅરવિંદે જે દિવ્ય પ્રેરક ક્રાંતિજવાળારૂપ લેખો લખ્યાં તેનાથી જ પ્રેરાઈને ખુદીરામ બોઝ જેવા લબરમૂછિયા યુવાનોએ ફાંસીના ફંદાને વરમાળાની જેમ સસ્મિત ગળે લગાવીને 'વંદેમાતરમ્' ક્રાંતિમંત્રના ઉચ્ચારણ સાથે વીરગતિ પ્રાપ્ત કરી...! અને એ જ ક્રાંતિજ્યોત વડવાનલ અગ્નિની ધગધગતી જવાળા દાવાનળ બનીને બ્રિટીશ જુલ્મશાહીને દઝાડવા લાગી.. પરિણામે ૧૯૧૧માં જ બ્રિટીશ કુશાસકોને બંગાળના ભાગલા રદ કરવાની ફરજ થઈ પડી! બંગભૂમિની તરૂણાઈ - શેષભારતવર્ષની પણ તરૂણાઈ માટે એ વિજયપર્વ - "અભિનવ વિજયાદશમી" બની રહી..!

અહીં "ઉમાસૃષ્ટિ"ના સુજ્ઞ-સંસ્કારી-ભારતભક્ત સંનિષ્ઠ વાચકોને જરૂર પ્રશ્ન ઉઠશે કે... તો પછી ત્યારબાદ માત્ર ૩૬ વર્ષે જ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારતવર્ષ સ્વતંત્ર તો થયું, પરંતુ એ જ બંગાળના પુનઃ ભાગલાં પણ થયાં અને પુર્વબંગાળ 'પૂર્વ પાકિસ્તાન' (હાલનું બાંગ્લાદેશ)શા કારણોથી થયું ?! એટલું જ નહીં તો પશ્ચિમ ભારતના સિંધ, બલૂચિસ્તાન, પશ્ચિમ પંજાબ અને સરહદપ્રાંત (પખ્તુનિસ્તાન)જેવા અખંડ ભારતના એ ભૂપ્રદેશો પણ શા કારણોસર "પશ્ચિમ પાકિસ્તાન" બની રહ્યાં ? ! આ યક્ષપ્રશ્નના સુયોગ્ય યથાયોગ્ય પ્રત્યુત્તરના મૂળમાં "વંદે માતરમ્" રાષ્ટ્રીયગીત વિરુધ્ધનો એ કમનસીબ વિવાદ છે જેની ગહરાઈથી સમીક્ષા કરવી જ રહી..!

આ "વંદે માતરમ્" કાવ્યકૃતિ તેના સુંદરતમ સૌંદર્ય - સુદિવ્ય - સુકુમાર - સુસૌમ્ય - સુમધુર આલેખનથી વિશ્વાસાહિત્યમાં અનન્ય છે ! "જનગણમન" રાષ્ટ્રગાનના સર્જક કવીંદ્ર રવીંદ્રનાથ ઠાકુરે સ્વયં "વંદે માતરમ્" રાષ્ટ્રીયગીતનું સ્વરનિયોજન કરીને સ્વકંઠે ૧૮૯૬માં રાષ્ટ્રીય મહાસભા - કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં સર્વપ્રથમ ગાયેલું અને ત્યારથી કાંગ્રેસના પ્રત્યેક અધિવેશનમાં અને સાર્વજનિક જીવનના અનેકવિધ નાગરિક ફોરમમાં પણ "વંદે માતરમ્" - "પૂર્ણ વંદે માતરમ્"ના સમુહગાનની દિવ્ય-પ્રેરક પરંપરા શરૂ થઈ અને ઘણાં વર્ષો સુધી એ પરંપરા ચાલુ પણ રહી.

પરંતુ દરમ્યાન આપણાં જ ભારતવર્ષના એક સમુદાયવિશેષ દ્વારા, પૂર્ણ વંદેમાતમ્ સમુહગાનનો વિરોધ એ કારણસર કરવામાં આવ્યો કે, "પૂર્ણ વંદે માતરમ્"ની કુલ ૩૦ પંક્તિઓ પૈકીની ૨૨મી પંક્તિમાં "ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણી" એવું વર્ણન છે, અને અમારી આસ્થા અમને "દુર્ગામાર્તા"ની વંદના - ઈબાદત કરવાની મનાઈ ફરમાવે છે કારણ કે, એ બુતપરસ્તી - મુર્તિપુજા છે. અને અમે એ કરી શકીએ જ નહીં." આ સંદર્ભમાં કહી શકાય કે, "અમ્મા કે પૈરોં કે નીચે હી તો જન્નત હોતા હૈ !" આપણી જન્મદાત્રી માતા, જન્મભૂમિ, માતૃભૂમિ ભારતમાતાના શ્રીચરણોમાં જ સ્વર્ગ રહેલું છે ! રામજીએ સ્વયં લક્ષ્મણજીને કહેલું : 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી'.. જન્મદાત્રી માતા,

## કવર સ્ટોરી

જન્મભૂમિ, માતૃભૂમિ ભારતમાતા તો આપણાં માટે સ્વર્ગથીએ શ્રેષ્ઠ છે ! પરંતુ આપણી એ રાષ્ટ્રીય કમનસીબી રહી કે, તત્કાલીન સમુદાયવિશેષને આવી શાણીવાત - સલુકાઈપૂર્વક સમજાવીને તેમને બે હિતવચનો કહેવાનું કમનસીબે ટાળવામાં આવ્યું ! પરિણામે "વંદે માતરમ્" પૂર્ણ "વંદે માતરમ્ની કુલ ૩૦ પંક્તિઓમાંથી પ્રારંભની માત્ર આઠ જ પંક્તિઓનું સમહુહગાન કરવાનું સ્વીકારવામાં આવ્યું..! આ રીતે પહેલાં પૂર્ણ વંદે માતરમ્ રાષ્ટ્રીયગીતના ટૂકડાં કરવાનું સ્વીકાર્યું.. જે આગળ જતાં દેશના પણ ટૂકડાં થવાનું કમનસીબ કારણ પણ બની રહ્યું...!

આ સંદર્ભમાં ભારતીય ઇતિહાસ સાક્ષી છે કે તત્કાલિન દેશનેતૃત્વ દ્વારા એ સમુદાયવિશેષની અયોગ્ય માંગણી સામે નમતું જોખીને આપણે હાથે જ આપણે "દેશવિભાજન"ના વિષવૃક્ષનું વાવેતર કર્યું.! અને ૧૯૪૭માં તેના કડવા ફળ ચાખવા પણ પડ્યાં ! પરિણામે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના સુમંગલ પ્રભાતે, ભારતીય સ્વાતંત્ર્યનો સૂર્યોદય તો થયો, પરંતુ એ સ્વાતંત્ર્ય સૂર્યોદયને મઝહબી આધાર ઉપર થયેલ અખંડભારતના દેશવિભાજનરૂપી રાહુએ ખગ્રાસ ઉદિત સૂર્યગ્રહણની વિષાક્ત કાલિમા લગાવી ! પેલું ભૌતિક ખગ્રાસ સૂર્યગ્રણ તો કલાકોમાં જ વિલીન થાય છે, પરંતુ આ દેશવિભાજનનું ખગ્રાસ સૂર્યગ્રહણ તો ભારતીય સ્વાતંત્ર્યના ૭૯માં વર્ષે પણ છુટતું નથી ! આથી વિશેષ રાષ્ટ્રીય કારૂણિકા અન્ય કઈ હોઈ શકે ?! આ સંદર્ભમાં વિશ્વના સહુથી મોટી સંખ્યા ધરાવતા મુસ્લીમરાષ્ટ્ર ઈન્ડોનેશીયાનું પ્રેરક ઉદાહરણ આપણી સમક્ષ જ્વલંત છે. એ મુસ્લીમ રાષ્ટ્રના નાયકોના સંસ્કૃત તત્સમ નામો "સુકર્ણો-સુહર્તો" હોય છે? ત્યાંના ભારતીયમૂળના શીલ્પ-સ્થાપત્યના બેનમુન મંદિરો માટે, એ મુસ્લીમરાષ્ટ્ર ઈન્ડોનેશિયા ગૌરવ પણ લે છે. અને પોતાની સદીઓ પુરાણી ભારતીયમૂળની મંદિર પરંપરા-સભ્યતા-સંસ્કૃતિના સંરક્ષણ - સંવર્ધન માટે ગૌરવ પણ લે છે ! આ સંદર્ભમાં ઉપર્યુક્ત સમુદાયવિશેષ એવા આપણાં ફેલોસિટીજન્સ - સહપંથી ભાઈજાનોને ઈન્ડોનેશીયામાંથી પ્રેરણા લેવાના બે હિતવચનો કહી શકાય ?! "સર તન સે જુદા"નો ખતરો આજે પણ સહુને સતાવે છે!

વાસ્તવમાં પ્રત્યેક રાષ્ટ્રની એક સામુહિક વિશિષ્ટ ચેતના હોય છે. સદીઓના સહજીવનમાંથી ઉત્પન્ન સભ્યતા સંસ્કૃતિના પરિશીલન દ્વારા પ્રત્યેક રાષ્ટ્રનું એક "ભાવાવરણ" Ethos સર્જાય છે. ઉદાહરણ તરીકે આપણે ત્યાં કોઈ પણ શુભારંભ માટે અમુક કાર્યના આપણે 'શ્રીગણેશ' કર્યા એમ આપણે કહીએ છીએ. આપણા પરિવારમાં દીકરીનો જન્મ થાય એટલે આપણે સ્નેહ, સન્માન, આવકારભાવથી આનંદીત થઈને કહીએ છીએ. 'આપણાં પરિવારમાં તો લક્ષ્મીજી પધાર્યા !' હું અમુક વ્યક્તિને નખ-શીખ ઓળખું છું. વ. આ પ્રકારના શ્રીગણેશ, લક્ષ્મીજી કે નખશીખ (પગથી માથા સુધી !) જેવા શબ્દપ્રયોગોએ આપણી સભ્યતા - સંસ્કૃતિમૂલક શબ્દપ્રયોગો સદીઓના સહજીવનમાંથી બોલચાલમાં રૂઢ થતાં હોય છે. એ શબ્દોને કોઈ જ ધર્મ - મજહબ - નાત - જાત સંપ્રદાયવિશેષ સાથે જરા પણ લેવા દેવા નથી !

આ જ સંદર્ભમાં પૂર્ણ વંદેમાતરમ્ રાષ્ટ્રીયગીતમાં સુવર્ણિત "દુર્ગામાતા", "કમલામાતા" વાણી વિદ્યાદાયિની સરસ્વતીમાતા એ આપણી અધ્યાત્મમૂલક સંસ્કૃતિ આપણાં ભાવવિશ્વના પ્રસન્ન - પ્રેરક શબ્દપ્રયોગો છે ! તેને વ્યક્તિગત ઉપાસના પદ્ધતી કે નિજીઆસ્થા સાથે કોઈ જ લેવા દેવા નથી. "'વંદે માતરમ્માં તુમિ વિદ્યા, તુમિ ધર્મ" શબ્દ પ્રયોગ છે. જેનો વિરલ પ્રાસાદિક અંગ્રેજી અનુવાદ શ્રીઅરવિંદે એવો કર્યો છે કે વિદ્યા એ પદવી ડિગ્રી ઉપાધી માત્ર નથી. વિદ્યા એટલે જ્ઞાન - શાણપણ ! ધર્મ એટલે માત્ર ઉપાસના પદ્ધતીથીએ પર એને ઉપર સદાચરણ - સ્વકર્તવ્ય - સ્વધર્મ- ભારતમાતા પ્રત્યેનો આપણો "સંતાનધર્મ", રાષ્ટ્રધર્મ, "નાગરિકધર્મ" બાહ્ય નિયંત્રણને સ્થાને આત્મસંયમ શાસનથીએ આગળ નાગરિકોનું સુદિવ્ય અનુશાસન!

હવે વાત કરીએ "જનગણમન" રાષ્ટ્રગાન National Anthemની કવીંદ્ર રવીંદ્રનાથ ઠાકુર સુરચિત 'જનગણમન' કાવ્યકૃતિ વિશે 'જનગણમન' કાવ્યકૃતિમાં કુલ ૩૧ પંક્તિયો છે. તેની પ્રારંભની માત્ર સાત પંક્તિઓનું જ સમુહગાન થાય છે. પરંતુ પૂર્ણ જનગણમન ગીત અંગે કોઈ ધર્મ -મઝહબનો વિવાદ નથી. જો કે કેટલાંક લોકો કહે છે કે : "જનગણમન કાવ્યમાં ભારત ભાગ્ય વિધાતા" શબ્દ પ્રયોગ છે તે તત્કાલિન બ્રિટીશ રાજવી પંચમ જ્યોર્જના સન્માનમાં લખાયેલ છે." પરંતુ સ્વયં શ્રી રવીન્દ્રનાથજીએ પત્ર પાઠવીને તેનું ખંડન કર્યું છે.

"વંદે માતરમ્"ને બદલે જનગણમન કાવ્યકૃતિને સ્વતંત્રભારતના 'રાષ્ટ્રગાન' તરીકે અધિકૃત સરકારી મંજુરીની મહોર આપતી વેળાયે પં. જવાહરલાલ નેહરુજી એવી વાત કરી છે કે; "વંદે માતરમ્" ને બદલે સરકારી અધિકૃત સમારંભમાં મિલીટરી બેન્ડની ધૂન વગાડવામાં જનગણમન વધુ સરળ છે." જો કે તત્કાલિન સંગીત વિશેષજ્ઞ માસ્ટર કૃષ્ણરાવે વંદેમાતરમ્ને મિલીટરી બેન્ડની ધુન સાથે સંવિધાનસભામાં પ્રસ્તુત કર્યું. છતાંયે વંદેમાતરમ્ને બદલે જનગણમન સ્વીકારાયું !

"વંદે માતરમ્માં જો "દુર્ગામાતા", "કમલામાતા"નું દિવ્ય વર્ણન છે. તો "જનગણમન" કાવ્યમા તો તેની કુલ ૩૧ પંક્તિમાંથી ૧૪ થી ૧૭ પંક્તિઓમાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનનું જ દિવ્ય આસ્વાદ્ય વર્ણન છે ! "હે ચિરસારથિ, તવ રથચક્રે, તવ શંખધ્વનિ બાજે !" આ તો મહાભારત યુદ્ધના પાર્થસારથી યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણનું જ દિવ્ય વર્ણન છે! આ સંદર્ભમાં ભારતીય સ્વાતંત્ર્યના ૭૯મા વર્ષે અને "વંદે માતરમ્" રાષ્ટ્રીય ગીતના દોઢસોમાં પ્રેરક દિવ્યવર્ષે આપણે આપણાં તમામ સંકીર્ણ મનોભાવોને તિલાંજલિ આપીને, આપણે સહુકોઈ આ ઉભય દિવ્ય પ્રેરક ગીતો **"ભારતીય રાષ્ટ્રગીત" વંદે માતરમ્ અને ભારતીય રાષ્ટ્રગાન "જનગણમન"ને પ્રેમપૂર્વક સાથે મળીને ગાઈએ !** પ્રત્યેક સરકારી - સ્વૈચ્છિક નાગરિક સમારંભના શ્રીગણેશ "પૂર્ણ વંદેમાતરમ્" સમુહગાનથી કરીએ અને આ પ્રકારના સમારંભોનું સમાપન રાષ્ટ્રગાન "જનગણમન"ના સમુહગાનથી કરીએ. શું રાષ્ટ્રચેતનાની દિવ્ય અનુભુતિ કરાવતા એ બંને દિવ્યગીતોના સમુહગાન માટે આપણે પ્રારંભમાં અને સમાપનમાં કુલ મળીને ૪ થી ૫ મિનીટો ફાળવી ન શકીએ ?! ચાલો આપણે સ્નેહ પૂર્વક સમૂહમાં ૮૦મો સ્વાતંત્રદિન હૃદયના ઉમંગથી ઉજવીએ?!

**સ્વાતંત્ર્ય લક્ષ્મી કી જય વંદે વિશ્વ માતરમ્**

મો. ૯૪૨૭૬ ૨૬૪૯૯ - ગાંધીનગર

# વિશ્વ ઉમિયા ઈન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઈઝેશન એન્ડ સોશિયલ નેટવર્ક VIBOSનું લોન્ચિંગ










વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલના માર્ગદર્શન હેઠળ યુવા સશક્તિકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને વેપાર-ઉદ્યોગ તેનો એક મહત્વનો ભાગ છે. આ પહેલ અંતર્ગત તા. ૧૮ જુલાઈ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા VIBES અને VBN ની ભવ્ય સફળતા બાદ એક નવું પ્રીમિયમ બિઝનેસ પ્લેટફોર્મ 'વાઇબોસ' (VIBOS - વિશ્વ ઉમિયા ઇન્ટરનેશનલ બિઝનેસ ઓર્ગેનાઇઝેશન એન્ડ સોશિયલ નેટવર્ક) શરૂ કરવામાં આવ્યું.

આ ઐતિહાસિક પ્રસંગે ગુજરાત રાજ્યના **માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહી VIBOSનું લોન્ચિંગ કર્યું હતું. સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ, VIBOS ના મેન્ટર શ્રી ચિરંજીવ પટેલ, ચેરમેનશ્રી ધ્રુવિક પટેલ તેમજ કોર ટીમના સભ્યો શ્રી ચિરાગ પટેલ, શ્રી સંકેત પટેલ, શ્રી દિવ્યેશ ભિમાણી, શ્રી કપિલ પટેલ, શ્રી દર્શક રાઠોડ, શ્રી મહેશ પટેલ અને શ્રી સુરેશ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ VIBOSના વિઝનને બિરદાવતા જણાવ્યું કે ગુજરાત દેશનું અગ્રણી ઔદ્યોગિક રાજ્ય છે અને આવી પહેલો માત્ર બિઝનેસને જ નહીં પરંતુ રોજગારી, ઇનોવેશન અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને પણ નવી દિશા આપે છે. તેમણે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સમાજલક્ષી અને રાષ્ટ્રલક્ષી કાર્યોની પ્રશંસા કરી અને VIBOS ને વૈશ્વિક સ્તરે સફળતા મળે તેવી મનોકામના વ્યક્ત કરી. વિશ્વ ઉમિયાધામના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબે જણાવ્યું હતું કે આ પ્લેટફોર્મ ઉદ્યોગપતિઓને માત્ર વ્યવસાયિક જોડાણ નહીં, પરંતુ સામાજિક જવાબદારી અને મૂલ્ય આધારિત વિકાસ માટે પણ એક મંચ પુરું પાડશે.

## ધર્મ સૃષ્ટિ



**શ્રી ભાણદેવજી**
લેખક જાણીતા સાધક, યોગાચાર્ય અને કથાકાર છે.
સરસ્વતી નિકેતન આશ્રમ - જોધપર (નદી), મોરબી

# ભગવાન શ્રીરામના અશ્રુબિંદુ



અયોધ્યાના રાજમહેલના વિશાળ પ્રાંગણમાં રમતોત્સવ મંડાયો છે. રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન તો છે જ. સુમંતના પુત્ર વિનંત અને અન્ય અનેક બાળકો પણ આ રમતોત્સવમાં સામેલ થયા છે. બે ટુકડીઓ પડી છે. એક ટુકડીના નેતા છે શ્રીરામ અને બીજી ટુકડીના નેતા છે, ભરત !

રમત બરાબર જામી છે. મહેલની અગાશીમાં, પ્રાંગણની ચારેય બાજુએ દર્શકોનાં ટોળાં એકઠાં થયાં છે. મહેલના ઝરૂખામાંથી મહારાજ દશરથ, કૌશલ્યાજી, સુમિત્રાજી, ઊર્મિલાજી અને વસિષ્ઠ-મહારાજ પણ આ રમતોત્સવ જોઈ રહ્યાં છે, માણી રહ્યાં છે.

ચારેય બાજુથી હાકોટા-પડકારા થઈ રહ્યા છે. "શાબાશ, રામ !", "શાબાશ, ભરત !", "સાવધાન, લક્ષ્મણ !" "વિજય ! વિજય ! વિજય આપણો જ છે." આવા શબ્દો બંને પક્ષના ખેલાડીઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. રમત ખૂબ જામી છે અને બંને પક્ષો પોતાના વિજય માટે દિલજાનથી પ્રયત્નો કરી રહ્યા છે. આખરે રમત પૂરી થઈ. એક પક્ષનો વિજય થયો અને અન્ય પક્ષની હાર થઈ છે. વિજય કોનો થયો છે ? વિજય તો શ્રીરામનો જ હોય ને! ખેલાડીઓ થાકેલા છતાં શાંત અને સ્વસ્થ છે. દર્શકો હર્ષની ચિચિયારીઓ કરી રહ્યાં છે.

ભરતજી એક ખૂણામાં એક વૃક્ષ નીચે ઊભા છે. કાંઈક ગમગીન છે. તેમની આંખોમાંથી અશ્રુ સ્રવી રહ્યાં છે. શ્રીરામ દૂરથી જુએ છે, ભરત ગમગીન જણાય છે. શ્રીરામ લક્ષ્મણજીને પૂછે છે : "લક્ષ્મણ ! શું છે ?", "બંધુ ! ભરત રુદન કરે છે !" "કેમ ?" "જાણ નથી." પ્રભુ રામ દોટ મૂકે છે અને ભરતજીને બાથમાં લઈ લે છે.

પ્રભુ રામ ભરતજીને પૂછે છે : "ભરત ! કેમ રડે છે, ભાઈ ?" ભરતજી કાંઈ ઉત્તર આપતા નથી. હા, તેમની આંખોમાંથી અશ્રુ સ્રવી રહ્યાં છે. શ્રીરામ શત્રુઘ્નને પૂછે છે : "શત્રુઘ્ન ! ભરત કેમ રડે છે ? તું જ કહે, ભાઈ !"

આખરે નાછૂટકે શત્રુઘ્ન ઉત્તર આપે છે : "અમે હારી ગયા ને એટલે ! એટલે ભરતભાઈની આંખોમાં આંસુ આવી ગયાં !" "હારનું દુઃખ અને હારના દુઃખનાં આંસુ ! મારું વચન છે, ભરત ! મારા ભાઈ ! મારું વચન છે, હવેથી કદી મારો ભાઈ ભરત હારશે નહીં ! હું જ હારીશ અને ભરત - હા, ભરત જ જીતશે !'' બંને શાંત છે. ભગવાન શ્રીરામનાં ચક્ષુઓમાંથી અશ્રુબિંદુ સરી રહ્યાં છે ! ગહન શાંતિ ! અને પછી, ભગવાન ભરતજીનાં અશ્રુબિંદુ પોતાના ઉપવસ્ત્રથી લૂછી રહ્યા છે અને ભરતજી પોતાના ઉપવસ્ત્રથી ભગવાનનાં અશ્રુબિંદુ લૂછી રહ્યા છે. અને પછી ? સ્મિત ! બંનેનાં મુખ પર સ્મિત !

**(૨)** ઋષિ વિશ્વામિત્રનો યજ્ઞ ચાલી રહ્યો છે. અસુરો વિઘ્નો નાખે છે. યજ્ઞની રક્ષા માટે વિશ્વામિત્ર મહારાજ દશરથ પાસે અયોધ્યા આવે છે. ઋષિ પોતાના યજ્ઞની રક્ષા માટે મહારાજ દશરથ પાસે ભગવાન શ્રીરામ અને લક્ષ્મણની માગણી કરે છે. મહારાજ દશરથ યજ્ઞની રક્ષા માટે સેનાસહિત પોતે આવવા તૈયાર થાય છે, પરંતુ રામ-લક્ષ્મણને મોકલવા માટે તેમનો જીવ ચાલતો નથી. પરંતુ વિશ્વામિત્રજીની હઠ છે : શ્રીરામ અને લક્ષ્મણને જ યજ્ઞરક્ષા માટે મોકલો. આખરે વસિષ્ઠ-મહારાજની સલાહથી મહારાજ દશરથ વિશ્વામિત્ર સાથે શ્રીરામ-લક્ષ્મણને મોકલવા સંમત થાય છે અને તદ્નુસાર શ્રીરામ- લક્ષ્મણ વિશ્વામિત્રજી સાથે તેમના આશ્રમે જવા માટે પ્રસ્થાન કરે છે.

પદયાત્રા ચાલે છે. રસ્તામાં 'તાટકા' નામની એક અસુર સ્ત્રી મળે છે. ઘણાં વખતે માનવશરીરરૂપી ભક્ષણ મળ્યું છે, તેમ જોઈને તે રાજી થઈ અને રામ-લક્ષ્મણ-વિશ્વામિત્ર પર આક્રમણ કરવા તત્પર થઈ છે. થોડી વાર તો રમત ચાલે છે, પરંતુ આખરે વિશ્વામિત્રજીની સૂચનાથી ભગવાન શ્રીરામ એક બાણ છોડે છે અને...

**एकहिं बान प्रान हरि लीन्हा । दीन जानि तेहि निज पद दीन्हा ॥**

આમ તાટકા તો રામચરણ પામે છે. પરંતુ ભગવાન શ્રીરામને દુઃખ થાય છે અને તેમનાં ચક્ષુમાંથી અશ્રુબિંદુ સરી પડે છે. ભગવાનની આંખમાં આંસુ જોઈને વિશ્વામિત્રજીને આશ્ચર્ય પણ થાય છે અને દુઃખ પણ થાય છે. વિશ્વામિત્રજી ભગવાનને પૂછે છે : "રામ ! તમારી આંખમાં આંસુ ! કેમ ? શું થયું ?"

મેં ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કર્યો છે. અમે ક્ષત્રિયો સ્ત્રીઓ પર હાથ ન ઉપાડીએ અને મારે પ્રારંભમાં જ આ સ્ત્રીની હત્યા કરવી પડી !' ...અને ભગવાનનાં ચક્ષુમાંથી વધુ એક અશ્રુબિંદુ સરી પડે છે. હવે વિશ્વામિત્રજી

# ધર્મ સૃષ્ટિ

કહે છે : “પ્રભુ રામ ! આપના હાથે આ સ્ત્રીની હત્યા થઈ નથી, પરંતુ તેનો ઉદ્ધાર થયો છે. તેની તો સદ્ગતિ જ થઈ છે.” લક્ષ્મણજી પ્રભુ રામની આંખનાં આંસુ પોતાના ઉપવસ્ત્રથી લૂછે છે. બંનેનાં મુખ પર સ્મિત અને યાત્રા આગળ ચાલે છે.

**(૩)** ભગવાન શ્રીરામના રાજ્યાભિષેકની તૈયારી થાય છે, પરંતુ નિયતિના નિયંતા કાંઈક બીજું ઇચ્છે છે. તદ્નુસાર ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને ભગવતી સીતાજી વનવાસ માટે પ્રસ્થાન કરે છે.

ભગવતી સીતાજીનાં ચરણો શિરીષનાં પુષ્પ જેવાં કોમળ અને કંકુવર્ણાં છે. આવાં અતિ કોમળ ચરણોથી, પદત્રાણ વિના જ સીતાજી ચાલી રહ્યાં છે. હજુ તો અયોધ્યાના પાદરથી થોડાં જ આગળ ચાલ્યાં છે. ભગવતી સીતાજી પ્રભુ રામને પૂછે છે : “પ્રભુ! વન આવી ગયું ? વન હજુ કેટલું દૂર છે ? ભગવન્ ! વન હજુ કેટલું દૂર છે ?”

ભગવતી સીતાજીના આ શબ્દો સાંભળીને ભગવાન શ્રીરામની દૃષ્ટિ તેમનાં ચરણો પર પડી અને ભગવાનની આંખમાંથી અશ્રુબિંદુ સરી પડ્યાં. લક્ષ્મણજી ભગવાનનાં આંસુ પોતાના ઉપવસ્ત્રથી લૂછે છે અને વનયાત્રા આગળ ચાલે છે.

**(૪)** ભગવાન શ્રીરામનો વનવાસ ચાલે છે. ભગવાને હવે લક્ષ્મણજી અને સીતાજી સાથે ચિત્રકૂટમાં નિવાસ કર્યો છે. સુમંત અયોધ્યા પાછા ફરે છે - શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીને લીધા વિના જ. સુમંત રામને લીધા વિના જ પાછા આવે છે અને રામ તો હવે વનમાં ચૌદ વર્ષ રહેશે - આ સમાચાર સાંભળીને શ્રીરામના વિયોગમાં ‘રામ... રામ...’નું રટણ કરતાં- કરતાં મહારાજ દશરથ દેહત્યાગ કરે છે. મોસાળથી ભરત આવે છે. મહારાજ દશરથના અગ્નિસંસ્કાર થાય છે. ભરત, શત્રુઘ્ન, કૌશલ્યાજી, સુમિત્રા, કૈકેયી, મહારાજ વસિષ્ઠ અને નગરજનો ભગવાન શ્રીરામને અયોધ્યા પાછા લઈ આવવા માટે ચિત્રકૂટ જાય છે.

ભગવાન શ્રીરામ ત્રણેય માતાઓના કંકણહીન હાથ જુએ છે. રામ તો રામ છે. તેઓ બધું જ સમજે છે. વસિષ્ઠ મહારાજ શ્રીરામને કહે છે : “મહારાજ સ્વધામ ગયા !” કેવી રીતે ? “આપના વિયોગમાં અને આપના નામનું રટણ કરતાં-કરતાં મહારાજે દેહત્યાગ કર્યો છે.” “મારા વિયોગમાં અને મારા નામનું રટણ કરતાં- કરતાં પિતાજીએ દેહત્યાગ કર્યો છે! ‘ભગવાન રામની આંખો અશ્રુબિંદુઓથી છલકાઈ ગઈ. આવા સમયે ભગવાનને કોણ આશ્વાસન આપે ? તેમનાં અશ્રુબિંદુઓ કોણ લૂછે ?

**(૫)** ભરતજીના હૃદયમાં પરિતાપ છે, વેદના છેઃ મારા કારણે ભગવાનને વનવાસમાં જવું પડ્યું ! પોતાનો કોઈ દોષ ન હોય, છતાં દુનિયા જેને દોષ વિના જ દોષપાત્ર ગણે તેની તે વેદના બહુ આકરી હોય છે. ભરતજી આવી આકરી વેદના અનુભવી રહ્યા છે. ભરતના હૃદયમાં તીવ્ર ભાવના છે : પ્રભુ રામ અયોધ્યા પધારે અને અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન થાય અને તે માટે જીવનભર વનવાસ કરવા માટે પણ ભરતજી તૈયાર છે. ચિત્રકૂટમાં અનેક સભાઓ થઈ છે, અનેક સંવાદો થયા છે, ખૂબ ચર્ચા-વિચારણા થઈ છે, પરંતુ આખરે તો જે થવાનું હતું તે જ થયું.

**નિર્ધારિત થયું :** ભગવાન શ્રીરામ, લક્ષ્મણજી અને સીતાજી ચૌદ વર્ષ વનમાં રહે. ચૌદ વર્ષ સુધી ભરત-શત્રુઘ્ન રાજવહીવટ સંભાળે. ચૌદ વર્ષ સુધી ભગવાન રામની પાદુકા અયોધ્યાના રાજસિંહાસન પર બિરાજમાન થાય. ચૌદ વર્ષ પૂરાં થયે ભગવાન શ્રીરામ અયોધ્યા પધારે અને રાજસિંહાસન પર બિરાજમાન થાય.

ભગવાન શ્રીરામ ભરતજીને પોતાની ચરણપાદુકા આપે છે. ભરતજી પાદુકાને મસ્તક પર ધારણ કરે છે. પાદુકાને મસ્તક પર ધારણ કરીને રુદન કરતાં- કરતાં ભરતજી અને સૌ અયોધ્યા તરફ પ્રસ્થાન કરે છે.

**ભગવાન શ્રીરામના હૃદયનો ભાવ આવો છે :** મારો ભરત વિના વાંકે દુઃખી છે. મારા ભરતની ઇચ્છા હું પૂરી ન કરી શક્યો. પિતાવચનનું પાલન કરવા માટે મારે ભરતની ભાવનાનો સ્વીકાર છતાં અસ્વીકાર કરવો પડ્યો. મારો ભરત રુદન કરતાં- કરતાં પરત જઈ રહ્યો છે !

....અને ભગવાન શ્રીરામનાં ચક્ષુમાંથી અશ્રુબિંદુઓ સરી પડ્યાં.

ભગવતી સીતાજી અને લક્ષ્મણજી આ દૃશ્ય જોઈને દ્રવી ગયાં. કોઈ કાંઈ બોલતું નથી. શું બોલે ? કોણ બોલે ?

**(૬)** હવે પ્રભુ રામ સીતાજી અને લક્ષ્મણજી સાથે પંચવટીમાં નિવાસ કરે છે. શૂર્પણખા અશિષ્ટ વ્યવહાર કરે છે. શૂર્પણખાનાં નાક-કાન કપાય છે. ખર-દૂષણ અને ત્રિશિરા આદિ અસુરોનો વધ થાય છે. શૂર્પણખા રાવણ પાસે જાય છે અને રાવણને સીતાજીના હરણ માટે ઉશ્કેરે છે. મારીચને સુવર્ણમૃગ બનાવીને અને પોતે સાધુવેશ ધારણ કરીને રાવણ સીતાજીનું હરણ કરવા માટે પંચવટીમાં જાય છે. સીતાજી લક્ષ્મણરેખા ઓળંગે છે અને રાવણ સીતાજીનું હરણ કરી જાય છે.

મારીચનો વધ કરીને ભગવાન શ્રીરામ લક્ષ્મણજીની સાથે પંચવટી પર આવે છે. અરે ! હા ! આ શું ? પંચવટીમાં સીતાજી નથી ! સમજી લીધું : કોઈ અસુર સીતાજીનું હરણ કરી ગયો છે ! અને પછી તો ભગવાન શ્રીરામનું રુદન શરૂ થાય છે. અહીં ભગવાન શ્રીરામનાં ચક્ષુમાંથી માત્ર બે અશ્રુબિંદુ નથી ટપકી પડતાં, અહીં અપરંપાર રુદન થાય છે. ભગવાન શ્રીરામ સીતાજીને યાદ કરીને અપરંપાર રુદન કરે છે, અને ‘હા સીતે ! હા સીતે !’ કહીને ઉન્મત્તવત્ પ્રલાપ કરે છે ! વૃક્ષો, વેલીઓ અને પથ્થરો પણ દ્રવી જાય તેવું આ કરુણ રુદન છે! આખરે લક્ષ્મણજી પ્રભુ રામને આશ્વાસન આપે છે અને તેમને શાંત કરે છે.

**(ક્રમશઃ આવતા અંકમાં)**

ધર્મ સૃષ્ટિ



**પ્રો. ડો. જે. એમ. પનારા**
તંત્રીશ્રી "ઉમાસૃષ્ટિ" સામયિક, VUF અમદાવાદ
પૂર્વ પ્રિન્સિપાલ - કણસાગરા મહિલા કોલેજ - રાજકોટ
પૂર્વ NSS કો-ઓર્ડિનેટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

# રક્ષાબંધન : ભાઈ-બહેનના પ્રેમનો સંદેશ

**પ્રસ્તાવના :** આપણા દેશમાં ભાઇ-બહેનની પ્રીતના પ્રતીક સમા મુખ્ય બે તહેવારો ઉજવાય છે, એક રક્ષાબંધન અને બીજો ભાઇબીજ. શ્રાવણી પૂર્ણિમાએ આવતો આ તહેવાર અનેરૂં મહત્વ ધરાવે છે. શ્રાવણી પૂર્ણિમા ત્રણ વિશિષ્ટ તહેવારોનો સંગમ છે. ભાઇ-બહેનનો રક્ષાબંધનનો ઉત્સવ, બ્રાહ્મણ દેવતાઓને જનોઇ બદલવાનો ઉત્સવ અને સમદ્ર પૂજનનો ઉત્સવ. સમગ્ર ભારત વર્ષમાં ઉજવાતા આ તહેવારનું આપણી સંસ્કૃતિએ ખૂબ મહિમાગાન કર્યું છે. રક્ષાબંધનનો આ પવિત્ર તહેવાર સમગ્ર દેશ અને સમાજમાં ખૂબજ હર્ષ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. ભારતના તમામ તહેવારો પાછળ એક ઇતિહાસ છે તેમ રક્ષાબંધનની પાછળ પણ એક ઇતિહાસ છે.

**ઇન્દ્રદેવ અને ઇન્દ્રાણીની વાર્તા :** ભવિષ્ય પુરાણની કથા અનુસાર પ્રાચીન સમયમાં દેવો અને દાનવોનું બાર વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું હતું. દૈત્યોએ દાનવોને જીતી લીધા હતાં. ત્યારે ઇન્દ્રએ દેવગુરૂ બૃહસ્પતિ પાસે જઇને પોતાની મુશ્કેલી જણાવી. ત્યાં બેઠેલા ઇન્દ્રાણીએ આ આખી વાત સાંભળી અને ઇન્દ્રને કહ્યું ''આવતી કાલે શ્રાવણી પૂર્ણિમા છે, ત્યારે હું આપને રેશમના દોરાની રાખડી બાંધીશ, જેથી આપને કોઇ જીતી શકશે નહીં.'' પૂર્ણિમાએ ઇન્દ્રાણીએ ઇન્દ્રના જમણા હાથે રક્ષા પોટલી બાંધી. ત્યારબાદ ઇન્દ્રદેવ ઐરાવત હાથી ઉપર સવાર થઇને યુદ્ધ કરવા ગયા. તેણે સર્વ રાક્ષસોને હરાવી ત્રણેય લોક કબજે કર્યાં. ત્યારથી રક્ષાબંધનના તહેવારનો પ્રારંભ થયો. આ પરંપરાને અનુસરીને પ્રાચીન સમયમાં યુદ્ધમાં જતા રાજા અને સૈનિકોના હાથમાં તેમની પત્ની અને બહેનો રાખડી બાંધતી હતી, જેથી તે કુશળતા પૂર્વક પરત ફરી શકે.

**ભગવાન શ્રીકૃષ્ણ અને દ્રૌપદીની વાર્તા :** રાખડી સાથે જોડાયેલી સૌથી પ્રાચીન વાર્તા ભગવાન શ્રીકૃષ્ણ અને દ્રૌપદીની છે. સુદર્શન ચક્રથી શિશુપાલનો વધ કરતાં સમયે ભગવાન શ્રીકૃષ્ણને આંગળીમાં ઇજા થઇ હતી. લોહી વહેવા લાગ્યું હતું. આ સમયે દ્રૌપદીએ પોતાની રેશમની સાડી ફાડીને તેના તારથી ભગવાન શ્રીકૃષ્ણને પાટો બાંધી આપ્યો હતો અને લોહીને વહેતું રોકી દીધું હતું. આ સમયે શ્રીકૃષ્ણએ પંચાલીને વચન આપ્યું હતું કે, મુશ્કેલીના સમયમાં તે હંમેશા તેની મદદ કરશે. દુઃશાસન દ્વારા દ્રૌપદીના ચીર હરણ સમયે દ્રૌપદીની લાજ બચાવીને ભગવાને પોતાનું વચન પૂર્ણ કર્યું. શ્રીકૃષ્ણએ ૧૦૦૮ સાડીઓ પહેરાવીને લાજ બજાવી હતી.

મહાભારતમાં આવેલાં એક પ્રસંગ મુજબ યુધિષ્ઠર કૃષ્ણ પાસે જઇને પોતાના સંકટોને દૂર કરવાનો ઉપાય પૂછે છે, ત્યારે ભગવાન પાંડવો તથા તેની સેનાની રક્ષા માટે રાખડી બાંધવાની સલાહ આપે છે. શ્રીકૃષ્ણ કહે છે કે, ''રેશમના તાંતણામાં જે તાકાત છે તેનાથી જીવનની તમામ આપત્તિઓ દૂર થઇ જાય છે.'' આ વાતના અનુસંધાને માતા કુંતીએ વીર અભિમન્યુને રાખડી બાંધી હતી. જો કે તેની સાથે થયેલા છળ-કપટથી રાખડી છૂટી ગઈ અને તે મૃત્યુને ભેટયો હતો.

**વેદો અને પુરાણોમાં રક્ષાબંધનના પવિત્ર પ્રસંગો :** પૌરાણિક કથા અનુસાર વિષ્ણુ ભગવાન વામન અવતાર લઇને અસુરોના રાજા બલિરાજાની શરત મુજબ પાતાળમાં બલિરાજાના છડીદાર થઇને રહેવા માટે તૈયાર થઇ ગયા. વિષ્ણુની અનુપસ્થિતિથી વૈકુંઠમાં અંધકાર છવાઇ ગયો. આ પરિસ્થિતિથી લક્ષ્મીજી ખૂબજ દુઃખી થયા. વિષ્ણુને આ પરિસ્થિતિમાંથી મુક્ત કરાવવા માટે બલિરાજાને પોતાના ભાઇ બનાવી તેના કાંડે રક્ષા બાંધી. બલિરાજાએ તેને વરદાન માંગવા કહ્યું. લક્ષ્મીજીએ વરદાનમાં શ્રીહરિ (વિષ્ણુ)ની મુક્તિ માંગી. બહેનની માંગણી મુજબ બલિરાજાએ શ્રીહરિને મુક્ત કર્યાં.

**સમ્રાટ હુમાયુ અને રાણી કર્ણાવતી :** મધ્યયુગના ઇતિહાસમાં રાજપૂતોને મુસલમાનો તથા અન્ય રાજાઓ સાથે યુદ્ધ થતાં હતાં. એકબીજાનું રાજ્ય લઇ લેવા માટે ભયંકર લડાઇ થતી હતી. તે સમયે ચિતોડની રાણી કર્ણાવતી હતા, જે એક વિધવા રાણી હતા. ગુજરાતના સુલતાન બહાદુર શાહે તેના રાજ્ય પર હુમલો કર્યો. રાણીએ પોતાનું રાજ્ય બચાવવા માટે હુમાયુને ભાઇ માનીને રાખડી મોકલી. હુમાયુએ બહાદુર શાહને હરાવી રાણી કર્ણાવતીના રાજ્યની રક્ષા કરી અને રાખડીની લાજ રાખી. આમ રાખડી રક્ષાનું પ્રતીક બની ગઇ.

**એલેકઝાંડર અને પુરુ રાજાનો પ્રસંગ :** એલેકઝાંડરે ભારતના પુરુ રાજા પર આક્રમણ કર્યું. પુરુની પ્રચંડ તાકાતથી તે ખૂબજ વિચલિત થઇ ગયો હતો. આ સમયે એલેકઝાંડરની પત્ની ખૂબ ચિંતિત થઇ હતી. તેણે રક્ષાબંધના પર્વને ધ્યાનમાં લઇને પુરુ રાજાને રાખડી મોકલી, અને ભાઇ-બહેનના સંબંધ બાંધ્યા અને સુરક્ષિત રીતે યુદ્ધની સમાપ્તિ થઇ. આવી ઘણી ઐતિહાસિક અને પૌરાણિક કથાઓ છે, જે રક્ષાબંધન અને

ભાઇ-બહેનના સંબંધના મહત્વને દર્શાવે છે. આ પવિત્ર તહેવારને સમગ્ર દેશમાં અલગ-અલગ રીતે ઉજવવામાં આવે છે, પરંતુ મૂળ ભાવના એક જ છે. રાજસ્થાનમાં રામ રાખડી, લુંબા રાખડી કે ચૂડા રાખડી બાંધવાનો રિવાજ છે, જે પરંપરાગત રાખડીથી થોડી અલગ હોય છે. ચૂડા રાખડી અને લુંબા રાખડી ભાભીઓને બાંધવામાં આવે છે.

**રક્ષાસૂત્ર (રાખડી) નું મહાત્મ્ય :** ભારતીય ઋષિમુનિઓએ સૂતરના તાંતણામાં પણ પ્રેમ, સ્નેહ અને રક્ષાને ગૂંથી દીધા છે. રાખડી આવા જ એક પવિત્ર અને નિઃસ્વાર્થ પ્રેમનું પ્રતીક છે. રાખડી બાંધીને કે બંધાવીને ભાઇ-બહેન કે નર-નારી જીવનભર એકબીજાનું રક્ષણ કરવાની જાણે પ્રતિજ્ઞા લ્યે છે. આ પર્વનો સાચો હેતુ જો સમજાય તો માણસ-માણસ વચ્ચે વેરઝેરના બદલે પ્રેમ અને ભાઇચારાનું સંગીત પ્રગટ થઇ શકે છે. રક્ષાસૂત્ર એ કેવળ એક દોરાનું બંધન નથી. પણ હૃદયનું અતૂટ બંધન છે. રક્ષાબંધન માત્ર ભાઇ-બહેનનો જ નહીં, પરંતુ સૌ કોઇનો પ્રસંગ છે. એકબીજાના કલ્યાણની કામના પ્રગટ કરવાનો આ દિવસ છે. શાળા-કોલેજની વિદ્યાર્થિનીઓ તથા સેવાભાવી સંસ્થાની બહેનો લશ્કરના સૈનિકોને તથા જેલના કેદીઓને પણ રાખડી બાંધે છે.

**રક્ષાબંધન ભાઇ-બહેનનું રક્ષા પર્વ :** દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના દિવસે આવતો વિશિષ્ટ તહેવાર એટલે રક્ષા બંધન. સમગ્ર દેશમાં આ તહેવારનું અદકેરૂં મહત્વ છે. આ દિવસે બહેન ભાઇના હાથે રાખડી બાંધે છે. આ દિવસે બહેન સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરીને ભાઇના ઘરે ભાઇની રક્ષા કાજે રાખડી બાંધવા પધારે છે. શુભ સમયમાં ભાઇના કપાળે વિજય તિલક કરી અક્ષત લગાવીને રાખડી (રક્ષાસૂત્ર) બાંધે છે. રાખડી બાંધતી વખતે બહેન આ પ્રમાણે મંત્ર બોલે છેઃ-

**યેન બદ્ધો બલી રાજા દાનવેન્દ્રો મહાબલઃ । તેન ત્વાં અભિબન્ધામિ રક્ષે મા ચલ મા ચલ ॥**

આ પ્રસંગે બહેન ભાઇને ''જુગ જુગ જીવે મારો વીરો'' એવા આશીર્વાદ આપે છે. જેમ બહેન ભાઇની રક્ષા કરેછે તેમ ભાઇ પણ રક્ષા બંધાવતી વખતે બહેનના સંરક્ષણની જવાબદારી સ્વીકારે છે. જન્મ જન્માંતર સુધી ભાઇ-બહેન વચ્ચે સંબંધોમાં મીઠાશ જળવાઈ રહે તેવી ભાવના આ પ્રસંગમાં સમાયેલી છે. સાથે - સાથે બાહ્ય શત્રુઓ અને આંતર વિકારો ઉપર પોતાનો ભાઇ વિજય મેળવે એ ભાવના પણ તેમાં સમાયેલી છે. બહેન જ્યારે ભાઇના મસ્તક પર તિલક કરે છે તે સામાન્ય ક્રિયા નથી, પરંતુ દૃષ્ટિ પરિવર્તનની મહાન પ્રક્રિયા તેમાં સમાયેલી છે. આ પ્રસંગે ભાઇ પણ પોતાની બહેનને ભેટ સોગાદ આપીને પ્રતિજ્ઞા કરે છે કે, કોઈપણ વિપત્તિ આવશે તો તે પોતાની બહેનનું રક્ષણ કરશે, આ પર્વ ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય દેન છે.

**યજ્ઞોપવિત સંસ્કાર (જનોઇ બદલવાનો શુભ દિન):** શ્રાવણી પૂનમને બળેવ પણ કહેવામાં આવે છે. બળેવ એટલે બ્રાહ્મણો માટે જનોઇ બદલવાનો શુભ દિન. ધર્મગ્રંથોમાં મનુષ્યના જન્મથી મૃત્યુ સુધીના સોળ સંસ્કાર બતાવ્યા છે. સંસ્કાર એટલે જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવવાની ધાર્મિક ક્રિયા. યજ્ઞોપવિત સંસ્કાર માણસને દિવ્યતા તરફ લઇ જાય છે તથા કુસંસ્કારોથી તેનું રક્ષણ કરે છે. રક્ષાબંધનના દિવસે જનોઇ બદલવાની પરંપરા છે. આ વિધિને ઉપનયન સંસ્કાર પણ કહેવાય છે. ઉપ એટલે પાસે અને નયન એટલે લઇ જવું. અર્થાત શિષ્યને ગુરૂની પાસે લઇ જવામાં આવે તે સંસકારને ઉપનયન સંસ્કાર કે યજ્ઞોપવિત કહેવામાં આવે છે. આ દિવ્ય સંસ્કાર દ્વારા માનવનો નવો જન્મ્ થાયછે. આ તેજસ્વી જીવનની દીક્ષા છે.

ઉપવીત (જનોઇ) ધારણ કરીને વિદ્યાભ્યાસનો આરંભ કરવામાં આવે છે. જનોઇ ધારણ કરનારને ગાયત્રી મંત્રની દીક્ષા અપાય છે. યજ્ઞોપવિત બળ, બુદ્ધિ અને વિદ્યાને તેજસ્વી બનાવે છે. જનોઇ વખતે બટુકને લંગોટી પહેરાવવામાં આવે છે, જે વિષય વાસના ઉપર કાબુ રાખવાનું પ્રતીક છે. કમર પર મેખલા બાંધવામાં આવે છે, જે મુશ્કેલીઓ સામે સંઘર્ષ કરવાની તત્પરતા બતાવે છે. હાથમાં દંડ ધારણ કરાવવામાં આવે છે, જે આત્માનુશાસનનું પ્રતીક છે. આ પર્વ બ્રાહ્મણો માટે ખૂબજ મહત્વનું છે. ભગવાન વિષ્ણુએ વામન અવતાર લઇ બલિરાજા પાસેથી ત્રણ પગલાં ભૂમિ આપવાનું વચન લઇને તેને પાતાળમાં ધકેલી દીધો હતો. આ પ્રસંગને કારણે આ પર્વ બળેવ તરીકે પણ ઓળખાય છે.

**નાળિયેરી પૂનમ :** શ્રાવણી પૂર્ણિમા દરિયાદેવને વધાવવાની નાળિયેરી પૂનમ તરીકે પણ ઉજવાય છે. આ દિવસે નાળિયેરનું ફળ પાકીને ખાવા યોગ્ય બને છે. આજીવિકા માટે દરિયો ખેડવા જતાં ખારવા, માછીમારો તથા દરિયા માર્ગે અન્ય દેશોમાં વેપાર અર્થે જતાં વેપારીઓ દરિયાને ''પીર'' કે ''દેવ'' માનીને વધાવે છે, પૂજન કરેછે. ચોમાસામાં દરિયો તોફાની બને છે, જેથી વહાણ ચલાવવામાં આવતા નથી. શ્રાવણી પૂર્ણિમાએ દરિયો શાંત બને એટલે સાગર ખેડૂઓની પત્નીઓ દરિયા દેવને નાળિયેર તથા ફૂલ ચઢાવીને વધાવે છે. સમુદ્રની સફરે જતાં પતિની રક્ષા કરવા માટે ખારવણો ગીતો ગાઇને દરિયાપીરને પ્રાર્થના કરે છે. આ સાથે જ દરિયો ખેડવાનો આરંભ કરાય છે.

**"સાંજને ઝંકારવાની વેળ છે, સૂરની સાથે શબ્દનો પણ મેળ છે, વીરા ! આપણી વચ્ચે બીજું કશું નથી, માત્ર સ્નેહનો નાતો છે અને તે નિર્મળ છે."**

**મો.૯૪૨૬૯ ૪૨૫૦૩, અમદાવાદ**



**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા ‘પદ્મશ્રી’ એવોર્ડથી વિભૂષિત છે.

# પરમના સ્પર્શની તાલીમશાળા

સાર્થક મનુષ્યજન્મ માટે પરમની પ્રાપ્તિ ઝંખનારે સર્વ પ્રથમ તો સ્વજીવનની દશા અને દિશાનો વિચાર કરવાનો છે. જો વ્યક્તિની ગતિ, વૃત્તિ અને પ્રવૃત્તિ બાહ્ય રૂપે વધતી જતી હોય તો એણે માનવું જોઈએ કે એની ગતિ અવળી દિશાની છે. ગતિ પરમ સમીપે લઈ જનારી નહીં, બલ્કે એનાથી સાવ જુદા ઊંધા રસ્તે વધુ ને વધુ દૂર લઈ જનારી છે. જો એની ગતિ ઊર્ધ્વમુખી હોય, વૃત્તિ અંતર્મુખી હોય અને પ્રવૃત્તિ આંતરિક હોય, તો માનવું કે સાધનાની સાચી દિશાની એ ગતિ છે. બાહ્ય ગતિ, તીવ્ર વૃત્તિ અને અતિ પ્રવૃત્તિના ઘણા તાત્કાલિક લાભો હોય છે. એનું આકર્ષણ પણ અદમ્ય હોય છે અને વ્યક્તિ જો એ તરફ દોડ લગાવે તો પ્રાણાંતે પણ એ અટકતી નથી. જ્યારે પરમપ્રાપ્તિ માટે આંતરિક સ્થિતિ ઊભી કરવી હોય તો પહેલી આવશ્યકતા એ માટેની તાલીમ લેવાની છે.

નવાઈની વાત એ છે કે ભાગ્યે જ કોઈ ઈશ્વરપ્રાપ્તિ માટે તાલીમની વાત કરે છે. તમે એકાએક કારમાં બેસીને એને ચલાવવા લાગો તો શું થાય ? કમ્પ્યૂટરની સહેજે જાણકારી ન હોય અને એકાએક ચાલુ કરીને ‘કી’ દબાવવા લાગો, તો શું થાય ? ક્યારેય દસ મીટર પણ દોડ્યા ન હો અને એકાએક લાંબા અંતરની મૅરેથૉન દોડમાં ઝુકાવો તો શું થાય? મોટર ચલાવવા માટે પ્રેક્ટિસ જરૂરી છે. કેટલાય દિવસો સુધી બરાબર શીખ્યા પછી વ્યક્તિ સ્વયં મોટર ચલાવવાનું ‘લાઈસન્સ‘ મેળવે છે. કમ્પ્યૂટરમાં પણ એ જ રીતે પ્રેક્ટિસની આવશ્યકતા છે. લાંબી દોડનો દોડવીર ખોરાકમાં ગાંઠિયા, જલેબી અને ભજિયાં ખાતો હોય, કાયા અત્યંત સ્થૂળ થઈ ગઈ હોય, ચાલતાં કીડીઓ ચડતી હોય અને જો એ એકાએક મેરેથોનમાં ઝુકાવે તો એની શી હાલત થાય ? થોડું દોડતાં જ એનો શ્વાસ ચડી જાય ને રનિંગ ટ્રેક પર ગબડી પડે.

પરમને પામવા માટે તાલીમની પ્રેક્ટિસની જરૂર છે અને સદ્-વાચન, સદ્-શ્રવણ અને સદ્-આચરણ એ વ્યક્તિની પ્રેક્ટિસના ત્રણ મહત્ત્વના આધારસ્તંભો છે. સદ્-વાચનથી એના ચિત્તમાં ઉમદા વિચારો આવશે. સંતો અને વિભૂતિઓનાં ચરિત્રો વાંચીને એ સાધનાની પ્રેરણા પામશે. ધર્મગ્રંથો પાસેથી જીવનવિકાસનો પંથ પામશે. આ સદ્-વાચનથી એના ભીતરના સંસ્કારો દૃઢ થશે અને એ સંસ્કારો એને વ્યવહારની કે અધ્યાત્મની આકરી અગ્નિપરીક્ષા વખતે પણ મનની શાંતિ, ચિત્તની સ્વસ્થતા ને ભાવોની સમતા આપશે.

આ સદ્-વાચનનો તંતુ છેક સ્વાધ્યાય સુધી લંબાશે અને એમાંથી આત્મચિંતન જાગશે, જેના દ્વારા સાધક આત્મઓળખ પામીને આત્મવિશ્લેષણ કરશે. એને એના દોષો, વિકારો, વાસનાઓ અને કષાયોનો ખ્યાલ આવશે અને ક્રમશઃ ભાવવિશુદ્ધિ થતી જશે. આવી ભાવવિશુદ્ધિ થતાં એના આત્મામાં એક મહાપરિવર્તનકારી ઘટના બનશે. પ્રાયશ્ચિત્ત દ્વારા પાપ-પ્રક્ષાલન અને દોષ-નિવારણ થતાં એના આત્માનું તેજ ઝળહળી ઊઠશે. એને ભીતરના પ્રકાશનો અનુભવ થશે અને એનામાં આત્મબળ જાગશે.

એની પાસે આત્મા તો હતો, પરંતુ આજ સુધી એ આત્મશક્તિથી અજ્ઞાત હતો. એ અજ્ઞાત બાબત જ્ઞાત થતાં એનું ભીતરી બળ પ્રગટ થશે. માનવી શરીરબળનો વારંવાર વિચાર કરે છે, પણ એનાથીય અધિક એવા આત્મબળનો ભાગ્યે જ વિચાર કરે છે. જેનો સૂર્ય કદી આથમતો નહોતો એવા બ્રિટિશ સામ્રાજ્ય સામે લડનાર મહાત્મા ગાંધીજી પાસે આવા આત્મબળનું અમોઘ શસ્ત્ર હતું. આપણે બાહ્ય શસ્ત્રનો વિચાર કરીએ છીએ અને માનવીના આંતરબળની ઉપેક્ષા કરીએ છીએ. એ આત્મબળ જેનામાં પ્રગટ થાય, એને જગંત આશ્ચર્યભેર જુએ છે.

આવી જ રીતે સદ્-શ્રવણ એ મહત્ત્વની વાત છે. આપણા કાને સંભળાતા શબ્દો ચિત્તમાં શિલાલેખ બની જાય છે. જો કોઈ કામવાસનાપૂર્ણ વાત કરે તો એ વાત તમે માનો કે ન માનો, પણ તમારા ચિત્તમાં કોઈક ખૂણે ક્યાંક પડી રહે છે અને કામ-વિકારી પરિસ્થિતિ જાગતાં એ કીડો સળવળવા લાગે છે. આથી જ સદ્-શ્રવણ સાથે સત્સંગનો મહિમા વર્ણવાયો છે. સંતના સાંનિધ્યમાં કે આત્માર્થી પુરુષના સંગમાં વ્યક્તિ રહે, ત્યારે કેવા ભિન્ન વાતાવરણનો એ અનુભવ કરતો હોય છે ! કોઈ દારૂડિયાના સંગમાં તમે બેઠા હો ત્યારે કેવું વાતાવરણ હોય છે ? કોઈ પ્રપંચી વેપારીની સાથે વાત કરતા હો, ત્યારે આસપાસના હવામાનમાં પણ પ્રપંચના ખેલનો અનુભવ થશે. જ્યારે સંત-સમાગમ કરો ત્યારે ચિત્તમાં સાત્ત્વિક ભાવોલ્લાસ જાગશે.

ભક્તિમાં નિરાશા સેવતા, નિષ્પ્રાણ ધર્મક્રિયા કરતા, વૃદ્ધાવસ્થાનો સમય વિતાવવા મંદિર કે દેરાસરની આસપાસ ટોળટોપ્પાં મારવા એકઠા થતા લોકો વચ્ચે જો તમે ફસાઈ ગયા તો આવી બન્યું ! આવા લોકો ચેપી રોગ જેવા છે અને એમનો રોગ તમને લાગુ પડી જશે તો તમને જીવનમાં ધર્મને નામે વ્યર્થ રીતે જીવવાની બીમારી લાગુ પડી જશે. જેમની પાસે ભક્તિ નથી, ઉત્સાહ નથી, લાગણી નથી અને ધ્યેય નથી એવી વ્યક્તિઓ સાથેનો સંગ કુસંગ જેવો અને તેય અનિષ્ટસર્જક

# ધર્મ સૃષ્ટિ

કુસંગ સમાન બને છે. પોતાના જીવનના હેતુ વિશે જેમની પાસે સહેજે સ્પષ્ટતા નથી અને જીવનનું કોઈ ઉચ્ચ ધ્યેય નથી એવી વ્યક્તિઓ સાથે તમારી મૈત્રી થતાં તમે વ્યર્થતાના પાંજરામાં પુરાઈ જશો. કુસંગમાં ફસાયેલાને સત્સંગની કદી કલ્પના આવતી નથી. પોતાની જાતને અતિ બુદ્ધિશાળી માનનાર અહંકારી વ્યક્તિ સત્સંગ-સભાની મજાક પણ કરતી હોય છે, પરંતુ આ મજાક પાછળ એની સમજને બદલે ઘોર અજ્ઞાન કારણભૂત હોય છે.

સાધકે જીવનમાં એવા મિત્રોની પસંદગી કરવી જોઈએ કે જેમને સત્સંગમાં રસ હોય, અધ્યાત્મને પામવાની જિજ્ઞાસા હોય અને પરમનો સ્પર્શ અનુભવવાની તાલાવેલી હોય. આવી મૈત્રી વ્યક્તિને જીવનની સ્થૂળતાથી દૂર સૂક્ષ્મતા તરફ દોરી જશે. વર્તમાન યુગમાં સુરુચિ કે સુસંસ્કાર ધરાવનારી વ્યક્તિઓ મળવી મુશ્કેલ છે, ત્યાં સત્સંગમાં રસ ધરાવનારી વ્યક્તિઓ તો દુર્લભ જ હોય. આમેય સારી વસ્તુઓ સદૈવ વિરલ ને દુર્લભ હોય છે. તેથી સાધકે સારી મૈત્રી માટે પ્રયાસ કરવો જોઈએ, જેના દ્વારા એ પુરુષો અને શાસ્ત્રોનો સત્સંગ પામી શકે. આથી જ શ્રીમદ્ રાજચંદ્રે સત્સંગને 'આત્માનું પરમ હિતૈષી ઔષધ' એટલે કે સાધકના આત્માને હિત કરનારું પરમ- શ્રેષ્ઠ ઔષધ કહ્યું છે.

ભક્તિમાર્ગના અનેક સંતો અને ભક્તો માત્ર ભજન અને સત્સંગથી ભવસાગર તરી ગયાનાં દૃષ્ટાંતો મળે છે. ઉમદા માનવીની મૈત્રીથી આધ્યાત્મિક સત્સંગ સુધીની આ ઊર્ધ્વ યાત્રા છે. એમાં કોઈએ શાસ્ત્રજ્ઞાનની વાત કરી, કોઈએ ભક્તિ કે ભજનની વાત કરી, કોઈએ કીર્તનની વાત કરી, તો કોઈએ સંત કે સદ્ગુરુની વાત કરી.

સત્સંગ તમારા અંતરમાં પરમનો સ્પર્શ પામવાની ધગશને જીવંત રાખે છે. ભક્તિની જ્યોતમાં એ સતત ઘૃત નાખીને એને પ્રજ્વલિત રાખે છે. એ અહર્નિશ યાદ કરાવે છે કે તારા જીવનનો હેતુ શું છે અને તેને માટે તું કરે છે તે કાર્ય હેતુ બર લાવે તેવું છે ખરું ? ઈશ્વર આપણે માટે કોઈ કાર્યનું નિર્માણ કરીને આપણને પૃથ્વી પર મોકલે છે એમ માનવામાં આવે છે. આનો અર્થ એ કે દરેક વ્યક્તિએ ઈશ્વરે એને કયું કાર્ય સોંપેલું છે એનો વિચાર કરવો જોઈએ અને એને માટે વ્યક્તિએ ક્રિયાશીલ બનવું જોઈએ.

જો એ કુસંગ કરશે તો ધીરે ધીરે એનામાં ઉત્સાહની મંદતા આવશે. એ પરમથી વેગળો થશે; પણ ધીરે ધીરે સમાજ, સ્વાસ્થ્ય અને કુટુંબસ્નેહથી દૂર જશે. જો અનિષ્ટ માર્ગે જીવતો હશે, તો એના જીવનમાં ઘણા વળાંકો, ચડઊતર અને માનસિક તણાવો આવશે. આધ્યાત્મિક માર્ગે ચાલનારી વ્યક્તિને સ્વસ્થતાની બિક્ષિસ મળે છે. એના જીવનમાં સુખદુ:ખના પ્રસંગો બને છે, ક્યારેક આર્થિક રીતે એને હાનિ સહન કરવી પડે છે. ક્યારેક કોઈ વ્યક્તિ એની સાથે દગાબાજી કરે છે, તોપણ એના ચિત્તની સ્વસ્થતા જળવાઈ રહે છે. જીવનમાં વારંવાર આવતા આવા આઘાત અને પ્રત્યાઘાતોથી આધ્યાત્મિક સાધકનું જીવન લેપાતું નથી અને એ સઘળી હતાશા, નિરાશા કે મુશ્કેલીઓને ઓળંગી જાય છે.

જો વ્યક્તિના ચિત્તમાં પરમનો સ્પર્શ પામવાની તાલાવેલી હશે તો એ બીજી ઘણી અનિષ્ટ બાબતોમાંથી ઊગરી જશે, કેટલાંય પ્રલોભનો છોડી શકશે. ઘણી વાર કોઈ પ્રલોભન મળતાં વ્યક્તિ પોતાના મુખ્ય ધ્યેયથી વિચલિત થઈ જાય છે. કોઈ એન્જિનિયરને એમ લાગે કે આટલી બધી મહેનત કરવાને બદલે શૅરબજારમાં ઝંપલાવીશ તો રાતોરાત ધનવાન થઈ જઈશ અને પછી એ પોતાની એન્જિનિયર તરીકેની નિપુણતા, પદવી અને કાર્યકુશળતાને બાજુએ મૂકીને શૅરબજારમાં પડી જાય. તો એનો અર્થ જ એ કે એની પાસે એનું પોતાનું કોઈ ધ્યેય નહોતું.

એ સાચું કે સત્સંગ એ ધાર્મિકતાનો ડોળ ન હોવો જોઈએ. એની પાછળ ઉચ્ચ આધ્યાત્મિક હેતુ હોવો જોઈએ. કોઈ આત્મસાક્ષાત્કાર ઈચ્છે, તો કોઈ મોક્ષ કે નિર્વાણ ઈચ્છે, પરંતુ એવી ઈચ્છા સાથે આ સત્સંગ થવો જોઈએ. આ સત્સંગને પરમનો સ્પર્શ પામવાની મોટામાં મોટી તાલીમશાળા ગણી શકાય. જેમ જેમ સાધક સત્સંગના રંગમાં રંગાય છે, તેમ તેમ એમનું જીવન કોઈ નવી ભૂમિકાએ પહોંચી જાય અને એની સાથોસાથ એનું પરિવર્તન થાય છે.

પ્રારંભમાં સાધક થોડા કલાકનો સત્સંગ કરતો હોય છે, પરંતુ ધીરે ધીરે એવી મનોભૂમિકા કેળવાય છે કે એનો સત્સંગ અહર્નિશ ચાલતો થાય છે. મનની નિર્મળતા, ચિત્તની પ્રસન્નતા અને આત્માની પવિત્રતા પામવા માટેનું સૌથી મોટું સાધન એ સત્સંગ છે. એમાં વ્યક્તિ સદ્-શ્રવણ કરીને નવા વિચારો મેળવે છે, નવું ચિંતન પામે છે અને પોતાના જીવનની દશા અને દિશા વિશે ગંભીરતાપૂર્વક વિચારે છે.

આ પછી ત્રીજો સ્તંભ છે સદ્-આચરણનો. માત્ર ઊંચા વિચારોએ જ વ્યક્તિ અટકતી નથી, પરંતુ સદાચરણ માટે એ પ્રયાસ કરે છે અને આવા સદ્ચરણ દ્વારા પોતાના જીવન-વ્યવહારને ઊર્ધ્વગતિએ લઈ જાય છે. જે વિચારો પોતે મેળવ્યા હોય છે એ વિચારોને સાધક આચરણમાં ઉતારે છે. ■



ડૉ. ભાવેશ જેતપરિયા
લેખક, સંશોધક, સંપાદક, અધ્યાપક,
સભાસંચાલક અને પ્રવક્તા
(પૂર્વ પ્રોફેસર જે. એ. પટેલ મહિલા કૉલેજ - મોરબી)

# કેળવણી એટલે ઘડતર, માત્ર ગુણપત્રક નહીં

આજે ઘરે ઘરે એક જ ચર્ચા છે. બોર્ડનું પરિણામ આવી ગયું. વોટ્સએપ સ્ટેટસ ભરાઈ ગયાં. મારો દીકરો ૯૯.૮ ટકા, મારી દીકરી એ વન ગ્રેડ, ફેસબુક પર ફૂલોની વર્ષા. મીઠાઈના ડબ્બા ખૂલ્યા. સારી વાત છે. મહેનતનું ફળ મીઠું લાગે. પણ આ મીઠાશ પછી તરત એક કડવો સવાલ મોઢું કાઢે છે. શું આ જ કેળવણી છે?

**ભણતરનો હરિરસ ખાટો-મીઠો :** એકથી નવ ધોરણ સુધી સો ટકા લાવનાર વિદ્યાર્થી દસમામાં ૭૦ ટકા લાવે એટલે ઘરમાં શોક. આપણું નાક કપાઈ કપાઈ ગયું. એ જ વિદ્યાર્થી બારમામાં ૮૫ ટકા લાવે એટલે 'ગંગા નાહ્યાં જેવું પુણ્ય' કોલેજમાં ફર્સ્ટ ક્લાસ આવે એટલે ફટાકડા. પણ પછી? ડિગ્રી હાથમાં છે, નોકરીની ખબર નથી. ફોર્મ ભરતાં નથી આવડતું. ટ્રેનની ટિકિટ બુક કરતાં નથી આવડતી. ઘેરથી આવેલા પાંચ હજાર પૂરા કરતાં નથી આવડતા. ત્યારે ખબર પડે કે માર્કશીટ ભરેલી છે, જીવન ખાલી છે.

આપણે બાળકને ભણાવીએ છીએ કે ભરમાવીએ છીએ? યુનિફોર્મ પહેરાવ્યો, ચાર દીવાલમાં પૂર્યો, અભ્યાસક્રમ ગોખાવ્યો, પરીક્ષા લીધી, ગુણપત્રક આપ્યું. લ્યો બેટા, તું ભણી ગયો. પણ એ ભણતર એને જીવનની પરીક્ષામાં એકલા ઊભા રહેવાનું સામર્થ્ય આપે છે ખરું? મોટે ભાગે ના. કારણ કે આપણે કેળવણી નથી આપી, માત્ર ટકાવારી આપી છે.

**શિક્ષણ અને કેળવણી : અલગ અંદાજ છે.**

ભણતર એટલે માહિતી. ગણતર એટલે સમજણ. કેળવણી એટલે ઘડતર. કૌટિલ્ય કહે છે કે જે માનવીને ચારિત્રવાન અને જગત ઉપયોગી બનાવે તે જ શિક્ષણ. મહર્ષિ અરવિંદ કહે છે કે.આત્માની અંદરની શક્તિઓને વિકસાવીને પૂર્ણતા સુધી લઈ જવી એટલે કેળવણી. ગીજુભાઈ બધેકા કહે છે કે દરેક બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. શિક્ષકે એ 'સ્વ'ને ઓળખીને ભણાવવાનું છે.

આપણે શું કરીએ છીએ? બધાને એક જ લાકડીએ હાંકીએ છીએ. જે ગણિતમાં કાચો એ 'ડોબો'. જે ચિત્ર સારું દોરે એ 'ટાઈમપાસ કરે છે'. જે સવાલ પૂછે એ 'વર્ગ બગાડે છે'. સાત વિષયની માર્કશીટને આપણે જીવનનું પ્રમાણપત્ર માની લીધું. દુનિયામાં સાત જ વિષય છે એવું કોણે કહ્યું? કદાચ બાળકને તબલાં વગાડતાં આવડતું હોય. કદાચ એને ખેતરમાં બિયારણ પારખતાં આવડતું હોય. કદાચ એને દાદાની દવા સમયસર આપતાં આવડતી હોય. એની માર્કશીટ ક્યાં કઢાવશું?

**સાવધાની વિના કેળવણીની કસુવાવડ :** ગુજરાતમાં બોર્ડનું વર્ષ એટલે ઘરમાં કટોકટી. 'બેટા, આ વર્ષ સાવધાન રહેજે'. શાળા સાવધાન. ટ્યૂશન સાવધાન. માબાપ સાવધાન. પડોશી પણ સાવધાન. નવમું પૂરું થાય એટલે દસમાવાળા સાવધાન થઈ જાય. બારમાવાળા પાસ થાય એટલે અગિયારમાવાળા લાઈનમાં. વિદ્યાર્થી બદલાય, સાવધાની બરકરાર.

આ સાવધાની શીખવા માટે નથી. ટકા માટે છે. આપણે શીખવાની પ્રક્રિયાને પરીક્ષાની ઘટનાથી બદલી નાખી. પરિણામ એ આવ્યું કે કેળવણીની કસુવાવડ થઈ ગઈ. બાળક જન્મે છે ત્યારે ઈશ્વરની અપતિમ ઊર્જા લઈને આવે છે. એજ્યુકેશનનો અર્થ જ એ છે કે અંદરની શક્તિને બહાર લાવવી. આપણે ઊલટું કર્યું. બહારનું બધું અંદર ઠૂંસવા માંડ્યું. ગણિતના દાખલા, વિજ્ઞાનના પ્રમેય, ઇતિહાસના વરસ. ઠૂંસો, ગોખો, ઉલટી કરો પેપરમાં. બસ.

**સાચી કેળવણી એટલે શું? :** સાચી કેળવણી એટલે વ્યક્તિ જિંદગીના કોઈપણ ક્ષેત્રમાં, કોઈપણ મુશ્કેલી વચ્ચે અડીખમ ઊભી રહે એવું સામર્થ્ય. નળ તૂટે તો પ્લમ્બરને બોલાવે નહીં, જાતે રીપેર કરતાં શીખે. નોકરી ન મળે તો રડે નહીં, નોકરી ઉભી કરતાં શીખે. દોસ્ત દગો દે તો તૂટે નહીં, નવા સંબંધ બાંધતાં શીખે. કેળવણીનું બીજું કામ ચારિત્ર્ય, સંસ્કાર અને સદગુણોનું સિંચન. કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજનું ભાન. જે ભણતર તમને એકલા જીવતાં શીખવાડે પણ સાથે જીવતાં ન શીખવાડે એ અધૂરું છે.

**માર્કશીટ એ સ્ટેટ્સ સિમ્બોલ નથી :** એક કાગળનો ટુકડો એ બાળકનું મૂલ્યાંકન નથી. એ તમારા અહંનો દાખલો નથી. બાળક પરિવારની પ્રોડક્ટ નથી. એની માર્કશીટ તમારા માર્કેટિંગનું સાધન નથી. 'મારો દીકરો તારા કરતાં ચડિયાતો' એ સાબિત કરવામાં શક્તિ વેડફો નહીં. દરેક બાળક પોતાની રીતે શ્રેષ્ઠ છે. શાળા માટે પણ એટલું જ સાચું. શાળા સારી એ નથી જે સો ટકા રિઝલ્ટ આપે. શાળા સારી એ છે જે સો ટકા માણસ આપે.

**ઘડતર વગરનું ભણતર એ ભાર છે :** આજે આપણને ઇલેક્ટ્રિશિયન જોઈએ છે જે તૂટેલા સંવાદને જોડે. ઓપ્ટિશીયન જોઈએ છે જે દ્રષ્ટિકોણ સુધારે. પ્લમ્બર જોઈએ છે જે સંબંધ રીપેર કરે. ડૉક્ટર જોઈએ છે જે હૃદયમાંથી નફરત કાઢે. આ બધા ડિગ્રીથી નથી આવતા. ઘડતરથી આવે છે. કેળવણી રોજગાર આપે તો સારું. પણ જ્યારે એ અહં સંતોષવાનું સાધન બની જાય ત્યારે જોખમી બને છે. એક વાત ગાંઠે બાંધી લો. કરોડ જન્મે માંડ મળતો મનુષ્ય દેહ તમને મળ્યો છે. 'તારો વારો સતત નહીં આવે.' માટે ભણાવો, પણ ઘડતર સાથે. ગુણપત્રક આપો, પણ ગુણ સાથે.

મો. ૯૮૭૯૮ ૩૫૭૧૭



**ભદ્રાયુ વછરાજાની**
લેખક જાણીતા કેળવણીકાર, વિચારક
અને મોટીવેશનલ સ્પીકર છે.

# જીવનના ચાર પુરુષાર્થો આજે પણ સાચા છે ?

જો બદલતા હૈ વહ જીવન હૈ. જો બદલતે નહીં વહ પુરુષાર્થ હૈ... લેકિન પ્રતિ પલ પરિપ્રેક્ષ્ય બદલના ચાહીએ...‘ શાશ્વત તે જે હર પલ પરિવર્તનીય છે. જીવન બદલે જ, તો તેનાં પુરુષાર્થોનાં અર્થઘટનો બદલે જ... બદલવાં જ જોઈએ. બદલે નહીં તે બંધિયાર છે. બંધિયાર હોય તે ખાબોચિયું બની જાય. ખાબોચિયાંની ઉપરની સપાટી કડક રહે તેવું પડ બાંધી લે, ન અંદરથી કશું બહાર જાય, ન બહારથી કશું અંદર પ્રવેશી શકે. પૃષ્ઠતાણનું બળ ઉપરનાં પડ પર એવું બને કે તેનાં પર મોટા કદના મચ્છર ચાલી શકે. Surface Tensionના કારણે તમે સોયને તે પડ ઉપર તરતી મૂકી શકો... આ બંધિયારપણાની પરાકાષ્ઠા! જીવન જેવું અભિયાન બંધિયાર ક્યાંથી સંભવે ?... ગતિશીલ છે તે જીવંત છે અને જે જીવંત છે તેને તેના પુરુષાર્થો છે.

શાસ્ત્રોએ ઘણી મહેનત પછી ચાર પુરુષાર્થ સૂચવ્યા તે ધર્મ, અર્થ, કામ, મોક્ષ... ચારેયની સરળતમ સમજૂતી આ રહી : જીવન જીવવા માટે ધર્મ, જીવન ચલાવવા માટે અર્થ, જીવન માણવા માટે કામ અને જીવન છોડવા માટે મોક્ષ... આ બહુ જ સ્થૂળ સમજ થઈ. સાચી સમજ તો ખૂબ ઊંડી. તમે જે ધારણ કરો છો તે ધર્મ છે, તમે જે ઉપાર્જિત કરો છો તે અર્થ છે, તમે જે પરિમાર્જિત કરો છો તે કામ છે અને તમે જે વિસર્જિત કરો છો તે મોક્ષ છે... એક સમજ એવી છે કે જીવનને ધર્મથી જીવશો તો અર્થ પ્રાપ્ત થશે, અર્થનો આદરથી ઉપયોગ કરશો.

તો કામનાં દ્વાર ખૂલશે, કામના સંતુષ્ટિથી પામશો તો મોક્ષમાર્ગ સરળ બનશે.... પણ પ્રશ્ન એ છે આ બધું જ આજે પણ સાચું છે?... હા, પણ જરા જુદા પરિમાણથી...

૧. ધર્મ એટલે What and How to Live... જીવવું કેમ એ ધર્મ છે. મારે કેમ જીવવું? મારે શા માટે જીવવું?... તેનું જે મને માર્ગદર્શન કરે તે મારો ધર્મ છે. દરેક ક્ષણે જે નક્કી કરી આપે કે કેમ જીવવું અને શું જીવવું તે ધર્મ. (૨) અર્થ એટલે How to Learn? દરેક પળે શીખવાનું, દરેક ક્ષણને અર્થપૂર્ણ બનાવવાની. અર્થ એટલે નાણું કે પૈસો નહીં. મારે શું શીખવું, મારે કેમ શીખવું તે અર્થ. અહીં અર્થ એટલે meaning. (૩) કામ એટલે What and How to Love ? મારે કેમ પ્રેમ કરવો, મારે શા કાજે પ્રેમ કરવો તેની સ્પષ્ટ સમજ તે કામ. અહીં કામ એટલે કામના માત્ર નહીં, અહીં કામ એટલે મારે કરવાનું થતું કાર્ય પણ મને સોંપાયેલાં અને મેં સ્વીકારેલા કાર્યને હું કેમ ચાહું તે... ! આમ બને તો જ કામનો થાક ન લાગે, પણ આનંદ આવે. (૪) મોક્ષ એટલે How to Leave ? કેમ છોડવું, તે મોક્ષ. અકર્તાભાવથી કામ થયું હોય તો હોંશે-હોંશે તેના ફળમાંથી મોક્ષ મેળવી શકાય... આ મારું છે, કારણ કે મેં કર્યું છે,” ‘આ તો હું કેમ છોડું, કારણ કે મેં એમાં આર્થિક રોકાણ કર્યું છે... આ સંવાદો ન જન્મે તે મોક્ષ. આવી વાતો કેમ છોડવી તે મોક્ષ...

**શબ્દો ચાર :** ધર્મ, અર્થ, કામ, મોક્ષ... તેના અંગ્રેજી શબ્દો ચાર : Live + Learn + Love + Leave, અંગ્રેજીના પહેલા અને છેલ્લા શબ્દોનાં ઉચ્ચારો સરખાં ‘લીવ.... પણ સ્પેલિંગ જુદા અને અર્થઘટન તો સાવ જુદાં. Live જીવન શરૂ થાય અને Leave પર તે પૂર્ણ થાય... જીવનના ચાર શાસ્ત્રોક્ત પુરુષાર્થોને એક વાક્યમાં કહેવા હોય તો ... આવું વિધાન બને : જીવતાં જીવતાં શીખવાનું, શીખતાં શીખતાં પ્રેમ કરવાનો, પ્રેમસભર બની જઈને સઘળું યથાકાળ છોડતા. જવાનું ! કવિ ગુણવંત પંડ્યા ગાગરમાં સાગર સમાવતા કહે છે :

**આગ જલે ભીતરમાં એની, બહાર સદાય હસતું; મૃગજળને માની જળબિંદુ નિત વેરાને ધસતું, અણદીઠાંની આંખમહીં પણ નેહ રહે એ ઝંખી - ઉર્ષનું આ તે કેવું પંખી !’** બસ, આપણા ઉરમાં આવું પંખી માળો કરે તો આપણા ચારેય પુરુષાર્થો પૂર્ણ!!! ■

## શિક્ષણ સૃષ્ટિ



**ડો. મફતલાલ પટેલ**
વરિષ્ઠ કેળવણીકાર, સમાજસેવક,
લેખક અને 'અચલા'ના તંત્રી

# 'જીવન'ને ધન્ય બનાવો, સુખી બનાવો

મહામૂલ્યવાન, મોંઘુ અમૂલ્ય જીવન આપણને ભગવાને આપ્યું છે. જીવન આપણા હાથમાં છે, કેવી રીતે જીવવું તે નક્કી કરવાનું પણ તમારા હાથમાં છે. આપણે ધારીએ તે રીતે જીવનને ઘડી શકીએ છીએ. આ માટે બીજાઓ તરફ નજર કરવાની જરૂર નથી, સૌથી પહેલાં આપણી જાત તરફ જ નજર કરવાની છે સૌને સુખી થવું છે, તમારે પણ સુખી થવું છે, મારે પણ સુખી થવું છે, પણ સુખ શું છે ? તે સમજવું પડશે. સુખ વિષેના ખ્યાલો વ્યક્તિએ વ્યક્તિએ ભિન્ન છે, જેને તમે સુખ માનો છો, તેને બીજી વ્યક્તિ સુખ ન પણ માનતી હોય, સુખ સગવડ ઉપર આધારિત છે ભીખારીને ખાવામાં શીખંડ, દૂધપાક કે જલેબી મળી જાય તો તેને પોતાનું સુખ સમજે છે પણ ડાયાબીટીસવાળા ધનિક વ્યક્તિના ભોજનમાં આ વસ્તુઓ મૂકવામાં આવે તો ? ભાડે રહેનાર વ્યક્તિ પોતાનું ઘર બને, એમાં સુખ માને છે. ૩૫ વર્ષની કુંવારી છોકરીને જો સારો વર મળી જાય તો સુખ માને છે. આ રીતે દરેક વ્યક્તિના મનમાં સુખના ખ્યાલો ભિન્ન ભિન્ન છે. સુખ વિષે જગત અને ભારતના વિદ્વાન તત્ત્વચિંતકોએ પોતાના વિચારો જે વ્યક્ત કર્યા છે, તે ઉપરથી આપણને સુખ શું છે ? ને શા માટે ? તેનો ખ્યાલ આવી જશે. સુખ શોધવામાં પડતા નહિ, સુખ પતંગિયા જેવું છે, તેને પકડવા પાછળ પડો પણ પતંગિયું ક્યારેય હાથમાં નહિ આવે પણ શાંતચિત્તે એક જગ્યાએ બેસી રહેશો તો કદાચ તે પતંગિયું ઉડતું ઉડતું તમારા માથા ઉપર વિરામ કરશે. સુખ મન પર આધારિત છે. પરિસ્થિતિઓ બદલાવાની, આજે જે પરિસ્થિતિ છે તે કાલે રહેવાની નથી. આજે તમારા ખોળામાં બાળકો કિલ્લોલ કરે છે, આનંદ કરે છે કાલે તે મોટા થઈને ઉડી જવાના. ખોળો ખાલી રહે ત્યારે પણ ખાલી ખોળામાંથી આનંદ મેળવો. ભૂતકાળને યાદ કરી કરીને રોદણાં ના રડો, ભૂતકાળ તો ગયો, ભાવિની ચિંતામાં પણ ના પડો. કાલે શું થવાનું છે, તેની કોઈને ખબર નથી. તમે ગમે તેટલું લાંબુ આયોજન કર્યું હશે પણ તે આયોજન કેટલું ટકશે કે કેટલું સફળ થશે તે કોઈ કહી શકતું નથી. પરિવર્તન પામતા જગતમાં ક્યારે કઈ તરફથી ધક્કો વાગશે, તેનો ખ્યાલ કોઈને નથી, જેથી વર્તમાનમાં એટલે આજનો વિચાર કરો, આજનો દિવસ આનંદમાં જવો જોઈએ, મારા જીવનના કેટલાક અનુભવો આપની સમક્ષ અહીં મૂકું છું, જે સત્ય છે, ને તમારા હૃદયને, અસર કરી ને જશે.

**જીવનમાં કેટલું જોઈએ ?  જીવવા માટે આટલુ જોઈએ.**

એક ઘર હોય, ઘરમાં મારો રૂમ હોય, રૂમમાં એક બેડ હોય, બેડ ઉપર એક ગાદલુ હોય ઓઢવા માટે એક સાલ જોઈએ, જાગવા માટે એક ઘડી હોવી જોઈએ, બસ આટલું હોવું જોઈએ.

**શરીરને બીજુ શું જોઈએ ? :** ખાવા માટે બે-ચાર રોટલી જોઈએ, રોટલી સાથે શાક કે દાળ-ભાત જોઈએ, પાણીના બે-ચાર ગ્લાસ જોઈએ, બસ આટલું બહુ છે, મારા શરીર માટે થોડું વાપરવા માટે ધન જોઈએ, ઘરમાં ખરીદવા, કંઈક વસાવવા, શરીર માટે બે ચાર જોડી કપડાં જોઈએ, દવા પીવા ચમચી જોઈએ, પછી

**હવે શું જોઈએ ? :** હવે કંઈ નહિ, આટલું તો બહુ છે, તો પછી બેંકના લોકર્સમાં નોટોના બંડલો, બે નંબરના સંતાડી રાખેલા સોનાના દાગીનાઓ. ગાડીઓ, દસ બેડરૂમનું આ વિશાળ મકાન ને, બેંકમાં પોતાના નામે પડી રહેલા પૈસા. **થોડું વિચારી લો ને ?** સમય આવી ગયો છે. બધું જ અહીંનું અહીં રહી જવાનું છે.

**હવે શું કરશો ? :** કોઈક દિવસ કામમાં આવશે ? એવું દરરોજ વિચારીએ છીએ. પણ 'પેલો દિવસ', 'કોઈક દિવસ' આવતો જ નથી. જૂનાં પુરાણાં માળીયામાં ભરેલો માલ તો કામમાં આવતો નથી. ઘરમાંથી ખાલી કરી, અન્યથા ઘર તમને એક દિવસે ખાલી કરાવશે. સમય આવી રહ્યો છે. તમારી આંખ કહે છે. તમારા દાંત કહે છે, તમારા વાળ કહે છે, તમારા કાન કહે છે, તમારા ઢીંચણ કહે છે, વાંકા વળી ગયા છો, ચાલવાનું ઓછું થયું. ઝટ કરો. આ બધું અહીંનું અહીં રહેશે, ને તમે 'ત્યાં' ઉપર જવાના, જ્યાં કદાચ ભગવાન આવીને મને પૂછે, 'હવે તમારે શું જોઈએ છે ?' જે જોઈએ તે માગી લો. તો તમે શું માગશો ? કદાચ દીકરા-દીકરીઓ આવીને પૂછે પપ્પા હવે તમારે શું જોઈએ છે ?' હું માગું તો હે પ્રભુ ! તું આપીશ ? મારે હવે ધન જોઈતું નથી, મારે મોટું મકાન પણ જોઈતું નથી. ગાડી-મોટરોથી સજ્જ સંસાર પણ જોઈતો નથી. મોભો-પ્રતિષ્ઠા પણ જોઈતી નથી. દંભથી ખરડાયેલું નેતૃત્વ જોઈતું નથી. હે પ્રભુ ! ૮૫ વર્ષની ઉંમરે આ સંસારને, આ જગતને સંપૂર્ણ રીતે સમજી ગયો છું.

# શિક્ષણ સૃષ્ટિ

તું હવે આપવા માગતો હોય તો ફરી મને આટલું આપ પ્રભુ ! નાના ખેતર વચ્ચે એક આંબાનું ઝાડ હોય, તેના ઉપર નાની નાની કેરીઓ જામી હોય તેના નીચે કાથીની દોરીથી ગૂંથેલો ખાટલો હોય માટીના ઢેડાં વચ્ચે હું બેસીને બાજરીના પૂળા લણતો હોય ને મારી પત્ની માટીની ફુલડીમાં છાશને માખણ લઈને આવી હોય, બાજરીનો રોટલો, ગોળ અને ઘી સાથે કાચુ મરચુ મારી બાજુમાં ખભે ખભો મિલાવીને પ્રેમથી મને ખવડાવતી હોય ને મારા બરડામાં થતી ખંજવાળને નખ વડે ખંજવાળતી હોય બસ આ દિવસ આપ.

**આનાથી વિશેષ મારે હવે કશું ખપતું નથી કશું જોઈતું નથી.**

**ભગવાનને દરરોજ પ્રાર્થના કરો**

**હે પ્રભુ ! હે તારણહાર ! જીવનનું રહસ્ય શું છે ?**

મને સમજાવ, મને બતાવ, કેટલી બધી કથાઓ મેં સાંભળી, રામાયણ-મહાભારતનાં પિક્ચરો જોઈ જોઈને થાકી ગયો છું. પુસ્તકો વાંચી વાંચીને કંટાળી ગયો છું. કેટલા બધા દેવોની પૂજા કરી, કેટલા બધા મંદિરોમાં ભમ્યો, અપાર યાત્રાઓ કરી કરીને થાકી ગયો છું. મને હજુ સમજાતું નથી કે જીવનનું રહસ્ય શું છે ?

હે પ્રભુ ! તારા અને મારા વચ્ચે કોઈ 'દ્વૈત' પડ્યું છે, જે તને અને મને મળવા દેતું નથી. મારે તો અદ્વૈત બનવું છે, તારામાં વિલિન થવું છે, તારામાં ભળી જવું છે. તારામાં તન અને મનથી જોડાઈ જવું છે. પણ પેલું શેતાન તત્ત્વ 'માયા'નું તે મારામાં, મારા હૃદયમાં, મારા વ્યવહારોમાં, મારા કાર્યોમાં એવું ઘૂસાડી દીધું છે કે તે મને જીવનનું રહસ્ય સમજાવવામાં આંખ કાઢીને સામે ઊભું છે તું આ માયાનું આવરણ તોડ, ભગાડ.

**હે પ્રભુ ! હે પરમાત્મા !** જેના ઉપર હું રહું છું, તે પૃથ્વી સૂર્યમંડળનો એક ગ્રહ છે. આવા હજારો, પૃથ્વી જેવડા ગ્રહો સૂર્યની આજુબાજુ ઘૂમી રહ્યા છે. કોઈનું કોઈ મહત્વ નથી. તારા મનોરાજ્યમાં પૃથ્વીનું જ મહત્વ નથી, પૃથ્વી ઉપરના દેશો, દેશોમાં અનેક વિભાગો, ને એમાં આપણું ગામ ને ગામમાં આપણા ઘરનું કોઈ જ મહત્વ ખરું ? હે પ્રભુ ! તે 'સૂર્ય' જ ન આપ્યો હોત તો ? તેં હવા જ ન આપી હોત તો, તેં પાણી જ ન આપ્યું હોત તો મારું શું થાત ? મારું અસ્તિત્વ જ તારા આધારે બન્યું છે.

**ફરી જન્મ દે, પૂર્વના અનુભવો સાથે :** ૮૫ વર્ષના મારા જીવનના અનુભવોમાંથી હું શીખ્યો છું કે ફરી મને માનવીનું જીવન મળે તો !! હું શું કરું ? કેવી રીતે જીવું ? કેવાં કાર્યો કરું ? શાની મથામણ કરું ? મારો સમય કેવી રીતે પસાર કરું ? કેવા કોને મિત્ર બનાવું ? લગ્ન કરું તો મારી ભાવિ 'જીવન સાથી' કેવી હોય ? બાળકોની, ઘરની સમાજ અને રાષ્ટ્રની સેવા કરું તો ક્યાં સુધી, કેવી રીતે કરું ? મર્યાદાઓ અને રેખાઓ કેવી બાંધુ ? સંઘર્ષ હતાશાઓ, નિરાશાઓ જે મને આ જન્મમાં પજવી ગઈ છે, કે માટે, પ્રભુનો અપાર પ્રેમ મળે, સૌની હૂંફ મળે, મારી લાગણીઓ, મારા હૃદયની માગણી લચપચ રહે, કરૂણા-સ્નેહથી ભરેલાં મારાં નયન રહે, માનવતા અને પ્રકૃતિના તત્વો સાથેની તાદાત્મ્યતા અખંડ બનાવું.

**મારી એક પ્રાર્થના છે પ્રભુ ! :** માનવીનો જન્મ, યુવાની અને મૃત્યુ આવે છે. માનવીઓ બદલાય છે. પ્રકૃતિ તો એમની એમ છે. છતાં કેટલું બધું અભિમાન, આ શરીરમાં ભરીને હું ભમ્યા કરું છું. હે પ્રભુ ! આ બધું દૂર કરવાની તાકાત આપ.

**અને છેલ્લે હે પ્રભુ ! :** દિવસો નજીક આવી રહ્યા છે તને મળવાના, એ દિવસની રાહ જોઉં છું ક્યારે તું ઝડપથી મળે. તેં મોકલ્યો મને પૃથ્વી પર માનવ બનાવીને પણ તેં મને 'એ'ના સમજાવ્યું કે મારે અહીં શું કરવાનું હતું ? મેં નાટકો જ કર્યા, જીવનને નાટકનું પાત્ર બનાવી દીધું ને હવે જ્યારે તને મળવાના દિવસો નજીક આવ્યા ત્યારે સમજાયું કે અરે ! જે કરવાનું હતું તે રહી ગયું, જેની જરાયે જરૂર ન હતી તેની પાછળ સમય, શક્તિ બગાડી, છેલ્લે હું કશું જ મેળવી શક્યો નથી, પ્રભુ. ને જે મેં મેળવ્યું, જે મેં ભેગુ કર્યું, તે બધું જ પોકળ સાબિત થયું. હવે મારી સર્વ માનવો માટે તારી પાસે એટલી જ પ્રાર્થના છે, તું હવે એટલું આપજે કે એને સમજણ પડે કે મારે શું કરવાનું છે?

**વહી રહી છે જિંદગી :** ''કોઈના હાથમાં રહી નથી આ જિંદગી સરકી રહી છે, પકડવા છતાં આ જિંદગી પ્રયત્ન કરો કે ના કરો, વહી રહી છે આ જિંદગી'' ગુલાબ જેવા ગાલ પર કરચલીઓ લાવી છે જિંદગી, ભમ્મરવાળા વાળને રંગી રહી છે જિંદગી, હું મોટો થયો, હું મોટો થયો, મોટાને પણ નાનો બનાવી રહી છે આ જિંદગી, અભિમાનના પૂતળાઓને પીગળાવી રહી છે જિંદગી, પતંગના એ પેચમાં લૂંટાઈ રહી છે જિંદગી આયુષ્યની એ ફીરકીમાં વીંટાઈ રહી છે જિંદગી.'' અહમને બાજુએ મૂકીને આપણે જીવીશું, સાથે સાથે કોઈની પાસેથી કોઈ જાતની અપેક્ષા વિના, માત્ર સમર્પણની ભાવના કેળવીને, પ્રેમ પીરસતા રહીશું. સતત હસતા જ રહીશું ને આવતા સંઘર્ષોને હાસ્યમાં ફેરવી શકીશું તો જીવન ધન્ય બની જશે, ને સાચા સુખનું નિર્માણ થશે. ■

## શિક્ષણ સૃષ્ટિ




**જિતેન્દ્રકુમાર ભીખાલાલ જોટાસણા**
લેખક જાણીતા કેળવણીકાર અને
સમાજ ચિંતક છે (અમરેલી)


# અનુભવથી ઘડતર

આપણે ભણતર, ગણતર, ઘડતર અને કેળવણી જેવા શબ્દો વારંવાર સાંભળીયે છીએ. પણ આ કોઈ શબ્દ પાસે નિંરાતે બેસીને તેના મર્મને, ભાવાર્થને સમજવાની કોશિશ કરી છે?

આમ તો આ ચારેય શબ્દો એકબીજાના પર્યાય જેવા લાગે છે પણ... એવું નથી હો. અને આવા શબ્દો સ્કૂલ કોલેજમાં ભણતા હોય તેના માટે જ ખપના છે એવું પણ નથી. ચાલો, આજે આપણે ઘડતર વિષે થોડું ચિંતન, મનન અને શેરીંગ કરીએ.

બાળક જન્મે અને વૃદ્ધ બની પૃથ્વી પરથી વિદાય લે ત્યાં સુધીના સમયગાળામાં જો.. તે, આંખ, કાન અને દિમાગ ખુલ્લા રાખે તો..., ગમે તે ઉંમરે વ્યક્તિ પોતાના જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનું જ્ઞાન, સમજણ, કૌશલ્ય અને અનુભવ ઉમેરતો રહે છે. પોતાના શેષ જીવન માટે અને ભાવિ પેઢી માટે એક નવી સારી કેડી કંડારીને તે જગતને કાંઈક આપતો જાય છે. અને આવા ઘડતર માટે ખાસ કોઈ શિક્ષણની જરૂર પડતી નથી. હા, મક્કમ ઈરાદો જોઈએ.

આ વાત સમજાવવા માટે એક સાચુકલું દ્રષ્ટાંત રજુ કરતાં થોડો સંકોચ એટલે થાય છે કે એ ૬૦ ઉંમરનું ફક્ત પગથી જ દિવ્યાંગ દંપતી મારું પરિચિત છે. એટલે અહીંયા વ્યક્તિગત પ્રશંસા ગૌણ છે, તેનું મોઢું કઈ દિશામાં છે? તેના દિલમાં નવું શીખવા, સમજવાની કેવી તાલાવેલી છે? અને કાંઈક નવું પામીને, સ્વનિર્ભર અને આત્મનિર્ભર વ્યક્તિ નિર્માણ કેમ થાય? એ દિશાની તેની કાચી - પાકી મથામણ મૂલ્યવાન છે. આપણને કદાચ પ્રેરણા મળે.

શોભાબેન - રમેશભાઈ દંપતી. નવું શીખવા માટેના હોંસલા બુલંદ. રમેશભાઈ સારા શિક્ષક, ઉત્તમ વાચક, જીવન સાધક અને છેવાડાના વર્ગના, વંચિતો, પીડિતો, શોષિતો માટે અવાજ ઉઠાવનાર સામાજિક પત્રકાર અને ભાંગ્યાના ભેરુ ! શોભાબેન દસ પાસ. બંને વચ્ચે સુરીલા સંવાદ અને નિખાલસ ચર્ચાનો તંતુ મજબૂત. વીસેક વર્ષ પહેલા શોભાબેને મમરો મુક્યો. 'હેં.. સાંભળો છો ?' મારે વધારે ભણવું હોય તો, હવે ભણાય કે નહીં? ભણાય જ ને, શા માટે ન ભણાય? પણ હવે તારું ભણતર કોઈ નિશાળમાં કે બે - પાંચ ચોપડિયો પુરતું ન હોય. આ જગતરુપી વિશાળ નિશાળમાં ઘણું શીખવા જેવું છે. અને શોભાબેને, કાન સરવા કર્યા. આ જમાનો ઝડપી, ઘોંઘાટિયો, ધાલમેલિયો, દગાફટકાવાળો અને સ્વાર્થી વૃત્તિનો છે. ન કરે નારાયણ અને આપણો વિચાર આવી કાળમુખી ઘટનાની હડફેટે ચડી જઈએ તો..? આપણા પટારામાં કે બેંક ખાતામાં નાણું પડ્યું હોય અને આપણી પાસે માલ - મિલકત હોય એટલું પૂરતું નથી હોતું. આપણા સામાજિક, સરકારી તથા આર્થિક વ્યવહારો અંગેની પુરતી જાણકારી અને તેને સંભાળવા માટેની આવડત હોવી અત્યંત આવશ્યક હોય છે. રમેશભાઈની વાત શોભાબેનના ગળે ઉતરી ગઈ. છતાં નાંણે, છતી સંપત્તિ છતાં ઓશિયાળા થઈને રોઈ રોઈને કોઈક પાસે ભાઈસાહેબ, બાપા કરીને સ્વમાન ગિરવે મુકવું એ કરતાં તો.. જીવન જરૂરી આવડત અને કૌશલ્યો જીવનમાં શા માટે ન ઉમેરવા? બેઉ સહમત થયા. અને બહુ સમજદારીથી પતિ, તેની હયાતીમાં પોતાની પત્નીને ખુમારીવાળી વિધવાનું ગૌરવમય જીવન કેમ જીવી શકાય? એ તાલીમ આપે છે. એક સામાન્ય માણસના રોજિંદા જીવનમાં જેટલી પણ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ સાથે પનારો પડતો હોય એવી તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાની ગાંધીનગર સ્થિત કચેરીઓ આ દિવ્યાંગ દંપતીએ જોઈ છે એટલું નહીં ત્યાં વપરાતી સાંકેતિક, પ્રતિકાત્મક ભાષાને પણ સમજતા થયા છે. પોતાનું કામ હોય કે, સગા-સંબંધી, પાડોશી કે મિત્રોનું કામ હોય. દરેક કચેરીમાં જુગલ જોડી ભેળી જ હોય. ભુખ - તરસ, ટાઢ - તડકો, મુસાફરી અને તન, મન, ધનની મેળવવી ? પછી કામની ઉઘરાણી માટે સ્મૃતિપત્ર લખવા, સાથે જરૂરી આધાર પુરાવા અને સંદર્ભો જોડવા. તેમ છતાં સાચા કામમાં ઈરાદાપૂર્વક વિલંબ થાય ત્યારે ક્રમશઃ જે તે કચેરીમાં રજૂઆત કરવી. હાર્યા, થાક્યા વગર અને ભ્રષ્ટ રસ્તાને પોષ્યા વગર કામ પાર પાડવા માટે મથ્યા કરવું એનું નામ મોજીલું - ખોજીલું દંપતી. રસ ઐક્ય વિકસાવ્યું છે. સાહિત્ય ગોઠડી હોય કે મોટીવેશનલ કાર્યક્રમ હોય. સારું જોવાનું, સાંભળવાનું અને નવીન શીખવાનું હોય, એતવીસમી સદીના મૈત્રી યુગમાં શ્રધ્ધા ધરાવતું આ યુગલ પરણ્યું પછીના બીજા વર્ષે અભણ પણ કોઠાસૂઝવાળા માતા - સમજુમાએ 'પુત્રના લક્ષણ પારણાંમાંથી અને વહુનાં લક્ષણ બારણાંમાંથી' ઉક્તિ મુજબ પુત્રવધુના આચાર વિચાર જોઈને પ્રખ્યાત દુહો ગાયો હતો. "કુવા ઢાંકણ પાવઠું" ને જગની ઢાંકણ જાર / બાપનું ઢાંકણ બેટડો, ને ઘરની ઢાંકણ નાર.

ન્હાયા એટલું પુણ્ય ! જીવનમાં જેટલું ઉપયોગી ઉમેરાય એટલું ઉમેરણ કરવા મથતા આ પતિ - પત્ની પોતાના સ્વયં અનુભવથી કહે છે. અનુભવ જેવો મોટો કોઈ ગુરુ નથી. ■ મો.૯૪૨૮૫ ૬૦૮૯૩

# નારી સૃષ્ટિ



**શ્રીમતી ગીતા ઉનડકટ**
ભારતીય સંસ્કૃતિની પક્ષધર અને
નારીવાદી લેખિકા, રાજકોટ.

# કુટુંબમાં સ્ત્રીઓનું કર્તવ્ય

આજના આધુનિક યુગમાં સ્ત્રીઓની બૌદ્ધિક, વ્યવસાયિક કે માનસિક ક્ષમતા વધી રહી છે. વળી સ્ત્રીઓ જ કુટુંબમાં પોતાના ગુણો વડે સ્નેહ અને પ્રસન્નતાનું વાતાવરણ પેદા કરે છે. સ્ત્રી તો સામાજિક કે કૌટુમ્બિક જીવનની કરોડરજ્જુ છે અને તે ગમે તેટલી મૉડર્ન કે પ્રગતિશીલ હોય, ગમે એટલી ભણેલી હોય, ગમે તેટલી સારી સર્વિસ કરતી હોય, ઊંચા પદ પર બેસતી હોય અને સારું કમાતી હોય તો પણ તેણે પોતાના કુટુંબનું તો બરાબર ધ્યાન રાખવું જ જોઈએ. આજની સુશિક્ષિત સ્ત્રી બહારની દુનિયામાં ગમે તેટલી પ્રગતિ કરશે પણ એનું સૌથી પહેલું કર્તવ્ય એના કુટુંબ પ્રત્યે તો રહેવાનું જ છે.

સમય તો જરૂર બદલાયો છે. લોકોની વિચારધારા પણ ઘણી બદલાઈ ગઈ છે. પહેલાંના સમયમાં જે રૂઢિચુસ્તતા હતી એમાં ઘણો સુધારો થયેલ છે. જે કાંઈ બંધનો હતાં એમાં પણ ફેરફાર થયા છે. શિક્ષણ વધવાને લીધે લોકોના વ્યવહાર પણ બદલાયા છે છતાંયે આજે પણ કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ છોકરીઓનું સ્વપ્ન હોય છે કે લગ્ન કરીને સુખી ગૃહિણીજીવન ગાળવા મળે.... અમુક ટકા છોકરીઓ આગળ અભ્યાસ કરે છે અથવા અમુક ટકા નોકરી કરે છે પરંતુ મોટા ભાગે તો લગ્ન કરીને સુખ-શાંતિથી જીવન વ્યતીત કરવા ઈચ્છે છે. હવે જેમને લગ્નજીવનને સુખી બનાવવું છે એમને સામાજિક પરંપરાની ઉપેક્ષા કર્યે તો નહિં જ ચાલે. આધુનિક યુગમાં પણ પુરાણા જમાનાની વાતોની અવગણના નહિ જ કરી શકાય કેમ કે અમુક વાતો ક્યારેય જૂની થતી નથી. જીવનમાં સુખ અને આનંદ મેળવવા માટે કર્તવ્યથી કંટાળો કર્યે ક્યાંથી ચાલશે ? સમય ભલે બદલાયો પણ જે કર્તવ્યો સ્ત્રીઓ પહેલાં નિભાવતી હતી એ જ આજે પણ નિભાવવાનાં છે. કર્તવ્યમાં કાંઈ જ ફેરફાર શક્ય નથી.

આજે પણ સ્ત્રીનું અનુપમ સૌંદર્ય તેના સદ્‌ગુણોથી જ શોભે છે. સ્ત્રીઓએ પોતાની વિશિષ્ટ કાર્યશૈલી, કાર્યદક્ષતા અને કુશળતાથી કર્તવ્યપાલન તો કરવાનું જ છે. આધુનિકતાની આંધળી દોડ, ભૌતિક સુખ-સગવડ માટે વધતી અપેક્ષા અને વૈભવ-વિલાસનો દેખાવ કરવાની ઉત્કંઠાને કારણે સ્ત્રીઓની જિંદગી પણ અત્યંત ઝડપી અને વ્યસ્ત બની ગઈ છે. છતાંયે આજની શિક્ષિત સ્ત્રીએ જો સારી ગૃહિણી બનવું હશે તો ઘરનું કામ બરાબર ફરજ સમજીને કરવું જ પડશે. અને ઘરસંસારને પ્રાથમિકતા આપવી જ પડશે. મા-બાપ જ્યારે દિકરીનાં લગ્ન કરે છે ત્યારે સપ્તપદીના સાત વચન પાળવાની પ્રતિજ્ઞા કરવી જ પડે છે ને ?

પરણીને જ્યારે સાસરે જાય છે ત્યારે પણ એક મા દીકરીને જે શિખામણ પહેલાં આપતી હતી તે શિખામણ આજે પણ એક સમજદાર મા પોતાની દીકરીને આપે જ છે. અને કહે છે કે સાસરે જઈને સાસુ-સસરાની સેવા કરજે, ઘરના લોકો સાથે પ્રેમથી રહેજે. નણંદ અને દેવર સાથે ભાઈ-બહેનના જેમ રહેજે, કદી પણ ઊંચે અવાજે વાત ના કરજે. વડીલોની આજ્ઞા પાળજે, એમના વેણ ક્યારેય ના ઉથાપજે... સાસરિયાની નિંદા ના કરજે. કોઈ કડવા વેણ કહે તો સહન કરી લેજે પણ સાસુ-સસરાથી અલગ થવાનો વિચાર નહિ કરીશ. હવે તારી સાસુ એ જ તારી મા છે અને સંસારને સ્નેહ વડે સજાવજે. એક માની શિખામણમાં જ સ્ત્રીના દરેક કર્તવ્ય રહેલાં છે અને જો દરેક દીકરી એની માની આ વાતો સમજીને પરિવારમાં બધાં સાથે પ્રેમથી રહે તો પરિવારમાં બધાં સુખી થાય છે કેમ કે પરિવારમાં હંમેશા સાસુ વહુની ભૂમિકા સૌથી મહત્વની હોય છે. જો સાસુ અને વહુ બંનેના સંબંધમાં મીઠાશ હોય તો ઘરમાં સુખ-શાંતિ રહે છે અને ઘર સ્વર્ગ બની જાય છે. આમ ઘરનાં સુખ-શાંતિનો આધાર ઘરની આ બંને મહત્વની વ્યક્તિ ઉપર રહેલો છે.

આજની સુશિક્ષિત નારી જીવનના દરેક ક્ષેત્રે આગળ આવી રહી છે, ઘરની અને નોકરીની બંને જવાબદારી સંભાળે છે. બાળકોનું ધ્યાન રાખે છે, રસોઈ બનાવે છે, બાળકોને હોમવર્ક પણ કરાવે છે. ક્યારેક કુટુંબની આર્થિક જરૂરિયાતને કારણે ને ક્યારેક ભૌતિક સુખની લાલસામાં કેટલી મુશ્કેલીઓ સહન કરીને પણ સ્ત્રી પરિવારમાં પોતાની ફરજ બજાવે છે અને પતિને સહાયરૂપ થાય છે. છતાંયે જો એક ગૃહિણી તરીકેનું કર્તવ્ય નહિ બજાવે તો એનું લગ્ન-જીવન સફળ નહિ થાય.આ માટે સ્ત્રીઓમાં નમ્રતા, ધીરજ, ક્ષમતા, ઉદારતા, સહનશીલતા અને સંસ્કારિતા હોવાં જરૂરી છે. શિક્ષણનું અભિમાન સંસારમાં કલહ પેદા કરે છે. હું ભણેલી છું. મારો આટલો પગાર છે. આવો અહ્‌મ ના હોવો જોઈએ. ઘણીવાર નોકરી કરતી સ્ત્રીઓમાં ઘમંડ આવે છે. અને સ્વતંત્રતાના નામે સ્વચ્છંદી બની જાય છે. આનું પરિણામ દુ:ખદ આવે છે. પરિવારમાં પતિ અને બાળકો દુ:ખી થઈ જાય છે. કેમ કે પુરુષ બધુ સહન કરી શકે છે. પણ પત્નીનું અભિમાન એ ક્યારેય સહી ના શકે.

આમ, સ્ત્રીઓએ વિશેષ તો કાંઈ કરવાનું હોતું નથી. પતિની ઈચ્છાને આધીન થવામાં કે પરિવારના લોકો માટે કાંઈક કરવામાં, થોડુ સહન કરવામાં, થોડું જતું કરવાની ભાવનામાં અને થોડું નમતું આપવામાં, થોડું ઝૂકવામાં સ્ત્રીઓએ ક્યારેય હીનતા ના અનુભવવી જોઈએ. એમાં કાંઈ નુકસાન નથી. કુટુંબના સુખમાં જ સુખ અને કુટુંબના દુ:ખે દુ:ખી થવું એમાં જ સ્ત્રીઓની મહાનતા છે. ■



**ડો. જિતેન્દ્રકુમાર વીરચંદભાઈ પટેલ**
લેખક ચાણસ્મા કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર,
NSSના પ્રોગ્રામ ઓફિસર, કુશળ સંચાલક,
પત્રકાર અને સામાજિક વિચારક છે.

# "દિકરી નહીં, મરતી માનવતાને બચાવો"

**ડો. જીતેન્દ્રકુમાર વી. પટેલનો ટૂંકો પરિચય :** તેઓ જેઠીબા કે. પટેલ, આર્ટ્સ કોલેજ ચાણસ્માના સંસ્કૃત વિભાગમાં પ્રોફેસર તરીકે ૩૪ વર્ષથી કાર્યરત છે. તેમનું ઘડતર સંઘની શાખાઓમાં થયેલું છે. તેમને શ્રેષ્ઠ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ તથા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના અન્ય એવોર્ડ્સ પણ મળેલા છે. પોતાના લેખનમાં તેઓ સામાજીક અને રાષ્ટ્રીય સમસ્યાઓને ખાસ પ્રાધાન્ય આપે છે. તેમને **"ઉમાસૃષ્ટિ"**માં આવકારતા આપણે હર્ષ અનુભવીએ છીએ.

**પ્રસ્તાવના :** માનવજીવન માત્ર જન્મ અને મૃત્યુ વચ્ચેની એક સફર નથી; તે લાગણીઓ, સંવેદનાઓ, સંબંધો અને સંસ્કારોથી રચાયેલું એક જીવંત કાવ્ય છે. માણસ જ્યારે પ્રેમ અનુભવે છે, ત્યારે તેની અંદર માનવતા ખીલે છે; પરંતુ જ્યારે તેની વિચારસરણી સંકુચિત બની જાય છે, ત્યારે સમાજ ધીમે ધીમે પોતાનો આત્મા ગુમાવતો જાય છે. આજે દુનિયા વિકાસના શિખરો સર કરી રહી છે. વિજ્ઞાન ચંદ્ર સુધી પહોંચી ગયું છે, ટેક્નોલોજીએ સમગ્ર વિશ્વને હાથની હથેળીમાં સમાવી દીધું છે, પરંતુ એક કરુણ સત્ય હજુ પણ હૃદયને ચીરી નાખે છે - આ સમાજ હજુ દીકરીને સમજી શક્યો નથી. આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષ પહેલાં કહ્યું હતું - **'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ।** એટલે કે જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો નિવાસ થાય છે. પરંતુ કરુણ વિસંગતિ એ છે કે આજે દેવીઓને ફૂલ ચઢાવતો માણસ જીવતી સ્ત્રીની આંખોના આંસુ જોઈ શકતો નથી. એક તરફ નવરાત્રિમાં કન્યાપૂજન થાય છે, તો બીજી તરફ ગર્ભમાં જ નિર્દોષ દીકરીઓની હત્યા થાય છે. એક તરફ સ્ત્રીને "માતા" કહી પૂજવામાં આવે છે, તો બીજી તરફ એ જ સ્ત્રી રસ્તાઓ પર પોતાને અસુરક્ષિત અનુભવે છે.

**દીકરી : ઘરના આંગણાની સૌથી સુંદર પ્રાર્થના :** દીકરી માત્ર સંતાન નથી; તે ઘરની દિવાલો પર લખાયેલું સ્મિત છે. તે ઘરની સવારમાં ગુંજતું મીઠું સંગીત છે. ગુજરાતી કવિ અવિનાશ વ્યાસે ખૂબ સુંદર રીતે કહ્યું છે- "દીકરી એટલે વહાલનો વરસતો વરસાદ." ખરેખર, જ્યાં દીકરી હોય છે ત્યાં ઘર માત્ર ઈંટોનું મકાન રહેતું નથી; તે લાગણીઓનું મંદિર બની જાય છે. નાની દીકરી જ્યારે પિતાની આંગળી પકડીને ચાલતા શીખે છે, ત્યારે પિતા જાણે આખી દુનિયાની ખુશી મેળવી લે છે. બહારથી કઠોર દેખાતો પિતા દીકરીના એક આંસુ સામે અંદરથી તૂટી જાય છે. માતા માટે દીકરી માત્ર સંતાન નથી; તે પોતાની લાગણીઓનું પ્રતિબિંબ છે. અંગ્રેજી લેખિકા Laurel Atherton એ કહ્યું છે - "A daughter is one of the most beautiful gifts this world has to give." દીકરીનું હૃદય ખૂબ નાજુક હોય છે. તે પોતાના દુઃખ કરતાં પરિવારની ખુશીને વધારે મહત્વ આપે છે. જ્યારે દીકરી વિદાય સમયે પિતાના આંગણે છેલ્લી વાર નજર કરે છે, ત્યારે માત્ર એક દીકરી જ નથી જતી; એ સાથે ઘરનું હાસ્ય, બાળપણની ચહક અને માતા-પિતાના હૃદયનો એક ટુકડો પણ ચાલ્યો જાય છે. કેટલીક દીકરીઓ પોતાના સપનાઓનો ગળું ઘૂંટીને પરિવારની ખુશી માટે જીવતી રહે છે. પોતાના મનના દુઃખને આંખોમાં જ દફનાવી દે છે. કદાચ એટલે જ કહેવાય છે કે સ્ત્રીનું હૃદય દરિયા કરતાં પણ વધારે ઉંડું હોય છે.

**કન્યાભ્રૂણહત્યા : ગર્ભમાં જ દફનાતી ચીસો :-** વિચાર કરો...એક નાનકડી દીકરી ગર્ભમાં ધીમે ધીમે આકાર લઈ રહી હોય છે. તેને હજુ દુનિયા જોઈ નથી. તેને હજુ માતાના ચહેરા પરનું સ્મિત જોયું નથી. તેને હજુ પિતાની આંગળી પકડવાની તક મળી નથી. પરંતુ સમાજ પહેલેથી જ નક્કી કરી લે છે કે તેને જીવવાનો અધિકાર નથી. આ કેટલું ભયાનક છે ! ગર્ભમાં ધબકતું એ નાનું હૃદય કોઈ ગુનેગાર નથી. તે તો માત્ર આ દુનિયામાં આવવાની આશા લઈને જીવતું હોય છે. પરંતુ સમાજની સંકુચિત માનસિકતા તેને જન્મ પહેલાં જ મોત આપી દે છે. સાહિર લુધિયાનવીએ લખ્યું છે-**"કલી કો ખિલને દો, ઉસે મુસ્કુરાને દો।"** પરંતુ આ સમાજ તો કળી ખીલવા પહેલાં જ તેને કચડી નાખે છે. નિદા ફાઝલીની પંક્તિ જાણે દરેક ગર્ભમાં ધબકતી દીકરીની પીડા બની જાય છે- **" મૈં બેટી હૂં, મુજે જન્મ લેને દો; મૈં ભી આસમાન છૂ સકતી હૂં।"** એક માતા જ્યારે પોતાના ગર્ભમાં ઉછરતા બાળકને ગુમાવે છે, ત્યારે માત્ર શરીર નહીં, આત્મા પણ રડી પડે છે. ઘણી માતાઓ પોતાની ઈચ્છા વિરુદ્ધ ગર્ભપાત માટે મજબૂર બને છે. એ સમયે તેમની આંખોમાંથી માત્ર આંસુ નહીં, પરંતુ મૌન ચીસો વહેતી હોય છે. શું કોઈએ ક્યારેય વિચાર્યું છે કે જો દરેક ઘરમાં દીકરીઓને જન્મતા પહેલાં જ મારી નાખવામાં આવશે, તો આવતીકાલે કોઈ "મા" ક્યાંથી આવશે? કોઈ બહેન ક્યાંથી આવશે? કોઈ પત્ની ક્યાંથી આવશે ? દીકરીને મારી નાખવી એટલે માત્ર એક જીવન નહીં, પરંતુ આખી માનવતાનું ભવિષ્ય મારી નાખવું.

**દહેજ : જ્યારે સંબંધો વેચાઈ જાય છે :** લગ્ન જેવો પવિત્ર સંબંધ જ્યારે પૈસાની તુલા પર ચડાવવામાં આવે, ત્યારે માનવતા શરમાઈ જાય છે. એક પિતા આખી જિંદગી મહેનત કરે છે. પોતાના સપનાઓ છોડે છે. પોતાના વૃદ્ધાવસ્થાના સહારા માટે બચાવેલા પૈસા પણ દીકરીના લગ્નમાં ખર્ચી નાખે છે. કારણ કે તેને ડર હોય છે-"સમાજ શું કહેશે ?" ગુજરાતી

# નારી સૃષ્ટિ

સાહિત્યકાર હરીન્દ્ર દવેએ લખ્યું છે - **"જ્યાં પ્રેમ વેચાય છે, ત્યાં સંબંધો મરી જાય છે."** દહેજના કારણે કેટલીય દીકરીઓ દરરોજ અપમાન સહે છે. કોઈની આંખોમાંથી નિ:શબ્દ આંસુ વહે છે, કોઈની આશાઓ સળગી જાય છે, તો કોઈનું આખું જીવન આગમાં ભસ્મ થઈ જાય છે. ઘણી દીકરીઓ એવી પણ હોય છે, જે પોતાના માતા-પિતાની ઈજ્જત માટે બધું સહન કરતી રહે છે. કોઈ પતિના કઠોર શબ્દો સહે છે, કોઈ સાસરિયાના અપમાન સહે છે, તો કોઈ પોતાના જ ઘરમાં અજાણી બની જાય છે. કેટલાંક ઘરોમાં દીકરીને વહુ નહીં, પરંતુ દહેજ સાથે આવેલી વસ્તુ સમજી લેવામાં આવે છે. કેટલીય દીકરીઓ રાત્રે પોતાના રૂમમાં એકલી રડીને માત્ર એટલું વિચારે છે -"શું હું મારા માતા-પિતાને બોજ હતી ?" આ પ્રશ્ન કોઈ દીકરીના હૃદયને અંદરથી તોડી નાખે છે. વિચાર કરો - જે દીકરી પોતાના માતા-પિતાનું ઘર છોડીને અજાણ્યા ઘરને અપનાવે છે, એ જ દીકરીને પૈસાની તુલા પર કેમ તોલવામાં આવે છે ? શું દીકરી કોઈ વસ્તુ છે ? શું તેના સપનાઓની કોઈ કિંમત નથી ?

### સ્ત્રી : માત્ર શરીર નહીં, સંવેદનાઓનો સાગર

મહાદેવી વર્માએ ખૂબ હૃદયસ્પર્શી શબ્દોમાં કહ્યું છે - **"ઔરત વન શરીર નહીં, સંવેલનાં સંસાર હૈ?"** પરંતુ દુર્ભાગ્યે આજનો સમાજ ઘણીવાર સ્ત્રીને માત્ર શરીર તરીકે જ જોવાનો પ્રયાસ કરે છે. રસ્તાઓ પર, કાર્યસ્થળે, શાળાઓમાં-કેટલીય સ્ત્રીઓ રોજ અસુરક્ષાનો અનુભવ કરે છે. દરરોજ સમાચારપત્રોમાં બળાત્કાર, છેડતી અને અત્યાચારના સમાચાર વાંચીને મન કંપી ઊઠે છે. કોઈ નાની બાળકીની ચીસો, કોઈ બહેનની લાચારી અને કોઈ માતાની રડતી આંખો સમાજના મૌન પર પ્રશ્નચિહ્ન મૂકી દે છે. સ્ત્રી જ્યારે ઘરની બહાર પગ મૂકે છે, ત્યારે ઘણીવાર તેને પોતાના સપનાઓ કરતા પોતાની સુરક્ષાની વધારે ચિંતા કરવી પડે છે. કેવી કરુણ પરિસ્થિતિ છે કે જેને "શક્તિ" કહેવામાં આવે છે, એ જ સ્ત્રીને પોતાની સલામતી માટે ડર સાથે જીવવું પડે છે. સમાજે સ્ત્રીના કપડાં પર ચર્ચા કરી, તેના હાસ્ય પર પ્રશ્ન ઉઠાવ્યા, તેના ચાલવા-બોલવા પર નિયંત્રણ મૂક્યાં; પરંતુ ક્યારેય પુરુષોની નજર અને વિચારસરણીને બદલવાનો ગંભીર પ્રયાસ કર્યો નથી. સાચી પ્રગતિ એ નથી કે શહેરોમાં ઊંચી ઈમારતો ઊભી થાય; સાચી પ્રગતિ એ છે કે દીકરી રાત્રે પણ નિર્ભય બની ઘરે પાછી ફરી શકે.

### આધુનિકતા : ચમકતા ચહેરા પાછળ મરતી સંવેદનાઓ :-

આજે સમાજ આધુનિક બનવાનો ગર્વ કરે છે. સરકારો "બેટી બચાવો"ના નારા આપે છે, શહેરોની દિવાલો પર દીકરીના સ્મિતવાળા પોસ્ટરો ચોંટાડાય છે, મંચો પર સ્ત્રીસશક્તિકરણના ભાષણો થાય છે અને સોશિયલ મીડિયા પર દીકરીના માનમાં લાંબી પોસ્ટો લખાય છે; પરંતુ હકીકતમાં કેટલી દીકરીઓ સુરક્ષિત છે ? કેટલાં ઘરોમાં આજે પણ દીકરીના જન્મે નિ:શબ્દ નિરાશા નથી ફેલાતી ? કેટલી સ્ત્રીઓ હજુ પણ પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ નથી કરતી ? આ સમાજ દીકરીના ફોટા સાથે "પ્રાઉડ ફાધર" લખી શકે છે, પરંતુ એ જ સમાજ રસ્તા પર કોઈ સ્ત્રી સાથે અન્યાય થતો જોઈને મૌન રહી જાય છે. સરકારો યોજનાઓ જાહેર કરે છે, કાયદા બનાવે છે, ભાષણો આપે છે; પરંતુ જ્યારે કોઈ દીકરી અત્યાચારનો ભોગ બને છે, ત્યારે ઘણીવાર ન્યાય વર્ષો સુધી ફાઈલોમાં જ દફનાઈ જાય છે. આધુનિકતા હવે માણસના કપડાંમાં દેખાય છે, વિચારોમાં નહીં, ટેક્નોલોજી વધી છે, પરંતુ સંવેદનાઓ ઘટી ગઈ છે. માણસ હવે મોબાઈલમાં "Respect Women' લખે છે, પરંતુ પોતાના ઘરની સ્ત્રીની આંખોમાંનું દુઃખ વાંચવાનો સમય નથી. મહાકવિ કાલિદાસે માનવભાવનાઓની પવિત્રતાને ખૂબ મહત્વ આપ્યું હતું, પરંતુ આજનો સમાજ લાગણીઓ કરતાં દેખાવને વધારે મૂલ્ય આપે છે.

### માતા : જેના આંચલમાં આખું બ્રહ્માંડ વસે છે

માતા પોતાના સંતાન માટે અનંત દુઃખ સહન કરે છે. પોતાનું સુખ, આરામ અને સપનાઓ છોડીને બાળકનું ભવિષ્ય ઘડે છે. સંસ્કૃત સુભાષિતમાં કહેવામાં આવ્યું છે - "નાસ્તિ માતૃસમાં છાયા, નાસ્તિ માતૃસમા ગતિ:? એટલે કે માતા જેવી છાયા અને આશ્રય બીજો કોઈ નથી. ગુજરાતી લોકસાહિત્યમાં ગવાયું છે - **"જનનીની જોડ સખી નહીં જડે રે લોલ..."** કારણ કે માતાનું સ્થાન આ જગતમાં અદ્વિતીય છે. બાળકને દુનિયાનો પહેલો સ્પર્શ માતાના હાથથી મળે છે. બાળકને પ્રથમ ભાષા માતાની આંખોમાંથી સમજાય છે. જ્યારે બાળક બીમાર પડે, ત્યારે સૌથી વધારે પીડા માતાને થાય છે. આખી રાત જાગીને પોતાના સંતાનના માથા પર હાથ ફેરવતી માતા કદાચ દુનિયાની સૌથી નિઃસ્વાર્થ વ્યક્તિ છે. **આદિ શંકરાચાર્યે કહ્યું છે - "કુપુત્રો જાયેત ક્વચિદપી કુમાતા ન ભવતિ ।"** ખરાબ પુત્ર જન્મી શકે, પરંતુ ખરાબ માતા ક્યારેય નથી હોતી. વિચાર કરો - જે સમાજ "મા" શબ્દને પવિત્ર માને છે, એ જ સમાજ જીવતી સ્ત્રીને સન્માન કેમ આપી શકતો નથી ?

**ઉપસંહાર :** દીકરીને બચાવવાની જરૂર એટલી નથી, જેટલી સમાજની માનસિકતાને બચાવવાની છે. . વિકૃતિ દીકરીમાં નથી; વિકૃતિ એ વિચારોમાં છે, જે સ્ત્રીને માન આપતાં શીખ્યા નથી. જયશંકર પ્રસાદે ખૂબ સુંદર રીતે કહ્યું છે-**"નારી તુમ કેવલ શ્રદ્ધા હો"** ખરેખર, સ્ત્રી માત્ર શરીર નથી; તે શ્રદ્ધા છે, સર્જન છે અને માનવતાનો શ્વાસ છે. જો સમાજમાંથી સ્ત્રી પ્રત્યેનું સન્માન ખોવાઈ જશે, તો માનવતા પણ ખોવાઈ જશે. ચાલો, આજે સંકલ્પ કરીએ કે આપણે માત્ર "બેટી બચાવો"ના નારા સુધી સીમિત નહીં રહીએ, પરંતુ એવો સમાજ બનાવીએ જ્યાં કોઈ દીકરીને જન્મતાં પહેલાં મરવું ન પડે, કોઈ બહેનને દહેજ માટે રડવું ન પડે અને કોઈ માતાને પોતાના અસ્તિત્વ માટે લડવું ન પડે. કારણ કે અંતે સત્ય તો એક જ છે - "જ્યાં દીકરી હસે છે, ત્યાં ઈશ્વર પણ આશીર્વાદ બની વરસે છે; અને જ્યાં દીકરી રડે છે, ત્યાં માનવતા નિ:શબ્દ મરી જાય છે."

મો. ૬૩૫૫૫ ૧૧૫૯૭


BIS
HUID JEWELLERY
JC SONI™
JEWELLERS
PVT.LTD
INDIA | USA
Soni Jayendrakumar Chunilal
(Paliyadwala)
Pride of The Bride
WEDDING COLLECTION
OPP. HARIDARSHAN SOCIETY,
RAMJI MANDIR, RANIP, AHMEDABAD 382480
+91 97129 73101
412, HARDING PI ST 103,
NASHVILLE, TN 37211
+1 615 802 8650
12197 LEBANON RD,
SHARONVILLE, CINCINNATI, OH 45241
+1 224 415 4678



ડૉ. નરેભરામ જે. રાંકજા
મેમ્બર ફોર બોર્ડ ઓફ સ્ટડીઝ,
મારવાડી યુનિવર્સિટી, રાજકોટ અને પૂર્વ પ્રોફેસર,
જુનાગઢ કૃષિયુનિવર્સિટી, જુનાગઢ

# "ઘેરો વડલો ને ઘેરી છાયડી રે લોલ...."

જુનાગઢના ઈન્દ્રભારતી બાપુ રચિત એક સરસ મજાનું બાપ માટેનું ગીત, જે નામાંકિત કલાકારો દ્વારા લોકડાયરામાં વારંવાર ગવાય છે, તેના શબ્દો છે...

**ઘેરો વડલો ને ઘેરી છાયડી રે લોલ, ઘેરા કુટુંબમાં મારો બાપ રે,**
**મીઠો છાયડો છે મારા બાપનો રે લોલ...**
**આંગળી હે પકડીતી મારા બાપની રે લોલ...**
**ચાલ્યો હું તો ડગું મળ્યું ચાલ રે....**

આ ગીત એક બાપ, જેને આપણે પિતા કહીએ છીએ, તેના માટે લખાયેલ છે. પિતા એટલે એક ઘેઘૂર વડલો. જેમ વડવાઈમાં ઝૂલવાની મજા એક અનોખી હોય છે, તેમ બાપના લાડ પણ કંઈક અનોખા હોય છે, જે દેખાતા નથી. કુટુંબ માટે પિતાની ભૂમિકા જોઈએ તો તે પરિવાર માટે આધારસ્તંભ છે. તે મીઠો પાતાળિયો કૂવો છે, જેના મીઠા જળ પીવાથી મન તૃપ્ત થઈ જાય છે. બાળક જન્મે ત્યારે સૌથી પહેલા માતાને ઓળખતું થાય છે અને જ્યારે તે માતાના ખોળામાંથી ઉતરીને પગલી ભરવાનું શરૂ કરે છે, ત્યારથી તે પોતાના પિતાને ઓળખવા લાગે છે. પિતાની આંગળી પકડીને બાળક ઘરના ઉંબરાથી બહારની દુનિયામાં પ્રવેશે છે. બાળક નાનું હોય ત્યારે તેનો પ્રથમ સુપરહીરો તેનો પિતા જ હોય છે. પિતાની ભૂમિકા તો બાળકના આવવાના એંધાણ સાથે જ શરૂ થઈ જાય છે, જે મૃત્યુ સુધી અવિરત ચાલુ રહે છે. તે બાળકોના અભરખા પૂરાં કરવા માટે હંમેશા સક્રિય રહે છે. બાળકોના ભવિષ્યની ચિંતા માટે તે પોતાના ફાટેલા ગંજી તરફ પણ ક્યારેય ધ્યાન આપતા નથી. આપણને ક્યારેક એવું લાગતું હોય છે કે તે કઠણ વલણ અપનાવે છે કે કઠોર હૃદયના બની જાય છે, પરંતુ તે પણ સંતાનના હિતમાં જ કરતા હોય છે. આપણને ક્યારેય ખ્યાલ નથી હોતો કે આવા કઠણ વલણ અપનાવવા માટે તે છાને-ખૂણે રડી પણ લેતા હોય છે. બાળપણમાં ઘોડી બનીને રમાડતા, આંગળી પકડીને નિશાળે મૂકવા આવતા, બાળકની સફળતામાં ખુશ થઈ નાચી ઉઠતા, સમાજમાં ગર્વથી ટટ્ટાર ઊભા રહેતા શીખવતા, એ બાપની ભૂમિકા તો જીવનમાં કંઈક અનોખી જ છે.

પિતાનું સ્થાન દરેકના જીવનમાં કંઈક અનોખું હોય છે. પિતા આદર્શ હોય છે. તેમની પાસેથી આપણે આપણા વ્યક્તિત્વ અને મનનો વિકાસ કરીએ છીએ. આપણે તેમના દ્વારા શીખવેલા માર્ગ પર ચાલીને



જીવનમાં આગળ વધીએ છીએ. પિતા હંમેશા બાળકોને હાર ન માનવા અને આગળ વધવાની શીખામણ આપી આપણો જુસ્સો વધારે છે. આ દુનિયામાં પિતાથી મોટો માર્ગદર્શક કોઈ ન હોઈ શકે. બાળક તેના પિતામાંથી જે ગુણો શીખે છે, તે તેને જીવનભર સંજોગો અનુસાર અનુકૂળ થવામાં ઉપયોગી થાય છે. તેમની પાસે બાળકોને આપવા માટે જ્ઞાનના અમૂલ્ય ભંડાર હોય છે, પછી ભલે તેઓ ઓછું કે વધુ ભણેલા હોય, જે ક્યારેય ખતમ થતા નથી. એક બાળક જે સપના જુએ છે, તે સપનાઓને સાકાર બાપ જ કરે છે. બાળકોના સપના પૂરા કરવા માટે એક પિતા તેમનો થાક, ભૂખ, શરમ બધું જ ભૂલી જાય છે. પિતાની એક ખાસિયત એ છે કે તેઓ બીજાની જેમ જાહેરમાં રડી શકતા નથી, પણ એકલા હોય ત્યારે મોઢું છુપાવીને ડૂસકાં ભરી લ્યે છે. માતા તો જાહેરમાં રડીને તેમનાં દુઃખને હળવા કરી લે છે, પરંતુ પિતા તેમના બાળકોને હિંમત આપવા માટે હંમેશા તેમની સામે મજબૂત બનીને ઉભા રહે છે. જ્યારે જ્યારે માતા બાળકોને વઢે છે, ત્યારે પિતા છાનાંછપનાં બાળકોની જીદ પૂરી કરવા પાછળથી મોઢા ઉપર આંગળી રાખીને ઈશારો કરે છે કે હવે ચુપ થઈ જા, પછી તારું કામ થઈ જશે. આમ પિતા સામે હોય તો બાળકની જીદ પણ પૂરી થાય છે. બાળકો ભાગ્યશાળી હોય છે કે તેમને બાળપણનો ભાર ઉપાડનાર અને માથા પર હાથ મુકનાર પિતા મળે છે. સપના તો દરેક બાળકના હોય છે, પરંતુ તેને દિશા આપનાર એક બાપ હોય છે. પિતાની ઉપમા દીવા સાથે આપી શકાય, કારણ કે તેઓ બાળકના જીવનને પ્રકાશિત કરવા માટે પોતે બળી જાય છે. ક્યારેક ગુસ્સો પણ કરે છે, પરંતુ તે ગુસ્સા પાછળ હંમેશા બાળકનું હિત અને પ્રેમ છુપાયેલા હોય છે. પિતા માત્ર પરિવારનો મુખ્ય સ્તંભ જ નહીં, પરંતુ તેઓ આપણને જીવનની મૂળભૂત વાતો

# સમાજ સૃષ્ટિ

શીખવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેઓ આપણને સત્ય, ન્યાય, કરુણા અને સહકાર જેવા ઉત્તમ ગુણો શીખવે છે. આપણે દરેકે અનુભવ્યું છે કે જ્યારે ઘરની બહાર નીકળતાં કોઈ નાનો ખાડો આવે અને તેમાં આપણો પગ લપસી જાય, તો તરત જ આપણા મોઢામાંથી નીકળી જાય છે કે "ઓ મા", પરંતુ જ્યારે મોટી આફત આવી પડે, દાખલા તરીકે આપણે રસ્તો ઓળંગતા હોઈએ ત્યારે કોઈ ટ્રક વધારે ઝડપે બહુ નજીક આવી જાય અને અકસ્માત થવાનો ભય થાય, ત્યારે આપણા મોઢામાંથી "ઓ બાપરે" એવા શબ્દો સરી પડે છે. જે કુદરતી રીતે સાબિત કરે છે કે નાની તકલીફોમાં "મા" યાદ આવે છે, જ્યારે જીવનની મોટી અને અઘરી તકલીફોમાં બાપ યાદ આવે છે.

એક સત્ય હકીકત છે કે આપણે માને ઈશ્વરનો દરજ્જો આપીએ છીએ, પરંતુ બાપને બાપ જ સમજીએ છીએ. કદાચ એટલેજ બાપે પોતાની જાતને ક્યારેય ઉચ્ચ કેટેગરી માટે નોમિનેટેડ કરી જ નથી. ક્યારેક મા આપણને કહેતી હોય છે કે, "ખબરદાર જો આમ કર્યું છે તો, આવવા દે તારા બાપને, બધું જ કહી દઈશ." આવા વાક્યો દરેક માએ પોતાના બાળકને નાનપણમાં કહ્યાં જ હશે. આવા સંજોગોમાં બાપ ન છૂટકે બાળકોનો દુશ્મન બની જતો હોય છે. આવા વિરોધાભાસમાં જ પિતાનું સાચું સ્વરૂપ છુપાયેલું હોય છે. પિતાનો નિઃસ્વાર્થ પ્રેમ તો જુઓ- જ્યારે આપણે સ્કૂલમાં દાખલ થઈએ છીએ ત્યારે આગળ આપણું નામ હોય છે અને પાછળ પિતાનું નામ હોય છે, જે કહેવા માગે છે કે "તું આગળ વધ, જ્યાં અટકીશ ત્યાં પાછળ હું ઊભો છું."

એક બાપનો પોતાના બાળક માટે ત્યાગ શું હોય છે તેનો કરુણ દાખલો એક લેખક દ્વારા આપવામાં આવ્યો છે. તે પરથી ખ્યાલ આવશે કે બાપ શું છે? એક વખત એક બાળક ખૂબ જ ગુસ્સો કરીને ઘરેથી ભાગી ગયો. તેનું કારણ એ હતું કે તેના પિતાએ તેને મોટરસાયકલ લઈ દેવાની ના પાડી હતી. એટલા ગુસ્સામાં અને ક્રોધમાં આ બાળક પોતાના બૂટ પહેરવાના બદલે તેના પિતાના બૂટ પહેરીને ચાલતો થઈ ગયો અને સાથે તેના પિતાનું પર્સ પણ લઈ ગયો, જે પર્સને તેના પિતા કોઈને હાથ પણ અડાડવા દેતા નહોતા. ભાગતા ભાગતા તેણે જોયું કે રસ્તા ભીના હોવાને કારણે તેના પગ પણ ભીના થતા હોય તેમ લાગ્યું. પછી તેણે પગ ઊંચકીને જોયું તો આ બૂટના તળિયા તૂટેલા હતા. માંડ માંડ કરીને બહાર ગામ ભાગી જવા માટે તે બસ સ્ટેન્ડ સુધી પહોંચી શક્યો. બસ સ્ટેન્ડ જઈને તેણે પિતાનું પર્સ ખોલીને જોયું તો અંદર એક કાગળની કાપલી હતી અને તેમાં લખેલું હતું કે લેપટોપ માટે ચાલીસ હજાર રૂપિયા લીધા છે. બીજી એક કાપલી નીકળી અને તેમાં તેની ઓફિસમાં એક દિવસ "હોબી ડે" હતો તેના વિશે લખ્યું હતું–કે સારા બૂટ-ચંપલ પહેરીને આવવું, જે તેના પિતા નો હોબી (શોખ) હતો. તેને વિચાર્યું કે પિતાનો શોખ સારા બૂટ પહેરવાનો લખ્યો છે અને તેઓ જુના-તૂટેલા બૂટ પહેરીને ફરે છે. તેને ખૂબ જ આઘાત લાગ્યો અને તે દોડતો દોડતો પાછો પોતાના ઘેર ગયો. જોયું તો તેના પપ્પા ઘેર હતા નહીં. તેને તરત જ એક વિચાર આવ્યો અને સીધો જ મોટરસાયકલ વાળાની એજન્સીએ ગયો. ત્યાં જઈને જોયું તો તેના પપ્પા મોટરસાયકલ વાળા સાથે હપ્તે મોટરસાયકલ લેવા અંગે ચર્ચા કરતા હતા. તે તરત જ તેના પપ્પા પાસે પહોંચી ને તેના ખભા ઉપર માથું રાખીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો અને કહેવા લાગ્યો કે, "પપ્પા, મારે મોટરસાયકલ નથી જોઈતું. મારે તો તમારા નવા બૂટ ખરીદવા છે." આ ઉપરથી બાપની વેદના જાણવા મળે છે કે બાપ પોતાના બાળકને નારાજ કરવા માંગતા નથી, પરંતુ તેની કંઈક મજબૂરી હોય છે.

એક બાપ વગર આપણી ઓકાત શું છે તે જાણવું હોય તો એક દિવસ પપ્પા સાથે શેરીમાં આંટો મારવો અને એક વખત એકલા આંટો મારવો. એટલે ખબર પડી જશે કે એકલા હોઈએ ત્યારે આપણને કોઈ બોલાવવાનું તો ઠીક, પણ કોઈ સામું પણ નહીં જુએ. એટલે એ સમજી લેવાનું કે આપણે જે કંઈ છીએ તે આપણા બાપને લીધે છીએ. હવે તો આ ભૌતિકવાદના યુગમાં મોટા ભાગના લોકો પાસે સાધન-સંપત્તિ આવી ગઈ છે, એટલે અત્યારે બહુ ઓછી તકલીફ પડે છે. પરંતુ આજથી ચાલીસ-પચાસ વર્ષ પહેલાં ગામડામાં દીકરા-દીકરીના લગ્ન પ્રસંગ કેમ કાઢવા તે ફક્ત બાપ જ જાણતો હતો. બાપનું વિશાળ દિલ દેવું કરીને પણ હસતાં મોઢે પ્રસંગ ઉજવતું હતું. બાપ આપણા માટે ભગવાન નથી, પરંતુ ભગવાનથી પણ વિશેષ છે, કેમ કે ભગવાન તો સુખ અને દુઃખ બંને આપે છે, જ્યારે બાપ તો ફક્ત સુખ જ આપે છે. બાપની હાજરી સૂરજ જેવી હોય છે. સૂરજ ગરમ જરૂર હોય છે, પરંતુ ન હોય તો અંધારું છવાઈ જાય છે. આપણા તો ફક્ત સપના હોય છે, પરંતુ તે સપનાઓને દિશા આપવાનું તેમજ પૂરાં કરવાનું કામ તો બાપ જ કરે છે. પિતા ભણાવવા કરતાં ગણાવવાનું કામ વધુ કરે છે. કમાયેલું ધન દીકરાને આપવાનું અને કાળજાના કટકા જેવી દીકરી પારકાને આપી દેવી એ તો ફક્ત બાપ જ કરી શકે. ■

મો.૯૮૨૫૯ ૫૦૪૬૨

# સમાજ સૃષ્ટિ




**ડો. જયેશ વાછાણી**

સુપ્રસિદ્ધ લેખક, દિવ્ય ભાસ્કર કોલમિસ્ટ, 'ઉમિયા પરિવાર'ના તંત્રી, મોટીવેશનલ સ્પીકર, એજ્યુકેશનિસ્ટ, બિલ્ડર્સ, એન્જલ ઇન્વેસ્ટર


# આવી પીડા આપણને થાય છે ?

**ડો. જયેશ વાછાણીનો ટૂંકો પરિચય :** ગુજરાતી ભાષાના જાણીતા લેખક ડો. જયેશ વાછાણીએ પી.એચ.ડી.ની ડીગ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાંથી મેળવી વર્ષ - ૨૦૦૦માં પટેલ કેળવણી મંડળ - જુનાગઢની કોલેજમાં પ્રોફેસર / પ્રિન્સિપાલ તરીકે જોડાયા. ત્યારપછી નોલેજ ગુરુકુલ એમબીએ કોલેજ, વીવીપી એન્જિનીયરીંગ કોલેજ અને હરીવંદના કોલેજમાં પણ સમયાંતરે નોકરી કરી. જયહિંદ અને ફૂલછાબમાં ૨૦ વર્ષ કટાર લેખન કર્યું. તેમના પુસ્તક "હેટ્સ ઓફ જિંદગી" અને "આઈ લવ મી" ખૂબ પ્રસિદ્ધી પામ્યા છે. તેઓ સિદસર ઉમિયા માતાજી મંદિરના મુખ પત્ર **"ઉમિયા પરિવાર"**નું તંત્રી પદ સંભાળે છે. તેઓ પ્રભાવી વક્તા અને કુશળ સંચાલક છે. તેઓ પારિવારીક અને સામાજિક સમસ્યાઓને વિશેષ રીતે ઉજાગર કરે છે.તેમને **ઉમાસૃષ્ટિમા** આવકારતા આપણે ગૌરવ અનુભવીએ છીએ.

ગુજરાતી મૂવી 'લાલો' તો જોઈ જ લીધી હશે. નહીં જોઈ હોય તોય એના વિશે સાંભળ્યું તો હશે જ. આ મૂવીમાં મુખ્ય પાત્ર લાલાના જીવનને સુધારવા, ભગવાન લાલો માર્ગદર્શન આપે છે, મદદ કરે છે એ વાત તો હવે સૌ જાણે છે. પણ, આ મૂવીમાં લાલાની પાડોશમાં રહેતા માસીના પાત્રમાંથી સમાજે ઘણું સમજવા જેવું છે. દારૂ પી'ને લાલો જ્યારે પત્ની તુલસી સાથે માથાકૂટ કરતો હોય ત્યારે કે ઉઘરાણી માટે આવેલા શેરીના ગુંડા મવાલીઓ તુલસી સાથે અજુગતું વર્તન કરતાં હોય ત્યારે કે જ્યારે જ્યારે તુલસી સાથે ખોટું થતું હોય ત્યારે, પોતાને પર્સનલ કશી લેવાદેવા ન હોવા છતાં પાડોશમાં રહેતા માસી તુલસીની વહારે આવે છે.

ભગવાન લાલો તો ભગવાન થઈ, લાલાની મદદ કરે છે જ્યારે આ માસી તો એક સામાન્ય માણસ હોવા છતાં પોતાની જટાયુવૃત્તિનો પરિચય આપી અન્યાય કે ખોટું થતું હોય ત્યાં સાચાની પડખે ઊભું રહેવાનું શીખવાડે છે. ખોટો કે ખરાબ હોય તેને છડેચોક, લાલ આંખ બતાવી; આંખે થઈને પણ, સાચા સાથે રહેવાનું આ પાડોશી માસી સમજાવે છે. આજના સમયમાં પરિવાર પાડોશ કે સમાજમાં, આવી જટાયુવૃત્તિની ખૂબ અછત છે. જે સાચો છે, સારો છે એની પડખે રહી, ખોટા કે ખરાબને ડારો દેવાનું ચૂકી જવાય છે. કોઈને થતાં અન્યાય વખતે, સંવેદનાની કમી વર્તાય છે. બીજાને એના દ્વારા પડતી હેરાનગતિ સમજતાં હોવા છતાં, એની મથરાવટી મેલી છે એવું જાણતા હોવા છતાં, આપણને અત્યારે એનાથી કશું નુકશાન નથી એવું માની, એને ટકોર કરવાની કે પડતા મેલવાની, અરે, ઓછામાં ઓછું એની સાથે આપણો વ્યવહાર સીમિત કરવાની પણ આપણે હિંમત કે પહેલ કરતાં નથી. ઊલટાનું, આવા અસામાજિકોને ભાઈ ભાઈ કરી, મંચ મહત્વ માન આપી, આપણે જ મોટા કરીએ છીએ! ગાંધીજીએ તો આવા અનિષ્ટો સાથે અસહકારને પવિત્ર ફરજ ગણાવી છે! એમણે કીધેલું કે;

non-cooperaion with evil is sacred duty.

બીજા સાથે ખોટું કે ખરાબ કરે ત્યારે જ એને ઓળખીને આઘો કરાય કે આપણી સાથે એ ખોટું ખરાબ કરે એની રાહ જોવાય? યુરીપીડિસની એક વાત વાંચેલી કે જ્યારે જ્યારે કોઈ સજ્જન વ્યક્તિ ઘવાય ત્યારે, જેઓ સારા ગણાય છે તેવા સૌને, એ વ્યક્તિને થાય તેવી પીડા થવી જોઈએ. આવી પીડા આપણને થાય છે? નથી થતી! તો' આપણે સારા ગણાઈએ? ક્યાંક વાંચેલું; જ્યારે સત્યની જગ્યાએ મૌન ગોઠવાઈ જાય ત્યારે મૌન પણ અસત્ય બની જાય. વિચારજો. ■


મો.૯૪૨૮૯ ૦૬૪૩૧







**ભાવેશભાઈ એમ. આખજા**
લેખક જાણીતા કેળવણીકાર અને
સમાજ ચિંતક છે (મતીરાળા તા. લાઠી)

# વિકલ્પ - લાભ કે નુકસાન?

આપણાં બધાના રોજિંદા જીવાતા જીવનમાં સ્પર્શતી બાબત છે - ''વિકલ્પ''. આપણને જ્યારે જ્યાં વિકલ્પ મળે છે ત્યારે મોટાભાગે તો એ ઉપકારક લાગે છે. પણ આજે આપણે જરાક ઉંડાણથી સમજવા કોશિશ કરીએ કે, વિકલ્પ હંમેશા લાભકારી કે નુકસાનકારક ? દોસ્તો, હંમેશા શબ્દ નીચે લાલ લીટી છે તેમ સમજજો. અહીંયા શબ્દો અને પેઈઝની મર્યાદામાં થોડાંક ઉદાહરણો સમજીએ.

**(૧) ભણતર માટે શાળા પસંદગી :** આજની વિદ્યાર્થી પેઢી પાસે કેટલાં બધાં ? અધધ.. વિકલ્પો હાજર છે ને ? સરકારી શાળા, ખાનગી શાળા, ઘર નજીકની, હોસ્ટેલવાળી, ઓછી ફી વાળી, મોંઘી ફી વાળી શાળા... છાત્ર પોતે અને મમ્મી - પપ્પા બધા દ્વિધામાં મુકાય જાય. આ ઉદાહરણમાં તો **''પછેડી જેવડી સોડ્ય''** ઉપયોગી થાય. ભણનારના દિલમાં ભણવા માટેની પ્રચંડ આગ ઝબકારા મારતી હોય ત્યારે અન્ય બાબતો ગૌણ બની જતી હોય. ફક્ત સરકારી શાળામાં જ ભણવાનો વિકલ્પ હોય અને છતાં આર્થિક ગરીબ સ્થિતિના હોનહાર છાત્રો ડંકા વગાડે છે કે નહિં ? તો સામે પાણી માંગે ત્યાં દૂધ મળે એવા પરિવારના છાત્રો ખાસ કાંઈ ઉકાળી શકતા નથી. આવા દાખલાઓ આપણે જોયા છે.

**વિવાહ માટે જીવનસાથી :** અત્યારે કન્યાઓની કહેવાતી અછતની સ્થિતિમાં વિવાહયોગ્ય યુવક પાસે કોઈ વિકલ્પ રહેતા નથી. પણ ઉંમરલાયક કન્યાઓ / દિકરીઓ પાસે ઘણા વિકલ્પો હોય છે. ગામડું, શહેર ? દેશ - વિદેશ ? સરકારી નોકરીવાળો - ખાનગી વ્યવસાયવાળો ? વગેરે એક તો ઉંમરના એવા વળાંક પર ઉભી હોય. ગંભીરતાથી વિચારવાની ટેવ ન હોય. લાંબાગાળાનું કલ્યાણ કયા માર્ગે છે ? એ સમજવાની પાકટતા ન હોય ત્યારે તેના મનોભાવો કવિ કિસન સોસાની આ પંક્તિ જેવા હોય છે.

**''અહીંયા એવા વળાંક ઉપર હવે ઉભો છે કાફલો,**
**અહીંથી જવાય રણ તરફ, અહીંથી જવાય નદી તરફ.''**

આ વખતે ડાહી દિકરી તેના શ્રદ્ધેય વડીલોનાં માર્ગદર્શન, સલાહ - સૂચના મુજબ વિવેકપૂર્ણ વિકલ્પ પસંદ કરે.આજના ભેળસેળિયા, બનાવટી, ઉતાવળિયા, ઘોંઘાટિયા અને બહારના લેબલ આધારે તોલમોલના યુગમાં વધુ પડતાં વિકલ્પો આપણને માનસિક રીતે ચકરાવે ચડાવી દે. અને બહુધા લોકો શેરડીનો આ સાંઠો સારો ? કે પેલો સાંઠો સારો ? એવા અવઢવમાં મૂંઝાઈ જતા હોય છે ને ?ક્યારેક વિકલ્પ આશીર્વાદરૂપ પણ બને. ચૂંટણીમાં વધારે પક્ષો, જુદી જુદી વિચારધારાના ઉમેદવારો, આપણો આતમ રામ, રાજી રીજે એને...બાળકને ઘરમાં બનતા બધા જ શાકભાજી ખાતું કરવું હોય તો વિકલ્પ ન અપાય. આપોઆપ ઘડતર થાય કે.. થાળીમાં પરીસાયું તે ગમતું.ઉપરવાળાએ જ જોડી નિર્મિત કરી તે યોગ્ય. નસીબમાં જે પ્રાપ્ત થયું તેને ગમતું - ફાવતું અને ભાવતું કરી શકીએ અને અન્ય વિકલ્પો વિષે વિચારીએ નહીં ત્યારે... ઘર કંકાસ, રીસામણા - મનામણાં અને છૂટાછેડા જેવા અનિવાર્ય અનિષ્ટથી બચી શકીએ ?

જીવનમાં જે સહજ મળ્યું તેનો સ્વીકારભાવ રાખીએ તો પછી વિકલ્પની લમણાઝીક હેરાન કરી શકશે નહીં. ખેર.. વિકલ્પ, ઉપયોગી કે નુકસાનકારક ? એ બાબત જે તે વખતની પરિસ્થિતિ અને સંજોગો આધારિત પણ હોય છે.

**કોઈ નથી ઈલાજ મને પણ ખબર હતી.**
**રહે દર્દ યાદ તેથી દવા શોધતો રહ્યો. (મરીઝ)** ■

મો. ૯૪૨૮૩ ૪૩૨૦૭

## સમાજ સૃષ્ટિ



**સંજયભાઈ ડી. પટેલ (પોગલુ)**
મહામંત્રી, કેન્દ્રિય સામાજિક સંગઠન સમિતિ
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, અમદાવાદ

# પુત્ર હોય તો આવા...

સ્મિતા એ કીધું આપણે છેલ્લા ત્રણ વર્ષ થી પ્રેમ માં છીયે...પણ લગ્ન વગર ની જિંદગી ને સંસાર લફરું કહે છે..તેથી આ સબંધ ને હવે આપણે કાયદેસર સ્વરૂપ આપવા માટે પણ લગ્ન માટે વિચારવું જોઈએ. તું પણ શહેર ની એક મોટી કોર્પોરેટ કંપનીમાં પ્રોડકશન મેનેજર તરીકે ઘણા સમય થી નોકરી કરે છે...પપ્પા મમ્મી ને કહેવા માં હવે મને વાંધો લાગતો નથી. સ્મિતા ના કહેવા થી આજે સ્મિતા ના મમ્મી પપ્પા..લગ્ન પહેલા અમારા ઘરની મુલાકાત અને મને મળવા માંગતા હતા તેથી તેઓ અમારા ઘરે આવ્યા હતા. સ્મિતાના પપ્પા મમ્મીની વાંઝણી સલાહો ને હું ધ્યાનથી સાંભળતો હતો....

મેં જીવન માં એક નિયમ બનાવ્યો છે, મને કે મારા પરિવારને વ્યક્તિગત નુકશાન થતું ન હોય ત્યાં સુધી હું સામે પ્રત્યુતર કોઈ ને આપતો નથી.

સામે ની વ્યક્તિ ને બોલવા નો કે ચાલ રમવા માટે પૂરતો સમય આપું છું. આવી તક આપવાથી જ તમે સામેની વ્યક્તિ ને ઓળખી શકશો.. એટલે મેં સ્મિતા ના પપ્પા મમ્મી ને શાંતિ થી સાંભળવા નું ચાલુ રાખ્યું. વાતચીત દરમ્યાન તેઓ મારા પપ્પા મમ્મી સામે જોઈ બોલ્યા...તમારા પપ્પા મમ્મી તમારી સાથે જ રહે છે..?

મેં કીધું ના વડીલ તમે બોલવા માં ભૂલ કરો છો. હું પપ્પા મમ્મી સાથે રહું છું , તેઓ મારી સાથે નહિ. મારી એવી કાબેલિયત કે હેસિયત જ નથી કે હું આવું વિચારી શકું સ્મિતાના પપ્પા મારી સામે ઝીણી આંખ કરી બોલ્યા મતલબ તમે લગ્ન પછી પણ સાથે જ રહેવાના છો..?

મેં કીધું શરીરમાંથી આત્મા જતો રહે પછી શરીરની કોઈ કિંમત નથી. તેમ માઁ બાપ વગરના ઘર ની કોઈ કિંમત નથી. થોડી વાર પછી સ્મિતા ના પપ્પા બોલ્યા લગ્ન પછી ઘર નાનું નહિ પડે..? મેં કીધું ના. મહત્વાકાંક્ષા વધે ત્યારે મહેલ પણ નાના પડે, મારી જરૂરિયાત પ્રમાણે બે બેડરૂમ પૂરતા છે. સ્મિતાના પપ્પા મમ્મી બોલ્યા. અમે થોડો ટેકો કરિયે ..તો તમે મોટો ફ્લેટ લેવા તૈયાર થશો ?

મેં હસતા હસતા કીધું.. સોરી. હું મારા પગ ઉપર ઉભો છું..મારે કોઈના ટેકાની જરૂર નથી.. ટેકો માંગવો જ હોય તો મારો બાપ મારી સામે બેઠો છે....એક માઁ બાપ જ એવી વ્યક્તિ છે જે પોતાના ઋણનો બદલો કદી પોતાના સંતાન પાસે માંગતા નથી. છુંટાછેડા ના કેસમાં પત્ની ભરણપોષણનો દાવો કરે છે પણ માઁ બાપ ને સંતાન જ્યારે તરછોડી દે છે ત્યારે માં બાપ કદી આવા દાવા ઠોકતા નથી. આ જ પ્રેમની તાકાત છે.

દરિયાની ઊંડાઈ અને માં બાપ ના પ્રેમ ની ઉંચાઈ માપવા નો પ્રયત્ન કરવો ન જોઈએ. કોઈની સાદાઈ કે ગરીબી જોઈ તેને જરૂરિયાતમંદ સમજવાની ભૂલ પણ કદી કરવી ન જોઈએ.

વડીલ તમારી જાણ ખાતર. હું એવી સવારી કદી કરતો જ નથી જેની લગામ કે અંકુશ કોઈ બીજી વ્યક્તિના હાથમાં હોય. હું મારી નાની દુનિયામાં વ્યસ્ત અને મસ્ત છું. સ્વમાન એ મારો શ્વાસ છે. કોઈની મદદ મેળવી હું મારો શ્વાસ રૂંધાવવા માંગતો નથી. પપ્પા મમ્મી મારી સ્વમાન ભરેલ વાત ને ગર્વ સાથે સાંભળી રહ્યા હતા.

સ્મિતાના પપ્પા બોલ્યા, સોરી તમને અમારી વાતોથી ખરાબ લાગ્યું હોય તો, બાકી શાંતિથી વિચારીને કહેજો, ઉતાવળ નથી. મેં હસતા હસતા કીધું, વડીલ વિચાર તો તમારે કરવાનો છે તમારે સ્વમાની જમાઈ જોઈએ છે કે ગરજાવ?

ખોટા નિર્ણય લેતી વખતે વિચારવાનો સમય જોઈએ સાચા નિર્ણય સમયે નહિ, ભૂખ લાગે ત્યારે, ઉકરડે ભૂંડ મોઢું નાખે સિંહ નહિ, સિંહ ભૂખ્યો હોય તો પણ કોઈ નો એઠો શિકાર ખાતો નથી. સ્મિતાએ આજે મારુ સાચું સ્વરૂપ જોયું. તેને હું તેના મમ્મી પપ્પા સાથે જે રીતે ચર્ચા કરતો હતો એ તેને ગમતું ન હોય તેવું તેનો ચહેરો ચાડી ખાતો હતો. જીવનમાં અમુક સ્પષ્ટતા જો યોગ્ય સમયે નહિ કરિયે તો તેના પરિણામો અયોગ્ય સમયે ભોગવવા તૈયાર રહેવું પડે, તેથી હું આજે સ્પષ્ટ મારા અભિપ્રાય આપી રહ્યો હતો.

આંધળો પ્રેમ વ્યક્તિને નિર્માલ્ય બનાવે, સાચો પ્રેમ વ્યક્તિને સ્વમાની બનતા શીખવાડે આજે સ્મિતાની કસોટી હતી. તેણે તરફેણ કોની કરવી છે, મારી કે તેના માઁ બાપ ની.

મેં હાથ જોડી, સ્મિતા ના પપ્પા ને કીધું... વડીલ.. ઈચ્છાઓનું પ્રમાણ જરૂરિયાત કરતા જ્યારે વધી જાય ત્યારે લોભ નો જન્મ થાય છે..લોભ માંથી અપેક્ષાઓનો જન્મ થાય છે. અને અપેક્ષાઓ પુરી ન થાય ત્યારે સામે ની વ્યક્તિ ના દોષ દેખાવા લાગે છે. તેના કરતાં આપણી

# સમાજ સૃષ્ટિ

ઈચ્છાઓ ઉપર લગામ રાખી સ્વમાનથી જીવન જીવવું શું ખોટું છે?

જેવો છું, તેવો તમારી સામે બેઠો છું. હજુ ઘણા ખુલાસા પણ સ્મિતા સાથે કરવા ના બાકી છે. તમારે નક્કી કરવાનું છે. તમને મારા ભૂતકાળ માં રસ છે. વર્તમાનમાં કે પછી ભવિષ્ય માં. બીજે દિવસે રવિવાર હતો મેં સ્મિતા ને કીધું, આજે ગામડાના મકાનની મુલાકાત લેવાની ઈચ્છા થઈ છે. સ્મિતા મુડમાં ન હતી. છતાં મારી સાથે આવવા તૈયાર થઈ. આખા રસ્તામાં કારમાં ટેપ વાગતું રહ્યું પણ તે એક શબ્દ મારી સાથે બોલતી ન હતી. ગઈકાલ નો અણગમો હજુ તેના વર્તન ઉપર હતો. કાર ફૂલ સ્પીડે હાઈ-વે ઉપરથી ગામડા તરફ વળી. કાર ધૂળ ઉડાડતી ઉડાડતી અંદર, અમારા ગામડાના મકાન પાસે આવી મેં ઉભી રાખી કંપાઉન્ડનો ઝાંપો ખોલી અમે અંદર પ્રવેશ્યા. વિશાળ પ્લોટ અને અને મકાન જોઈ સ્મિતાના ચહેરા ઉપર ખુશી આવી. અમે ઘર ખોલી અંદર ગયા. મકાનના ટેરેસ ઉપર જઈ સ્મિતા ને કીધું. સ્મિતા આ વિશાળ લીલા છમ ખેતરમાં જ્યાં સુધી તારી નજર પોહચે છે. ત્યાં સુધીના ખેતર ની માલિકી અમારી છે.

આ ખેતરનો ફક્ત એક ટુકડો વેચી નાખું તો પણ તારા પપ્પાના ટેકા વગર મોટો ફ્લેટ હું લઈ શકું તેમ છું. વાત સંતોષ અને સ્વમાનની છે. થોડી વાર પછી અમે અમારા કંપાઉન્ડના ખૂણામાં દેખાતી ઓરડી તરફ ગયા, ઓરડીનું તાળું ખોલી અંદર ગયા. એક ટેબલ ઉપર બે ફોટા હતા તેને હું પગે લાગી બોલ્યો. આ મારા માઁ બાપ છે. સ્મિતા આશ્ચર્ય સાથે બોલી તો ઘરે બેઠા એ કોણ છે?

મેં કીધું એ મારો વર્તમાન છે. આ ફોટામાં દેખાય છે એ મારો ભૂતકાળ છે..અને તું મારુ ભવિષ્ય છે. જો તું મારા ભૂતકાળ અને વર્તમાનને સ્વીકારી શક્તી હોય તો આપણે ભવિષ્ય તરફ આગળ વધીએ. નહિતર એક સારા મિત્ર બની વાતને પૂર્ણવિરામ અહીં કરીએ.

સ્મિતા બોલી...સમીર જે હોય તે સીધી વાત કર.અમે ખાટલા ઉપર થી ધૂળ ઉડાવી બેઠા. મેં કીધું..સ્મિતા સાંભળ

હું જ્યારે. માત્ર એક વર્ષનો હતો..ત્યારે તને ફોટા માં જે દેખાય છે એ મારા બાપ ને ખેતર માં ઝેરી નાગ પગ ના અંગૂઠે કરડ્યો..મારી..માઁ એ કંઈ પણ વિચાર્યા વગર પપ્પા ના પગ ના અંગુઠા માંથી પોતાના મોઢા વડે ઝેર ખેંચવા પ્રયત્ન કર્યો પણ નાગ કોબ્રા જ હોવો જોઈએ .બન્ને નું સ્થળ ઉપર જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું..હું ઝાડ સાથે બાંધેલ હીંચકા માં એકલો રડતો રહ્યો પણ પપ્પા મમ્મી જીવતા હોય તો મારી પાસે આવે ને?

ગામ ના લોકો ભેગા થયા...ખેતર ના માલિક ને જાણ કરી બોલાવ્યા..ખેતર ના માલિકે મને હીંચકામાંથી તેડી લીધો...પ્રેમ થી ઘરે લઈ ગયા..તેમને કોઈ સંતાન હતું નહીં..કાયદેસર કાર્યવાહી કરી..મને તેમનો સંતાન બનાવ્યો.. સ્મિતા એ વ્યક્તિ કોઈ બીજું નહિ..આપણા ઘરે બેઠેલ દેવ સમકક્ષ વ્યક્તિ છે..જેને હું પપ્પા કહું છું....આ ખેતર આ મકાન પણ તેમની માલિકી નું જ છે.. જે ગયા વર્ષે જ તેને મારા નામે કરી દીધું છે.. જે વ્યક્તિ એ રસ્તા ઉપર પડેલ પથ્થરને મૂર્તિ બનાવવાનું કામ કર્યું છે એ શિલ્પકારની આંગળી છોડાવી હું ભાગુ તેવો નગુણો નથી.

સ્મિતા મારા માઁ બાપ તો ખેત મજૂર હતા. મને પણ આ હકીકત થોડા સમય પહેલા ખબર પડી. એક દિવસ પપ્પાએ મને બાજુ માં બેસાડી સત્ય હકીકત જણાવી. મને તો મારા માઁ બાપ નો ચહેરો પણ યાદ ન હતો. પણ મારી સામે જ ઈશ્વર બેઠા હતા. આજના દિવસ સુધી હું પાલક પુત્ર છું. તેવો મને એહસાસ નથી કરાવ્યો. સ્મિતા આપણે ભગવાનને મંદિરમાં શોધીએ છીયે. ભગવાન મંદિરમાં નથી. લોકોના દિલમાં બેઠો છે. આપણી તકલીફના સમયે સામેની વ્યક્તિમાં કરુણા અને પ્રેમ જાગૃત થાય તો સમજી. લ્યો એ વ્યક્તિમાં ઈશ્વરનો પ્રવેશ થયો છે અને જે વ્યક્તિ માં ઈશ્વર નો પ્રવેશ થાય તે કેટલો પવિત્ર હોય તે તું સમજી શકે છે. આ મારી દુઃખ ભરી કહાની છે. સ્મિતા ની આંખો ભીની હતી. મેં કીધું હવે તું તારો નિણર્ય લેવા મુક્ત છે. કદાચ જીવનસાથી ન બનીએ તો દુઃખ નથી પણ આપણે સારા મિત્ર તો જરૂર બનશું.

સ્મિતા બોલી સાચું કહું સમીર તારા ભૂતકાળની તો આજે મને ખબર પડી. પણ પપ્પા એ તારા ઘરેથી આવી મને કીધું હતું. સંસાર માં દહેજ માટે લોભિયા અને સ્વમાન વગરના લોકો ની ફોજ મેં જોઇ છે. મેં તો માત્ર ચકાસવા માટે જ ટેકા કે મદદની વાત કરી હતી.

ખરેખર તો તું નહિ અમે પણ નસીબદાર છીયે કે સમીર જેવો જમાઈ અમને મળશે. સ્મિતા આનંદ સાથે ઉભી થઈ. મારો હાથ પકડી લીધો. "મિત્રો ખીચડી જો વાસણ મા રંધાય તો બીમાર માણસ ને સાજા કરી દે છે. અને જો મનમા રંધાય તો સાજા માણસ ને બીમાર કરી દે છે. મન ચોખ્ખું રાખો, જરૂર પડે ત્યારે સ્પષ્ટ પણ થઈ જાઓ સ્વાર્થી અને મૂર્ખ વ્યક્તિથી અંતર રાખો." ■

મો.૯૪૨૮૧ ૮૬૮૮૦



**પ્રા. ડો. યશવંત કે. ગોસ્વામી**
જાણીતા હિન્દી લેખક અને વિવેચક
ગુજરાતના શ્રેષ્ઠ NSS પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ વિજેતા
અધ્યક્ષ : હિન્દી વિભાગ-કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ
**કૈલાસ માનસરોવર યાત્રાના ૩૫ વર્ષના અનુભવી**

## સદેહે શિવનો સાક્ષાત્કાર એટલે

# કૈલાસ માનસરોવર યાત્રા

**પ્રસ્તાવના :** ભારત યાત્રાઓનો દેશ છે. આપણું એ સદ્ભાગ્ય છે કે આપણે ભારતમાં જન્મ્યા છીએ. ભારતમાં આવેલા અગણિત તીર્થસ્થાનોમાં કૈલાસ માનસરોવર યાત્રા હેડઓફિસની યાત્રા છે. બાકી બધા જ તીર્થસ્થાનો એની બ્રાંચ ઓફિસ છે. કારણ કે તેંત્રીસ કરોડ દેવી-દેવસ્તાના અધિષ્ઠાતા દેવ એટલે કે મહાદેવ છે. વૃક્ષની પ્રદક્ષિણા કર્યા બાદ ડાળીઓની કે તેના પર્ણોની પરિક્રમા કરવાની નથી કારણ કે વૃક્ષની સાથે તમામની પ્રદક્ષિણા થઈ જાય છે. એ જ રીતે કૈલાસ યાત્રાએ મહાયાત્રા છે એના તરફનું પ્રસ્થાન મહાપ્રસ્થાન છે. એટલે જ કૈલાસ યાત્રા કરનારે અન્ય કોઈ યાત્રા કરવાની જરૂર નથી. કારણ કે તમામ તીર્થસ્થાનોની યાત્રાનું ફળ એક માત્ર કૈલાસ માનસરોવર યાત્રાથી મળે છે. એટલે જ હિન્દુ ધર્મગ્રંથોમાં તીર્થયાત્રાને એક સાધના કે તપશ્ચર્યા ગણાવી છે. ભારત જેવા વિશાળ દેશમાં તીર્થસ્થાનો એટલી મોટી સંખ્યામાં છે કે જીવનભર યાત્રા કરીએ તો પણ પાર પામી ન શકાય. એમાંય પૃથ્વીના કેન્દ્રબિંદુ સમાન કૈલાસ માનસરોવર યાત્રા તો સાચા અર્થમાં એક અનુષ્ઠાન છે, સાધના કે તપશ્ચર્યા છે.



ડૉ. ગોસ્વામી જણાવે છે કે, 'થ્રી નાઈટ ફોર ડેઈઝ'ના પેકેજમાં હિમાલયની આ યાત્રા થઈ શકતી નથી. યાત્રા દરમ્યાન તમારી સૌથી મોટી મૂડી તમારા ખિસ્સામાં પડેલ કેશ, ક્રેડીટ કાર્ડ, ટ્રાવેલર્સ ચેક કે બેંક બેલેન્સ નથી, શિવ પ્રત્યેની અતૂટ શ્રધ્ધા અને વિશ્વાસ તથા સંપૂર્ણ શરણાગત ભાવ છે. તમે ગમે તે ક્ષેત્રના ઉચ્ચ હોદ્દા પર હો, કે ઉચ્ચ અધિકારી કે મહારથી હો, તમારી  તમામ સત્તા એ અધિકારોના હથિયાર હેઠા મુકી નિરાભિમાની, સરળ અને નિખાલસ બની, કોઈ પણ પ્રકારના વાદ - વિવાદ કે ફરિયાદ વિના મનમાં સતત "ૐ નમઃ શિવાય"ના સ્મરણ સાથે યાત્રા કરશો તો શિવનો અવશ્ય સાક્ષાત્કાર થશે જ. શહેરનું ધગધગતુ, ધમાલીયુ અને પ્રદૂષણથી ખદબદતું યંત્રવત જીવન છોડીને જે આ અલૌકિક યાત્રામાં જોડાય છે તે ખરેખર ભાગ્યશાળી છે.

સમગ્ર ભારતના વિવિધ સ્થળો અને યાત્રા પ્રવાસનો ૩૮ વર્ષનો બહોળો અનુભવ ધરાવનાર અને **કૈલાસ માનસરોવર યાત્રાનો જેમને ૩૫ વર્ષનો અનુભવ છે,** જેમના માર્ગદર્શન અને સંચાલન હેઠળ હજારો યાત્રિકો અમરનાથ - કૈલાસ યાત્રા કરી ચૂક્યા છે એવા શિવવંદના ચેરી ટ્રસ્ટના ચેરમેન અને કણસાગરા કોલેજના પ્રોફેસર ડૉ. યશવંત ગોસ્વામી દ્વારા કૈલાસ-માનસરોવર યાત્રા સંબંધી યાત્રિકોના અનેક સવાલનું સમાધાન પ્રસ્તુત કરતો આ લેખ વાચકો માટે પ્રસ્તુત છે.

**સરકારી રૂટથી કૈલાસ માનસરોવર યાત્રા :** વિદેશ મંત્રાલય ભારત સરકાર દ્વારા આયોજીત આ યાત્રા માટે ડ્રો સીસ્ટમથી યાત્રિકોની પસંદગી બાદ, દિલ્લી અને ગુંજી ખાતે કડક મેડીકલ ટેસ્ટ બાદ જ યાત્રામાં આગળ વધવાની અનુમતિ મળે છે. દિલ્લીથી આયોજિત આ યાત્રામાં આશરે ૨૦ દિવસ થાય છે. લીપુલેખ (ચાઈના બોર્ડર)સુધી આદિ કૈલાસ ૐ પર્વત યાત્રાનો જ રૂટ લાગુ પડે છે. દિલ્લીથી અલમોડા, પિથોરાગઢ, ધારચૂલા, માંગતિ, ગાલા, બુધિ, ગુંજી, નાભી, કાલાપાની થઈ યાત્રિકો લીપુલેખ બોર્ડર ક્રોસ કરી સીધા તકલાકોટ પહોંચે છે. તકલાકોટથી રાક્ષસતાલ, માનસરોવર થઈ કૈલાસ પહોંચી શકાય છે. જેમાં દિલ્હીથી ગુંજી સુધી ૫ દિવસ (પરિક્રમા સહિત) લાગે છે. આ રૂટથી યાત્રા કરનાર યાત્રિકને ગુજરાત સરકાર દ્વારા રૂા.૫૦,૦૦૦ સબસીડી અપાય છે અને સરકારી કર્મચારીને સ્પે.લીવ પણ અપાય છે. આ રૂટમાં અને અન્ય તમામ રૂટમાં કૈલાસ માનસરોવરની પ્રદક્ષિણામાં ૪ દિવસ લાગે છે. જે કોમન છે. વર્તમાનમાં યાત્રા દરમ્યાન માનસરોવરમાં સ્નાન અને અષ્ટપદ જવા પર પ્રતિબંધ છે. પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ આ રૂટ સૌથી ઉત્તમ અને અવર્ણનીય છે. એક પણ રૂટથી હવે ટેન્ટમાં રહેવાની જરૂર નથી. તમામ રૂટથી યાત્રા સુવિધાપૂર્ણ અને આરામદાયક છે. (જો વાતાવરણ સારું હોય તો) તમામ રૂટથી યાત્રાનો અંદાજીત ખર્ચ બે થી અઢી લાખ થાય છે. જ્યારે નેપાળ થી વાયા લ્હાસા રૂટ સૌથી લાંબો અને ખર્ચાળ છે. સરકારી રૂટથી કૈલાસ યાત્રાનો એ જ રૂટ લાગુ પડે છે જે આદિ કૈલાય અને ૐ પર્વત યાત્રાનો રૂટ છે.

કૈલાસ યાત્રા ભારતીયો માટે પ્રતિબંધિત હોવાથી ભારત સરકારે ભારત અને તિબેટની બોર્ડર લીપુલેખ પાસ પર ૧૮૫૦૦ ફૂટની હાઈટ પર 'કૈલાસ વ્યુ પોંઈટ' બનાવ્યો છે. ત્યાંથી કૈલાસ માનસરોવરના યાત્રિકો

માત્ર દર્શન કરી શકશે. ૐ પર્વતથી લીપુલેખ સુધી યાત્રિકો જીપમાં બેસી અહીં પહોંચી શકે છે. પરંતુ ચાઈનાની અવળચંડાઈને કારણે અહીંથી હજૂ સુધી કૈલાસ દર્શનની અનુમતિ પણ નથી. મને મહાદેવની કૃપાથી ૩૫ વખત કૈલાસ માનસરોવર યાત્રામાં જવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો એ મારા જીવનનું પરમ સદ્ભાગ્ય છે.

## કૈલાસ માનસરોવર યાત્રા : ગેરસમજ અને હકીકત

ડૉ. યશવંત ગોસ્વામી જણાવે છે કે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી અને ચીનના રાષ્ટ્રપ્રમુખ જીનપીંગ સાથે કૈલાસ યાત્રાના નવા રૂટ (નાથુલા પાસ) અંગે થયેલ મંત્રણા બાદ નવો રૂટ ખૂબ જ ચર્ચામાં છે. પરિણામે નવા રૂટની માહિતીનો ધોધ વહેવા લાગ્યો. પરંતુ અપુરતી માહિતીને કારણે યાત્રિકોમાં અનેક બાબતની યાત્રા સંબંધી ગેરસમજ પણ ફેલાઈ. આ બાબતે કૈલાસ યાત્રાના ૩૮ વર્ષના અનુભવી ડૉ. ગોસ્વામીએ કેટલીક સ્પષ્ટતાઓ કરી છે. જે આ પ્રમાણે છે.

**૧. યાત્રાના દિવસો :** લોકો એવું માનવા લાગ્યા કે હવે નવા રૂટથી ૫ દિવસમાંજ યાત્રા થઈ શકશે. પરંતુ હકિકત એ છે કે આ રૂટ પરથી યાત્રા કરતા ૨૦ થી ૨૨ દિવસ લાગશે. નવા રૂટની આઈટીનરી પરથી આ બાબત વધુ સ્પષ્ટ થઈ શકે છે.

**૨. યાત્રા ખર્ચ :** યાત્રિકો એવું માનવા લાગ્યા છે હવે આ યાત્રા માત્ર ૫૦ થી ૬૦ હજાર રૂપિયામાં જ થઈ શરશે. પરંતુ હકીકત એ છે કે આ રૂટ પરથી યાત્રા સૌથી વધારે મોંઘી થશે. યાત્રાની વેબસાઈટ પર નવા રૂટથી યાત્રા કરનારે દિલ્લીથી દિલ્લી રૂા. ૧,૭૦,૦૦૦/- ચાર્જ આપવો પડશે. આ ઉપરાંત અન્યવધારાના ખર્ચના ૩૫ થી ૪૦ હજાર તો ખરાજ.

**૩. યાત્રિકોની પસંદગી :** યાત્રિકો એવું માનવા લાગ્યા કે નેપાળ રૂટની જેમ કોઈપણ વ્યક્તિ ગમે ત્યારે આ યાત્રા કરી શકશે. પરંતુ હકીકત એ છે કે નવોરૂટ સંપૂર્ણ સરકારી રૂટ છે. એટલે સરકારી યાત્રાના નિયમાનુસાર જે યાત્રિકો એ ૧૦ એપ્રિલ સુધીમાં ઓન લાઈન અરજી કરી હશે, ડ્રો સીસ્ટમમાં જેની પસંદગી થશે તેને દિલ્લી બોલાવી કડક મેડીકલ ટેસ્ટ લેવાશે. એમાં પાસ થનારને જ યાત્રામાં જવાની અનુમતિ અપાશે. એટલું જ નહિં આ રૂટથી આ વર્ષે માત્ર ૨૫૦ યાત્રિકો જ યાત્રા કરી શકશે.

**૪. યાત્રાના કિ.મી. :** યાત્રિકોમાં એવી ગેરસમજ ફેલાઈ કે નવોરૂટ સૌથી ટૂંકો છે. પરંતુ હકિકત એ છે કે નવો રૂટ સૌથી લાંબો છે. ૧૫૦૦ કિમી. થી પણ વધારે યાત્રાની આઈટીનરી પરથી આ બાબત વધુ સ્પષ્ટ થશે. નેપાળ બોર્ડરથી કૈલાસ માનસરોવર માત્ર ૮૫૦ કિમી. દૂર છે. જ્યારે ધારચૂલાથી (અલ્મોડા)થી માત્ર ૪૫૦ કિમી. દૂર છે. પરંતુ આ રસ્તે વાહન જઈ શકતા ન હોવાથી ચાલીને અથવા ઘોડા પર જ આ યાત્રા થઈ શકે છે. આ ઉપરાંત સૌથી ટૂંકો રસ્તો લેહ લદાખથી છે. લદાખમાં આવેલ D.E.M. માર્ગથી માત્ર બે દિવસમાં કૈલાસ પહોંચી શકાય છે. યાત્રિકો મનાલી રોહતાંગ પાસ થી અથવા ઉપરાંત ઉત્તરાખંડની ચારધામ યાત્રામાં જોશીમઠ થી પણ કૈલાસ ટૂંકા રસ્તેથી જવાય છે. પરંતુ બંધ છે.

**૫. યાત્રાની કઠીનતા :** લોકો એવું માને છે કે આ યાત્રા વિશ્વમાં સૌથી વધુ કઠિન અને મુશ્કેલ છે. વાત સાચી પરંતુ અનેક સુવિધાઓથી ભરપુર આ યાત્રા હવે અમરનાથ અને ચારધામ યાત્રાથી પણ વધુ સરળ છે. એમાંયે સરકારી બંને રૂટ કરતાં નેપાળ રૂટથી કૈલાસ યાત્રા સૌથી વધુ સરળ અને સુખ-સુવિધાથી ભરપુર છે. નેપાળ રૂટથી છેક માનસરોવર સુધી પેવર રોડ છે. ક્યાંય ચાલવાનું નથી કે યાત્રિકે લગેજ પણ ઉપાડવો નથી પડતો. નેપાળના પહાડી ખડતલ અને મજબુત શેરપા ૨૪ ક્લાક યાત્રિકોની સેવા માટે સાથે રહે છે. ગુજરાતી ભોજનની ઉત્તમ સુવિધા છે. મેડીકલ સુવિધા પણ સાથે છે. બસ દ્વારા આસાનીથી માનસરોવર પહોંચી શકાય છે. એ પણ માત્ર બે જ દિવસમાં સરકારી યાત્રાની જેમ યાત્રિકોએ ડ્રો સીસ્ટમ કે મેડીકલ ટેસ્ટમાંથી પસાર થવાની પણ જરૂર નથી.

**૬. ભોજન વ્યવસ્થા :** સરકારી યાત્રામાં ભારતીય સરહદમાં ભોજન વ્યવસ્થા K.M.V.N. દ્વારા થાય છે. પરંતુ ચાઈનામાં કૂક અને ભોજન વ્યવસ્થા યાત્રિકોએ જાતે જ કરવી પડે છે. દિલ્લીથી જ આ વ્યવસ્થા કરવી પડે છે. પરંતુ તે નાથુલાના નવા રૂટ પરથી યાત્રિકો માટે ભોજન વ્યવસ્થા સંદર્ભે સ્પષ્ટતા નથી. નેપાળ રૂટમાં જાણે યાત્રિકો મહાદેવના જાનૈયા હોય એમ દિવસમાં ૪ ટાઈમ ગુજરાતી ભોજન અપાય છે.

**૭. બાઈક-કાર દ્વારા યાત્રા :** નવા રૂટ અંગે એવી પણ હવા ઉડવા લાગી કે હવે તો કોઈ પણ વ્યક્તિ બાઈક કે કાર લઈને કુલુ મનાલીની જેમ કૈલાસ જઈ શકશે. પ્રાઈવેટ વાહન લઈ જઈ શકાશે. પરંતુ હકીકત એ છે કે પસંદ થયેલા યાત્રિકો માત્ર સરકારી વાહનમાંજ (બસ દ્વારા) યાત્રા કરી શકશે. પ્રાઈવેટ રીતે આ રૂટ પરથી જઈ નહીં શકાય.

**૮. હેલીકોપ્ટર દ્વારા યાત્રા :** યાત્રિકો એવું માને છે કે હેલીકોપ્ટર દ્વારા યાત્રા કરીએ તો કૈલાસ અને માનસરોવરની પ્રદક્ષિણા પણ હેલીકોપ્ટરમાં બેસીને જ કરવાની હોય છે. પરંતુ હકીકત એ છે કે હેલીકોપ્ટર માનસરોવરથી ૧૦૦ કિમી. પહેલાં તકલાકોટ યાત્રિકોને ઉતારી દે છે. ત્યારબાદ કૈલાસ-માનસરોવરની પ્રદક્ષિણા ઘોડાપર બેસીને પગપાળા અને બસ દ્વારા જ કરવી પડે છે. જેમાં ૪ થી ૫ દિવસ લાગે છે. કૈલાસ - માનસરોવર વિસ્તારમાં પ્લેન કે હેલીકોપ્ટર ઉડાવવા પર પ્રતિબંધ છે.

**૯. યાત્રિકની ઉંમર :** નવા રૂટ પરથી કોઈપણ ઉંમરના યાત્રિકો યાત્રા કરી શકશે એવું લોકો માને છે. પરંતુ યાત્રાના ત્રણેય રૂટ પરથી ૧૮ થી ૭૦ વર્ષના ઉંમરના યાત્રિકોને જ વેલીડ પાસપોર્ટ હોય તો યાત્રામાં જઈ શકશે. આમ છતાં નેપાળ રૂટથી ૧૦ વર્ષના બાળકને પણ યાત્રામાં જવાની પરમીટ ચાઈના દ્વારા અપાય છે.

**૧૦. પરમીટ અને વીઝા :** ત્રણેય રૂટથી યાત્રા કરનાર યાત્રિકોએ ગૃપ પરમીટ અને વીઝા અપાતા. ચાઈના દ્વારા યાત્રિક દીઠ ૧૮૦૦ ડોલર પરમીટ ચાર્જ લેવાય છે. જેમાં ચાઈના બોર્ડરથી બસ વ્યવસ્થા, ગેસ્ટ હાઉસ, ચાઈનીસ ગાઈડ અને કૈલાસ - માનસરોવર પરમીટ ચાર્જનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વીઝાનો ચાર્જ ગણતા રૂા. ૧,૭૫,૦૦૦/- તો ચાઈના સરકારને જ ચુકવવા પડે છે. પરિણામે અન્ય યાત્રા કરતા કૈલાસ માનસરોવર યાત્રા વધુ ખર્ચાળ છે.

ત્રણેય રૂટથી યાત્રાની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન માટે યાત્રિકો પ્રા. ડૉ. યશવંત ગોસ્વામી મો.નં.૯૪૨૭૪ ૯૫૧૭૫નો સંપર્ક કરી શકે છે. આ

ઉપરાંત સરકારી બંને રૂટની માહિતી માટે વિદેશ મંત્રાલય ભારત સરકાર દ્વારા પણ ૦૧૧-૨૪૩૦૦૯૫૫ હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવેલ છે. સર્ચ કરવાથી નાથુલા રૂટની માહિતી પણ યાત્રિકો મેળવી શકશે.

### કૈલાસ - માનસરોવર યાત્રા : ત્રણેય રૂટની તુલના

**યાત્રાનું આયોજન :** લીપુલેખ પાસ અને નાથુલા પાસથી યાત્રાનું સરકાર દ્વારા (મીનીસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સ - ભારત સરકાર દ્વારા થાય છે.) જ્યારે નેપાળ રૂટથી યાત્રાનું આયોજન ભારત અને નેપાળના ટ્રાવેલ એજન્ટો દ્વારા સંયુક્ત રીતે ચાઈના ગવર્નમેન્ટની મંજૂરીથી થાય છે.

**યાત્રાના દિવસો :** લીપુલેખથી ૧૮ થી ૨૦ દિવસ, નાથુલા થી ૨૪ દિવસ અને નેપાળથી માત્ર ૧૩ દિવસમાં યાત્રા થઈ શકે છે. નેપાળથી પશુપતિનાથ દર્શનનો લાભ પણ મળે છે.

**યાત્રા ખર્ચ અને સુવિધા :** લીપુલેખથી યાત્રાનો ખર્ચ આશરે ૧,૮૦,૦૦૦/- નાથુલારૂટ થી ૧,૭૫,૦૦૦/- અને નેપાળ રૂટથી ૩,૦૦,૦૦૦/- ખર્ચ દિલ્લીથી થાય છે. આ ઉપરાંત ત્રણેય રૂટથી વધારાનો ખર્ચ રૂા. આશરે ૪૫ થી ૫૦ હજાર ગણી શકાય. નેપાળ રૂટથી યાત્રિકોને નેપાળમાં ફોર કે ફાઈવ સ્ટાર હોટલમાં ૩ નાઈટ ઉપરાંત ગુજરાતી ભોજનની સુવિધા ૩ ટાઈમ અને યાત્રિકોની પર્સનલ કેર માટે દર ૪ યાત્રિકે પહાડી શેરપાની સેવા અપાય છે. આવી કોઈ સુવિધા સરકારી યાત્રામાં અપાતી નથી. સરકારી યાત્રામાં ભારતીય સરહદમાં ભોજન વ્યવસ્થા KMVN દ્વારા અને ચાઈનામાં યાત્રિકોએ દિલ્લીથી કૂક-રાશન સાથે લઈ આ વ્યવસ્થા જાતે કરવી પડે છે, અને સ્વખર્ચે સરકારી યાત્રામાં માત્ર એક જ યાત્રિકોની સાથે રહે છે. આ ઉપરાંત ચાઈનીઝ ગાઈડ ત્રણેય યાત્રામાં સાથે રહે છે.

**મેડિકલ ટેસ્ટ અને સ્વાસ્થ્ય :** સરકારી બંને યાત્રામાં યાત્રિકોએ દિલ્લી ખાતે કડક મેડિકલ ટેસ્ટમાંથી પસાર થવું પડે છે અને ડ્રો સીસ્ટમથી યાત્રિકોની પસંદગી થાય છે. જ્યારે નેપાળ રૂટથી યાત્રિકોનું મેડિકલ પરીક્ષણ થતું નથી. આ રૂટથી બ્લડપ્રેશર અને ડાયાબીટીસવાળા યાત્રિકો પણ યાત્રા કરી શકે છે.

**યાત્રા રૂટ અને કિલોમીટર :** પ્રથમ રૂટ : દિલ્લીથી, અલ્મોડા, ધારચુલા, માંગતી, ગાલા, બુદ્ધી, ગુંજી, નાભીડાંગ, કાલાપાની, લીપુલેખ (ચાઈના બોર્ડર) તકલાકોટ થઈ કૈલાસ - માનસરોવર - આશરે ૮૫૦ કી.મી. ધારચુલાથી લીપુલેખ પાસ સુધી પગપાળા અથવા ઘોડાપર બેસી યાત્રા થઈ શકે. નાથુલાપાસ નવા રૂટથી દિલ્લીથી બાગડોગરા, ગેંગટોક, શેરથાંગ, કાંગ્મા, નાથુલા, લાઝીથી ઝાંગ્મા થઈ કૈલાસ માનસરોવર આશરે ૧૫૦૦ કિમી. અને નેપાળથી સીધાજ ઝાંગ્મુ (ચાઈના બોર્ડર) નયાલમ, સાગા, પર્યાંગ થઈ માનસરોવર આશરે ૮૫૦ કીમી. થાય છે. નેપાળ અને નાથુલા રૂટથી યાત્રામાં યાત્રિકે ક્યાંય ચાલવાનું નથી. માનસરોવર સુધી બસમાં મુસાફરી છે. ત્રણેય રૂટમાં નેપાળનો રૂટ સૌથી વધુ સરળ અને સુવિધાયુક્ત અને સલામત પણ છે.

**યાત્રા સમય અને યાત્રિક સંખ્યા :** લીપુલેખ પાસથી યાત્રાનો સમય જૂન થી સપ્ટેમ્બર. નાથુલા પાસથી જૂનથી ઓગષ્ટનો અને નેપાળ રૂટથી એપ્રિલથી સપ્ટેમ્બર દરમ્યાન યાત્રાનું આયોજન થાય છે. લીપુલેખથી ૬૦ યાત્રિકોના ૧૮ બેચના કુલ ૧૦૮૦ યાત્રિકોને અને નાથુલાથી ૫૦ ના ૫ બેચ એમ માત્ર ૨૫૦ યાત્રિકોને યાત્રામાં જવાની અનુમતી મળશે. જ્યારે નેપાળ રૂટથી દર વર્ષે ૧૫ થી ૨૦ હજાર યાત્રિકો કૈલાસ માનસરોવર યાત્રાએ જાય છે.

**પાસપોર્ટ અને યાત્રિકોની પસંગી :** ત્રણેય રૂટની યાત્રા માટે યાત્રિક પાસે પાસપોર્ટ હોવો જરૂરી છે. જ્યારે સરકારી રૂટમાં યાત્રિકોની પસંદગી ડ્રોસીસ્ટમ અને મેડીકલ ટેસ્ટ દ્વારા થાય છે જ્યારે નેપાળ રૂટથી આવી કોઈ વિધિ નથી. ૮ વર્ષથી ૭૦ વર્ષ સુધીની કોઈપણ સ્વસ્થ્ વ્યક્તિ આ યાત્રા ત્રણેય રૂટથી કરી શકે છે.

**આર્થિક સહાય અને યાત્રા કીટ :** ભારત સરકાર હજ યાત્રિકો જેની સંખ્યાત્રણ લાખથી વધુ છે એમને માટે દર વર્ષે સ્પે. પ્લેનની સુવિધા સાથે કરોડો રૂપિયા ખર્ચ કરે છે. જ્યારે દર વર્ષે કૈલાસ યાત્રાએ જતા યાત્રિકોની સંખ્યા માત્ર ૨૦ હજારની આસપાસ હોવા છતાં કેન્દ્ર સરકાર પ્લેન તો શું ટ્રેનની સુવિધા પણ આપથી નથી. દરેક રાજ્ય સરકાર પોતાના યાત્રિકોને અલગ અલગ આર્થિક સહાય આપે છે. ગુજરાત સરકાર રૂા. ૫૦,૦૦૦/- દિલ્લી સરકાર રૂા.૪૦,૦૦૦, આંધ્રપ્રદેશની સરકાર રૂા.૫૦,૦૦૦/- આપે છે. એ પણ માત્ર સરકારી યાત્રા કરનારને જ પ્રાઈવેટ યાત્રિકોને કોઈ સહાય અપાતી નથી.

**સ્પેશ્યલ લીવ અને પ્રમાણપત્ર :** ભારત સરકાર કૈલાસ માનસરોવર યાત્રા અને પ્રદક્ષિણાને એક ટ્રેકીંગ સાહસ માનીને દરેક યાત્રિકને પોતાના જીવનકાળ દરમ્યાન ત્રણ વખત ૧૫ દિવસ થી ૩૦ દિવસ સુધીનો સ્પે. લીવ આપે છે. આ માટે યાત્રાનું સરકારી પ્રમાણપત્ર અને અન્ય આધાર વીઝાની કોપી આપવી જરૂરી છે પ્રાઈવેટ યાત્રિકોને પ્લેનની ટીકીટ અને વીઝાની કોપી આપવાથી આ લાભ મળી શકે છે.

**ઈન્ડેમનીટી બોન્ડ :** ભારત સરકાર દ્વારા આયોજિત બંને યાત્રામાં યાત્રિકે રૂા.૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂના મૂજબની બાંહેધરી સાથે નોટરીની સહીવાળુ ઈન્ડેમ્નીટી બોન્ડ આપવું ફરજીયાત છે. જ્યારે પ્રાઈવેટ યાત્રામાં આ પ્રકારનું બાંહેધરી પત્રકમાં માત્ર યાત્રિકની જ સાદા કાગળ પર સહી લેવાય છે.

**ત્રણેય રૂટથી યાત્રાના પ્લસ પોઈન્ટ :** ત્રણેય રૂટનું સૌંદર્ય પૃથ્વીલોક પર જ સ્વર્ગલોકની અનુભૂતિ કરાવે છે. આમછતાં લીપુલેખ પાસથી અદ્ભુત અલૌકિક અન્બીલીવેબલ અવિસ્મરણીય 'ૐ પર્વત' દર્શનનો લાભ મળે છે. નાથુલા રૂટના યાત્રિકોને સિક્કિમના કુદરતી સૌંદર્યની અને નેપાળ રૂટના યાત્રિકોને પશુપતિનાથ દર્શન સાથે, નેપાળ દર્શન, હિમાલય દર્શન, મુક્તિનાથ અને ગૌરીશંકર શિખરની સાથે હિમાલય અને નેપાળના અફાટ સોંદર્યને સગી આંખે જોવાનો માણવાનો અને જાણવાનો લાભ મળે છે. યાત્રાના માઈનસ પોઈન્ટ હોય જ નહીં.

**તન-મન-ધનની તંદુરસ્તી :** સત્યમ - શિવમ - સુંદરમનો સાક્ષાત્કાર કરાવતી આ યાત્રા સ્વસ્થ શરીર, પ્રસન્ન અને ધાર્મિક મન તથા ધન વગર થઈ શકતી નથી. શરીર સાથ આપતું હોય પણ પૈસા ન હોય તો, મન સાથ

આપતું હોય પણ તંદુરસ્તી અને ધન ન હોય તો અને તન અને મન બંનેનો સાથ હોય તો પણ ધન ન હોય તો પણ આ યાત્રા થઈ શકતી નથી. જેના જીવનમાં આ ત્રણેયનો સમન્વય થાય એજ વ્યક્તિ આ યાત્રા કરી શકે છે. આ બધુ જ હોય પણ ભોળાનાથની ઈચ્છા ન હોય તો અને ક્યારેક ચાઈનાની અવળચંડાઈને કારણે પણ યાત્રા થઈ શકતી નથી.

### કૈલાસ માનસરોવર (નાથુલા રૂટ) આઈટીનરી

D ૧ થી ૪ : ભારતના વિવિધ રાજ્યોમાંથી પસંદ થયેલા યાત્રિકો સૌ પ્રથમ દિલ્લી પહોંચશે. દિલ્લીમાં ૪ દિવસના રોકાણ દરમ્યાન મેડીકલ ચેકઅપ, એમ.ઈ.એ. બ્રીફીંગ, પાસપોર્ટ ક્લેક્શન અને ચેકીંગ, ફોરેન એક્સચેન્જ, ઈન્ડેમ્નીટી બોન્ડ, વીઝા એપ્લાય જેવી વિવિધ સરકારી વિધિમાંથી પસાર થવાનું રહેશે. D ૫ : દિલ્લીથી બાગડોગરા બાય એર ૧૧૨૫ કીમી. બાગડોગરા પં.બંગાળનું નાથુલાથી સૌથી નજીકનું એરપોર્ટ છે. નજીકનું રેલ્વે સ્ટેશન ન્યુ જલપાઈગુડી છે. બાગડોગરાથી ગેંગટોક બાય બસ ૧૫૦ કીમી. ગેંગટોક નાઈટ. D ૬, ૭ : વાતાવરણ સાથે સેટ થવા માટે ગેંગટોક નાઈટ (૧૦,૪૦૦ ફૂટ) D ૮ : ગેંગટોક થી શેરથાંગ બાય બસ ૪૫ કીમી. (૧૩,૫૦૦ ફૂટ) D ૯ : શેરથાંગ (મેડીકલ અને કસ્ટમ ચેકીંગ) શેરથાંગ નાઈટ D ૧૦ : શેરથાંગ થી કાંગ્મા વાયા નાથુલા પાસ ૨૦૦ કીમી. (૧૩,૭૦૦ ફૂટ) નાથુલા બોર્ડર પર ચાઈના દ્વારા ઈમીગ્રેશન, કસ્ટમ ચેકીંગ D ૧૧ : કાંગ્માથી લાઝી ૩૦૦ કીમી. (૧૩,૩૦૦ ફૂટ) લાઝી નાઈટ D ૧૨ : લાઝી થી ઝાંગ્બા ૪૭૭ કીમી. (૧૫,૫૦૦ ફૂટ) નાઈટ D ૧૩ : ઝાંગ્મા થી દારચેન ૪૭૫ કીમી. (૧૫,૩૦૦ ફૂટ) દારચેન નાઈટ, દારચેન થી અષ્ટપદ ૧૦ કીમી. (પગપાળા અથવા ઘોડા પર સ્વખર્ચે) D ૧૪ : માનસરોવર પરિક્રમા - દરચેન ચ્યુગોમ્પા ૮૦ કીમી. માનસરોવર નાઈટ D ૧૫ : માનસરોવર સ્નાન, યજ્ઞ, પૂજા - માનસરોવર નાઈટ D ૧૬ : ચ્યુ ગોમ્પાથી રાક્ષસતાલ, યમદ્વાર થઈ ડેરાપૂક નાઈટ (૮૭ પ્લસ ૧૨ કીમી.) ૧૬૮૦૦ ફૂટ (યમદ્વારથઈ કૈલાસ પ્રદક્ષિણા - પગપાળા - ઘોડાપર) D ૧૭ : કૈલાસ પ્રદક્ષિણા બીજો દિવસ ડેરાપૂકથી દોલ્માલા, ગૌરાકુંડ થઈ ઝુથુલયુક નાઈટ ૨૪ કીમી. (૧૯૫૦૦ ફૂટ - દોલ્માલા) D ૧૮ : (કૈલાસ પરિક્રમા ત્રીજો દિવસ) ઝુથુલયુક થી દારચેન ૧૦ કીમી. પ્રદક્ષિણા પૂર્ણ દારચેન થી ઝાંગ્બા (રીટન યાત્રા) ૪૮૦ કીમી. બાય બસ. D ૧૯ : ઝાંગ્બાથી લાઝી ૪૭૭ કીમી. લાઝી નાઈટ D ૨૦ : લાઝી થી કાંગ્મા ૩૦૦ કીમી. કાંગ્મા નાઈટ D ૨૧ : કાંગ્માથી શેરથાંગ ૨૦૦ કીમી. (વાયા નાથુલા - કસ્ટમ ચેકીંગ)નાઈટ D ૨૨ : શેરથાંગથી ગેંગટોક ૪૫ કીમી. ગેંગટોક નાઈટ D ૨૩ : ગેંગટોકથી બાગડોગરા ૧૫૦ કીમી. બાગડોગરાથી બાય એર દિલ્લી નાઈટ. D ૨૪ : દિલ્લીથી બાય એર / બાયટ્રેન વતનમાં પરત. આ રૂટ પરથી યાત્રાનો ખર્ચ આશરે ૩,૫૦,૦૦૦/ થાય છે.

### નેપાળ રૂટથી કૈલાસ.યાત્રા

D૧: અમદાવાદથી દિલ્હી થઈ કાઠમંડુ નેપાળ બાય ફ્લાઈટ D૨: કાઠમંડુ ફૂલ ડે સાઈટસીન પશુપતિ નાથ દર્શન પૂજા રુદ્રિપાઠ પંડિતો દ્વારા D૩ : કાઠમંડુ થી બાય રોડ સેબ્રુબેસી .ચીન બોર્ડર ૧૭૦ કિમી. ૮ કલાક D ૪ : બોર્ડર થી કેરૂમ સિટી ૭૦ કિમી. ૧કલાક તિબેટ બસ દ્વારા D૫ : કેરુંમ થી સાગા સિટી ૧૫૦ કિમી. ૪ કલાક D૬ : વાતાવરણ સાથે સેટ થવા બીજો દિવસ પણ સાગા નાઈટ D૭ સાગા થી માનસરોવર ૨૫૦ કિમી. ૮ કલાક.કૈલાસ દર્શન અને માનસરોવર પરિક્રમા રાત્રે દેવ દર્શન. D૮ : માનસરોવર સ્નાન, પૂજા, બાદ ડારચેન જવા રવાના. ૫૦કિમી રાક્ષસ તાલ દર્શન, અષ્ટપદ નંદી પર્વત દર્શન બાદ દારચેન નાઈટ D ૯ : કૈલાસ પરિક્રમા પ્રથમ દિવસ . યમદ્વાર બાય બસ ૧૦ કિમી. યમદ્વાર થી ડેરાપૂક ગોલ્ડન કૈલાસ, શેષનાગ કૈલાસ દર્શન. ૧૨કિમી પગપાળા અથવા ઘોડા દ્વારા. D૧૦ : કૈલાસ પરિક્રમા બીજો દિવસ ૨૨ કિમી ડોલમાપાસ શક્તિપીઠ, ગૌરીકુંડ દર્શન સૌથી કઠિન દિવસ ૧૯૦૦૦ ફૂટ ઝુથુલપુક નાઈટ D ૧૧ : કૈલાસ પરિક્રમા ત્રીજો દિવસ ઝુથુલપુક થી દારચેન ૧૦ કિમી. ૩ કલાક કૈલાસ પરિક્રમા પૂર્ણ કરી દારચેન થી સાગા જવા રવાના રીટર્ન મુસાફરી. D૧૨ : સાગાથી કેરુંમ નાઈટ , D૧૩ : કેરુંમ થી કાઠમંડુ નાઈટ D૧૪ : કાઠમંડુ થી બાય એર દિલ્હી થઈ અમદાવાદ યાત્રા પૂર્ણ કુલ ખર્ચ આશરે રૂા. ૩ લાખ.

### સરકારી રૂટ ધરચુલાથી કૈલાસ માન સરોવર યાત્રા

D૧ થી D૩ અમદાવાદથી દિલ્હીઃ મેડિકલ ટેસ્ટ દિલ્હી નાઈટ. D૪ દિલ્હીથી કાઠગોદામ ૨૫૦ કિમી ૬ કલાક બાય બસ, D૫ કાઠગોદામથી પીથોરાગઢ મીની બસ દ્વારા ૧૮૦ કિમી નાઈટ D૬ પિથોરાગઢથી ધારચુલા ૧૦૦ કિમી નાઈટ, D૭ ધારચૂલાથી ગુંજી ૮૫ કિમી જીપ દ્વારા, D૮ ગુંજી થી નાભિ ૐ પર્વત દર્શન ૨૫ કિમી બાદ લિપુલેખ પાસ તિબેટ ભારત બોર્ડર ૧૬ કિમી. થઈ તકલકોટ તિબેટ સીટી નાઈટ, D૯ : તકલકોટ નાઈટ સેટ થવા, D૧૦: તકલાકોટ થી માનસરોવર ૭૦ કિમી બાય બસ માન સરોવર નાઈટ, D૧૧ થી D૧૪ દારચેન નાઈટ અષ્ટપદ દર્શન કૈલાસ માન સરોવર પરિક્રમા બાદ તલાકોટ રીટર્ન. D૧૫ થી D૨૦ : દિલ્હી રીટર્ન મુસાફરી તકલાકોટ થી દિલ્હી, D૨૧ દિલ્હી થી અમદાવાદ આ રૂટ પર થી આશરે રૂા.૨,૭૫,૦૦૦/ ખર્ચ થાય છે. જેમાં ગુજરાત સરકાર રૂા.૫૦,૦૦૦/સબસિડી આપે છે.

### કૈલાસ માનસરોવર યાત્રા :હેલિકોપ્ટર રૂટ

D૧ અમદાવાદથી લખનૌ/ કાઠમંડુ બાય એર, લખનૌ થી નેપાલગંજ બાય રોડ ૧૮૦ કિમી.નાઈટ, D૨ નેપાળગંજ થી સિમિકોટ બાય ચાર્ટર પ્લેન ૧ કલાક નાઈટ, D૩ સિમિકોટ થી હિલસા તિબેટ બોર્ડર બાય હેલિકોપ્ટર ૨૫ મિનિટ ,હિલ્સા તિબેટ બોર્ડર થી બાય બસ તકલાકોટ ૫૦ કિમી તકલાકોટ નાઈટ, D૪ તકલાકોટ નાઈટ, D૫ તકલાકોટ થી માનસરોવર ૭૦ કિમી. નાઈટ, D૬ થી D૯ કૈલાસ પરિક્રમા બાદ તકલાકોટ પરત. D૧૦ બોર્ડર ક્રોસ કરી હિલ્સા, સિમિકોટ,થઈ નેપાલગંજ નાઈટ, D૧૧ નેપાળગંજ થી લખનૌ થઈ અમદાવાદ/રાજકોટ આ રૂટ પરથી યાત્રાનો ખર્ચ આશરે ૩,૭૫,૦૦૦/ થાય છે.

મો.૯૪૨૭૪ ૯૫૧૭૫

# આરોગ્ય સૃષ્ટિ



**ડો. ક્રિષ્ના પાંડે**
લેખિકા વરિષ્ઠ હૃદયરોગ નિષ્ણાત છે તથા અમદાવાદની અનેક ખ્યાતનામ હોસ્પિટલોમાં કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.

# હાર્ટ એટેકને અટકાવીએ

આજના સમયમાં હાર્ટ એટેક માત્ર વૃદ્ધોની સમસ્યા રહી નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. બદલાતી જીવનશૈલી, શારીરિક નિષ્ક્રિયતા, અસંતુલિત આહાર, વધતો માનસિક તણાવ, ધૂમ્રપાન, સ્થૂળતા (મોટાપો), ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને વધેલું કોલેસ્ટ્રોલ હૃદયરોગના મુખ્ય જોખમી પરિબળો છે. જોકે કિશોરો (Teenagers)માં હાર્ટ એટેક થવાની શક્યતા ઓછી હોય છે, પરંતુ જન્મજાત હૃદયની તકલીફો અથવા કેટલીક વિશેષ તબીબી પરિસ્થિતિઓમાં તેની સંભાવના હોઈ શકે છે.

સારી વાત એ છે કે હાર્ટ એટેકના મોટા ભાગના જોખમોને સમયસર ઓળખી શકાય છે અને સ્વસ્થ જીવનશૈલી અપનાવીને તેને ઘણા ખરા કિસ્સાઓમાં ઘટાડી શકાય છે. ઘણા લોકો માને છે કે હાર્ટ એટેક અચાનક જ આવે છે, પરંતુ ઘણી વખત શરીર તેના પહેલાં કેટલાક સંકેતો આપે છે. આ સંકેતોને સમયસર ઓળખીને તાત્કાલિક સારવાર લેવાથી જીવન બચાવી શકાય છે.

**હાર્ટ એટેકના મુખ્ય લક્ષણોમાં** છાતીમાં દુઃખાવો થવો, છાતી ઉપર ભાર લાગવો, દબાણ અથવા જકડાવાની લાગણી થવી. ડાબા હાથમાં દુઃખાવો થવો, દુઃખાવો બંને હાથ, ખભા, ગરદન, જડબાં અથવા પીઠ સુધી વિસ્તરવો, શ્વાસ લેવામાં તકલીફ થવી, ઠંડો પરસેવો આવવો, ઉબકા, ઊલટી અથવા અપચા જેવી તકલીફ થવી, ચક્કર આવવા અથવા બેભાન થવા જેવું લાગવું તેમજ અચાનક વધારે નબળાઈ અથવા અસામાન્ય થાક અનુભવવા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

એ યાદ રાખવું જરૂરી છે કે દરેક વ્યક્તિમાં હાર્ટ એટેકના લક્ષણો એકસરખા હોતા નથી. ખાસ કરીને મહિલાઓ, ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ અને વૃદ્ધોમાં છાતીમાં તીવ્ર દુખાવા સિવાય પણ લક્ષણો જોવા મળી શકે છે, જેમ કે શ્વાસ લેવામાં તકલીફ, અસામાન્ય થાક, જડબાં, પીઠ અથવા પેટના ઉપરના ભાગમાં દુખાવો. જો તમને અથવા તમારી આસપાસની કોઈ વ્યક્તિને આવા લક્ષણો દેખાય, તો તેને અવગણશો નહીં. તરત જ નજીકની હોસ્પિટલમાં સંપર્ક કરો અથવા તાત્કાલિક તબીબી મદદ મેળવો. સમયસર મળેલી સારવાર હૃદયને થતા નુકસાનને ઘટાડે છે અને જીવન બચાવવાની શક્યતા વધારે છે.



### નિયમિત આરોગ્ય તપાસ શા માટે જરૂરી છે?

હાર્ટ એટેક થતા પહેલાં તેના ઘણા જોખમી પરિબળો ઓળખી શકાય છે. તેથી સમયાંતરે આરોગ્ય તપાસ કરાવવી ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને જો પરિવારમાં હૃદયરોગનો ઇતિહાસ હોય અથવા ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, સ્થૂળતા કે ધૂમ્રપાન જેવી સમસ્યાઓ હોય તો અચૂક નિયમિત તપાસ કરાવવી ઘટે છે.

ડૉક્ટરની સલાહ અનુસાર લિપિડ પ્રોફાઇલ (કોલેસ્ટ્રોલ અને ટ્રાઇગ્લિસરાઇડ્સ), બ્લડ શુગર ટેસ્ટ (ફાસ્ટિંગ બ્લડ શુગર અને HbA1c), નિયમિત બ્લડ પ્રેશરની તપાસ, કિડની ફંક્શન ટેસ્ટ, ઈસીજી (ECG), જરૂરિયાત મુજબ ઇકોકાર્ડિયોગ્રાફી (ECHO) અથવા ટ્રેડમિલ ટેસ્ટ (TMT) તેમજ કેટલાક દર્દીઓમાં કાર્ડિયોલોજિસ્ટની સલાહ મુજબ કોરોનરી કેલ્શિયમ સ્કોર (CT Calcium Score) જેવા ટેસ્ટ થાય તો ઉચિત છે.

આ તપાસો દ્વારા હૃદયરોગના જોખમને વહેલી તકે ઓળખી શકાય છે અને યોગ્ય સારવાર તથા જીવનશૈલીમાં ફેરફાર દ્વારા હાર્ટ એટેકની શક્યતા ઘટાડી શકાય છે. આપણી રોજિંદી જીવનશૈલી અને ખોરાકની પસંદગી આપણા હૃદયના સ્વાસ્થ્ય પર સીધી અસર કરે છે. નાની-નાની સારી ટેવો લાંબા ગાળે હૃદયને સુરક્ષિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. યોગ્ય આહાર, નિયમિત કસરત અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાથી હાર્ટ એટેક સહિતના હૃદયરોગના જોખમને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે.

# આરોગ્ય સૃષ્ટિ

**હૃદયને સ્વસ્થ રાખવા માટે : (૧)** સંતુલિત અને પૌષ્ટિક આહાર લો. દરરોજ તાજા ફળો અને લીલા શાકભાજીનો સમાવેશ કરો. આખા અનાજ (Whole Grains), દાળ, કઠોળ અને ફાઈબરયુક્ત ખોરાકને પ્રાધાન્ય આપો. સૂકા મેવા (જેમ કે બદામ, અખરોટ) અને યોગ્ય માત્રામાં હેલ્ધી ફેટ ધરાવતા ખોરાકનો સમાવેશ કરો. વધુ પડતા તળેલા ખોરાક, મીઠાઈ, વધુ મીઠું અને ટ્રાન્સ ફેટ ધરાવતા ખોરાકનું સેવન ઓછું કરો. પેકેટવાળા અને પ્રોસેસ્ડ ફૂડનું પ્રમાણ ઘટાડો. **(૨)** નિયમિત શારીરિક પ્રવૃત્તિ કરો. નિયમિત કસરત હૃદયને મજબૂત બનાવે છે, વજન નિયંત્રિત રાખે છે અને બ્લડ પ્રેશર તથા શુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા ૧૫૦ મિનિટ મધ્યમ પ્રકારની કસરત કરવાનો પ્રયાસ કરો. ચાલવું, યોગ, સાઈકલ ચલાવવી અથવા તરવું જેવી પ્રવૃત્તિઓ હૃદય માટે લાભદાયક છે. **(૩)** ધૂમ્રપાન અને તમાકુથી સંપૂર્ણપણે દૂર રહો. ધૂમ્રપાન અને તમાકુનું સેવન હૃદયરોગનું મુખ્ય કારણ બની શકે છે. તેને છોડવાથી હૃદય અને સમગ્ર શરીરના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થાય છે. **(૪)** વજન, બ્લડ પ્રેશર અને શુગરને નિયંત્રિત રાખો. વધારે વજન, અનિયંત્રિત ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર હાર્ટ એટેકના જોખમને વધારે છે. તેથી નિયમિત તપાસ અને ડૉક્ટરની સલાહ મુજબ સારવાર ખૂબ જરૂરી છે. **(૫)** તણાવનું યોગ્ય પ્રબંધન કરો. આજની ઝડપી જીવનશૈલીમાં માનસિક તણાવ સામાન્ય બની ગયો છે. લાંબા સમય સુધી રહેતો તણાવ હૃદય પર નકારાત્મક અસર કરી શકે છે. યોગ, ધ્યાન, પૂરતી ઊંઘ અને પરિવાર તથા મિત્રો સાથે સકારાત્મક સમય પસાર કરવાથી તણાવ ઘટાડવામાં મદદ મળે છે. હાર્ટ એટેકથી બચવા માટે સાવચેતી જ શ્રેષ્ઠ ઉપાય છે.



### હાર્ટ એટેક અંગેના ભ્રમ અને હકીકત

હૃદયરોગ અંગે સમાજમાં ઘણી ગેરમાન્યતાઓ જોવા મળે છે. સાચી માહિતી અને જાગૃતિ દ્વારા આપણે હાર્ટ એટેકના જોખમને સમજી શકીએ છીએ અને સમયસર યોગ્ય પગલાં લઈ શકીએ છીએ.

**ભ્રમ ૧:** હાર્ટ એટેક માત્ર વૃદ્ધોને જ થાય છે. **હકીકત:** હાર્ટ એટેકનું જોખમ ઉંમર વધવા સાથે વધી શકે છે, પરંતુ આજની બદલાતી જીવનશૈલીને કારણે યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસો જોવા મળી રહ્યા છે. તણાવ, અસ્વસ્થ આહાર, ધૂમ્રપાન, સ્થૂળતા, ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવા પરિબળો યુવાનોમાં પણ જોખમ વધારી શકે છે.

**ભ્રમ ૨:** જો છાતીમાં તીવ્ર દુખાવો ન હોય તો હાર્ટ એટેક હોઈ શકે નહીં. **હકીકત:** દરેક હાર્ટ એટેકમાં તીવ્ર છાતીનો દુખાવો થાય તે જરૂરી નથી. ખાસ કરીને મહિલાઓ, ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ અને વૃદ્ધોમાં શ્વાસ લેવામાં તકલીફ, અતિશય થાક, ઉબકા, જડબાં અથવા પીઠમાં દુખાવો જેવા લક્ષણો પણ હાર્ટ એટેકના સંકેત હોઈ શકે છે.

**ભ્રમ ૩:** હાર્ટ એટેક હંમેશા અચાનક અને કોઈપણ ચેતવણી વગર આવે છે. **હકીકત:** ઘણા લોકોમાં હાર્ટ એટેક પહેલાં શરીર કેટલાક સંકેતો આપે છે. છાતીમાં અસ્વસ્થતા, વારંવાર થતો થાક, શ્વાસમાં તકલીફ અથવા અન્ય અસામાન્ય લક્ષણોને અવગણવા જોઈએ નહીં.

**ભ્રમ ૪:** હું નિયમિત કસરત કરું છું, એટલે મને હાર્ટ એટેક આવી શકે નહીં. **હકીકત:** નિયમિત કસરત હૃદય માટે ખૂબ જ લાભદાયક છે, પરંતુ માત્ર કસરતથી તમામ જોખમ દૂર થતા નથી. જો ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર, વધેલું કોલેસ્ટ્રોલ, ધૂમ્રપાન અથવા પરિવારમાં હૃદયરોગનો ઇતિહાસ હોય, તો નિયમિત આરોગ્ય તપાસ પણ જરૂરી છે.

**ભ્રમ ૫:** જો છાતીનો દુખાવો થોડા સમય પછી બંધ થઈ જાય તો ચિંતા કરવાની જરૂર નથી. **હકીકત:** લક્ષણો થોડા સમય માટે ઓછા થઈ જાય તેનો અર્થ એ નથી કે જોખમ ટળી ગયું છે. હાર્ટ સંબંધિત તકલીફમાં વિલંબ કરવો જોખમી બની શકે છે. શંકાસ્પદ લક્ષણો જણાય તો તરત જ તબીબી સલાહ લેવી જોઈએ.

**ભ્રમ ૬:** માત્ર કોલેસ્ટ્રોલની તપાસ કરાવવી પૂરતી છે.**હકીકત:** હૃદયરોગના જોખમનું મૂલ્યાંકન માત્ર કોલેસ્ટ્રોલથી થતું નથી. બ્લડ પ્રેશર, બ્લડ શુગર, વજન, જીવનશૈલી, પરિવારનો તબીબી ઇતિહાસ અને જરૂરિયાત મુજબ અન્ય તપાસો પણ મહત્વપૂર્ણ છે.

**ભ્રમ ૭:** હાર્ટ એટેકને રોકી શકાતો નથી. **હકીકત:** ઘણા કિસ્સાઓમાં હાર્ટ એટેકના જોખમને ઘણી હદ સુધી ઘટાડી શકાય છે. સંતુલિત આહાર, નિયમિત કસરત, તમાકુથી દૂર રહેવું, તણાવનું સંચાલન, પૂરતી ઊંઘ અને સમયાંતરે આરોગ્ય તપાસ હૃદયને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**હૃદયરોગ એક દિવસમાં ઊભો થતો નથી :** તે વર્ષો દરમિયાન ધીમે ધીમે વિકસે છે. તેથી બીમારીની રાહ જોવાને બદલે સમયસર આરોગ્ય તપાસ કરાવવી, જોખમી પરિબળોને નિયંત્રિત કરવા અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવી ખૂબ જ જરૂરી છે. શરીર દ્વારા આપવામાં આવતા કોઈપણ ચેતવણીના સંકેતોને અવગણશો નહીં. યોગ્ય સમયે લેવામાં આવેલું એક નાનું પગલું પણ જીવન બચાવી શકે છે. તમારું હૃદય દિવસ-રાત સતત તમારા માટે કાર્ય કરે છે. તેની કાળજી લેવી એ તમારી સૌથી મોટી જવાબદારી છે. નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, સક્રિય જીવનશૈલી અને હાર્ટ એટેકના પ્રારંભિક લક્ષણોની યોગ્ય ઓળખ - આ જ છે સ્વસ્થ હૃદય અને સ્વસ્થ જીવનની ચાવી. **સાવચેતી રાખો, જાગૃત રહો અને તમારા હૃદયને સ્વાસ્થ્ય રાખો.**


Signature®
LUXURY FRAGRANCES
COCKTAIL
DEODORANT & EAU DE PARFUM
પ્રથમ વખત
એક જ DEO માં
દસ
ખુશ્બુ
Signature®
COCKTAIL
DEODORANT BODY SPRAY
200ml / 134g
લાંબા
સમય
સુધી ચાલે
~: Also available :~
EAU DE PARFUM
BAN®
SINCE 1966
BAN LABS (P) LTD.
For Suggestions & Feedback Contact Manager - Customer Care: +91 84603 72121 consumer.care@banlab.com www.banlabs.com

# કૃષિ સૃષ્ટિ



**હીરજી ભીંગરાડિયા**
પંચવટી બાગ, માલપરા, જી. બોટાદ
લેખક કૃષિ ક્ષેત્રના વરિષ્ઠ નિષ્ણાંત, અનુભવી
અને અનેક એવોર્ડ અને પારિતોષિકોથી વિભૂષિત થયેલ છે.

# વાહ! ઝાડવું એક અને થડિયાં અનેક!

માત્ર ચૂલો, કડાઇ, તાવેથો અને તાપની ગોઠવણ કર્યે ''શીરો'' બની જતો હોત તો ઘી, ગોળ કે લોટ-પાણીનો કોઇ ભાવ જ ન પૂછત ! એ રીતે આકાશથી ઉતરી આવતો સૂર્યપ્રકાશ અને હવા માંહ્યલો અંગારવાયુ વનસ્પતિના લીલા પાંદડે પહોંચી જવા માત્રથી વનસ્પતિનો ખોરાક તૈયાર થઇ જતો નથી. પ્રકાશ સંશ્લેષણની ક્રિયા માટે પહેલી જરૂર પડે છે પોષક તત્વોથી સભર એવા રંધાનારા કાચા ખોરાક રૂપી જમીનના રસની, અને એને જમીનમાંથી ચૂસી પાંદડા સુધી પહોંચાડ્યા કરવાનું પાયાનું કામ કરે છે - આપણી નજરને નહીં ભળાતા એવા જમીનમાં ધરબાએલા ઝાડ-છોડના મૂળિયાં.

**મૂળિયાંનું એવું જ બીજું બહુ અગત્યનું કામ છે** - ઝાડ-છોડને ધરતી પર મજબૂતીથી ઊભો રાખવાનું. તોફાની પવનની આંટીઓ કે વાવાઝોડું સિમેંટ-રેતીથી ધરબેલા અને ચોતરફ તાણિયા કસેલ વીજળીના થાંભલાને પાયામાંથી ઉખાડી જમીનદોસ્ત કરી દેતા હોય છે. પણ નહીં ફાંઉડેશન કે નહીં એકેય તાણિયો ! ઝંઝેડી નાખતા ઝંઝાવાત ફળ-પાંદડા તો ખેરી નાખે, ડાળીઓય ભાંગી નાખે, થડિયુંયે ફંહાય જાય પણ વૃક્ષના મૂળિયાં માટીની પકડ મૂકતા નથી. **ઝાડ કે છોડને પોષનારું અને ધરતી પર અડિખમ ઊભુ રાખનારું કોઇ પરિબળ હોય તો તે છે તેનાં મૂળિયાં !**

**દુઃખ જ આપણું આ છે** = આપણે બધા પાકના ખોરાકી તત્વો એટલે કે વિવિધ જાતના સેંદ્રિય અને રાસાયણિક ખાતરોના ઉમેરણની જેટલી ચિંતા રાખીએ છીએ એનાથી પાંચમાં ભાગનીયે દરકાર એ ખોરાકી તત્વોને જમીનમાંથી ચૂસી ઉપર ધકેલનારા ઝીણાં-મોટા મૂળિયાંની લેતા નથી. ખોરાક ભલેને ઢગલામોઢે પડ્યો હોય – એ ચૂસનારા મૂળિયાં જ જો માયકાંગલા અને અલ્પ જથ્થામાં હોય તો ? છતે ખોરાકે છોડવાને ભૂખે મરવાનો વારો આવે કે નહીં ?

ઈમારત કેટલી ઉંચી લઇ જઇ શકાશે તેનું ગણિત તેના પાયાની મજબૂતાઇ કેટલી કરવામાં આવી છે તેને ધ્યાને લઇને એંન્જીનીયરો કરતા હોય છે. આપણા છોડવા કે ઝાડવા કેવાક ફાલશે-ફૂલશે કે કેટલું ઉત્પાદન આપવા સક્ષમ બનશે તેનું ગણિત પણ તેનું મૂળતંત્ર કેવુંક મજબુત, ફેલાએલું અને કાર્યરત છે તેના પર જ મંડાવાનું.

એક ઝાડવાને એક થડ હોય-એ તો હોય ! એમાં કંઇ નવું કે અચંબો પમાડે એવું નથી. પણ એક ઝાડવાને એકથી વધારે થડિયાં હોય એવું જોયું છે ક્યાંય ? યાદ કરો બરાબર ! કોઇ કોઇ ગામના ગોંદરે કે તળાવની પાળે ઊભેલા વૃક્ષ-જગતના વડિલ એવા વડદાદાને નીરખીને જોજો જરા ! જૂઓને, કવિ સુંદરમે દરેક કુટુંબના વડિલ દાદાઓને વડ સાથે સરખાવ્યા છે.

**''અમારા એ દાદા, વિપુલ વડના ઝુંડ સરખા, વિશાળી છાયાઓ, સકળ અમ સંતાપ હરતા.''**

પણ તે તો વડને કુદરતે દીધેલી વિશિષ્ટ શક્તિ દ્વારા મૂકાએલી વડવાઇઓએ પકડેલા થડના સ્વરૂપો છે. **આ વડવાઇઓ શું છે ?** વડ કે પીપર જેવા ખાસ વિશિષ્ટ ખાસિયત ધરાવતા ઝાડવાઓ પૂખ્ત ઉંમરના થતાં તેની પાકટ ડાળીઓમાંથી પાતળાં મૂળિયાં ફૂટી ધરતી તરફ લંબાતા હોય છે. જમીન સુધી પહોંચ્યા પછી તે જમીનમાં પ્રવેશી મૂળનું માળખું બનાવી જમીનમાંથી પોષણ ખેંચી ખેંચી ઉપર મોકલવાનું કામ બજાવવા લાગે છે. સમય જતાં તે માળખું મોટું બનતું જાય છે અને જમીનથી મુખ્ય ડાળી સુધીની એ વડવાઇ હવે પાતળાપણું છોડી, લોંઠકી બની થડનું રૂપ ધારણ કરી લે છે. વખત જતાં એની જાડાઇ એટલી બધી વધી જતી હોય છે કે મૂળ થડ ક્યુ અને વડવાઇઓ દ્વારા બનેલાં થડ ક્યા ? એ પારખવું અઘરું થઇ પડતું હોય છે.

તમે જોજો ! આવું જ લીમડે લટકતી ગળોની વેલી પણ પોતાના શરીરમાંથી વડવાઇઓ જેવા તાંતણાં લટકાવી નીચે જમીનપર પહોંચ્યાં ભેળા જ તેના અગ્ર ભાગેથી ઝીણાં મૂળો પ્રસરાવી રસ ખેંચાણ કરવાની પેરવીમાં જ કાયમ ભળાતી હોય છે.

**પણ દુઃખ એ વાતનું ..... કે** : ખાટલે મોટી ખોટ્ય કે વડ-પીપર જેવા વડવાઇઓ ઉત્પન્ન કરવાની શક્તિ ધરાવનારા વૃક્ષો, વૃક્ષ તરીકેના અનેક લાભો દેતા હોવાછતાં સ્વાદિષ્ટ અને પોષક ખોરાક ઉપરાંત બજારૂ આવક આપનારા ફળો દેવા માટે ઊણા ઊતરે છે. એટલે કોઇ ખેડૂત વાડીની અંદર તેનું વ્યવસ્થિત વાવેતર તો ન જ કરે ને ?

# કૃષિ સૃષ્ટિ

**આપણી અભિલાષા :** આપણને ઘડીભર એમ થાય કે વડ-પીપરના જેવી વધારાની થડ-મૂળ બનાવી શકવાની વિશિષ્ટ શક્તિ ભગવાને માનવીય ખોરાકમાં ઉપયોગી એવાં મીઠાં અને મધુરાં ફળો આપતાં બધાં વૃક્ષોને આપી હોત તો ? જામો પડી જાત હો ! ખેતરે ખેતરે કબીરવડ જેવાં ફળઝાડો લહેરાતાં હોત ! પણ જવા દો એ વાત.

**ઝાડની આ આવડતનો લાભ આપણે લઇ શકીએ ? =** હા, ખેતીના આધુનિક વિજ્ઞાને આ પડકાર જીલ્યો છે અને " કલમ " ના સિધ્ધાંતને સહારે નવું કૌતૂક ઊભું કર્યું છે. કેવી રીતે તે જરા જોઇએ.

**રીત સાવ સહેલી છે =** રાયણના પઠ્ઠાપર ભેટ કે નૂતન કલમ કરી ચીકુનું વર્ધન કરવાનું ખેતી વિજ્ઞાને શીખવાડ્યું છે. બસ, એ જ રીત-પધ્ધતિએ લગભગ બધા ફળઝાડોને વધુ થડ-મૂળ ઉમેરી શકાય છે. જેમકે ચીકુનું ઝાડ ઉછરી મોટું ડાળીઓ વાળું બની જાય એટલે મુખ્ય થડથી ૩-૪ ફૂટ છેટે જ્યાં ચીકુની ડાળી નમાવતાં આસાનીથી નીચે નમી શકતી હોય ત્યાં નીચે રાયણના પઠ્ઠાને જમીનમાં રોપી દેવાનો. પઠ્ઠો જમીનમાં ચોટી જઇ જોરદાર રીતે વધવા માંડે ત્યારે તેને ચીકુની ડાળી સાથે ભેટ કલમ કરી જોડી દેવાનો. કલમનો સાંધો મળી જાય - બન્ને એક્જીવ થઇ જાય એટલે રાયણના પઠ્ઠાનું માથું કાપી નાખવાનું, પણ ચીકુની ડાળીને તેના ઝાડથી અલગ નહીં કરી દેતા - એમનેએમ લાગેલી રહેવા દેવી. જેથી રાયણનો પઠ્ઠો હવે ચીકુનું નવું થડ બની ગયું, અને એના મૂળિયાં હવે ખોરાક ચૂસી ચૂસી ઉપર ચીકુના ઝાડને મોકલવાનું શરુ કરી દે છે. આવા બે ત્રણ કે ચાર વધારાના થડ બનાવી દીધા હોય તો ઝાડ આસાનીથી તેનો મૂળવિસ્તાર સવાયો-દોઢો વિસ્તારી, એટલી વધારાની જમીનમાંથી રસકસ ચૂસી ઝાડને મોકલી શકે. એટલે સહેજે આપણને એક થડ વાળા ઝાડની સરખામણીએ આવા ઝાડમાં વધારે ઉત્પાદન મળવા લાગે.

**આ રહ્યો બોલતો પુરાવો =** આ રીતે ફળઝાડોને વધુ થડ-મૂળિયાં ઉમેરાયા હોય એવું પ્રત્યક્ષ કામ જોવા ઈચ્છતા હોય તેમને માટે માહિતી આપું. શ્રી હિરાભાઇ રાજાભાઇ કરમટા-(જી.ઇ.બી.વાળા) મો. ૯૪૨૭૨ ૨૯૬૦૩ ની ૧૨ એકરની ચીકુવાડી ગામ-ખેરા તા-માળિયા,જિ. જુનાગઢમાં આવેલી છે. ખેતી પધ્ધતિ સજીવવાળી છે. આ વાડીના ૭૦૦ ચીકુનાં તમામ ઝાડવાં જોઇ વળો- એક થડ વાળું શોધ્યું નહીં જડે ! લગભગ તમામને બે થી માંડી ત્રણ-ત્રણ ને ચચ્ચાર સુધીના થડ જોવા મળશે. તેઓ આ વિશિષ્ટ પ્રકારના ઝાડ ઉછેરની મહેનત પોતાના મોટાભાઇની ગણે છે અને વધુને વધુ મૂળને પરિણામે ફળોનું ઉત્પાદન પણ ધીંગું રહ્યાનું કબુલે છે. આ બાગ જોયા પછી પ્રગતિશીલ માનસ ધરાવતા ખેડૂતો જરૂર કંઇક નવું કરવા પ્રેરાશે.

**શું બીજા વૃક્ષોમાં આવું થઇ શકે ?** હા, જરૂર થઇ શકે. જે જે ઝાડમાં ભેટકલમ શક્ય બને છે તે બધા જ ઝાડ- આંબા, જામફળી, આમળા, ગુંદા,આમલી વગેરે ઝાડવાઓમાં વધારાના થડ-મૂળિયાં ઉભા કરી , વધુ ખોરાક ઝાડને પહોંચતો કરી, ફળરૂપે ઉત્પાદનમાં રૂપાંતરિત કરી શકાય છે.

**આપણે પણ આવું કરી શકીએ :** (૧) તમે નિરીક્ષણ કર્યું હશે કે જુવાર, બાજરો, મકાઇ, ગલગોટા જેવા છોડવાને વડલાની જેમ તેના થડમાં જમીન નજદીકની નીચલી ગાંઠોમાંથી વડવાઇઓ નીકળતી હોય છે.પણ તે ઉંચે ને ઉંચે ટીંગાઇ રહી સુકાઇ જતી હોય છે. આપણે તેવા પાકોને ચાસે વાવેતર કરી તેના થડિયા ફરતે જરા વધારે ઊંચે સુધી માટી ચડે તેવા પાળા ચડાવી દીધા હોય તો તે ગાંઠોમાંથી નીકળતી વડવાઇઓને જમીનમાં પ્રવેશ કરવાનો મોકો ઊભો થશે, અને તેના દ્વારા ધરતીમાંથી વધારાના રસ-ખેંચાણનો લાભ ઉત્પાદનમાં ચોક્કસ મળવાનો જ !

(૨) એવું જ દૂધી, તૂરિયાં, ગલકાં, ટીંડોરાં, કાકડી, કારેલાં જેવાં વેલાવાળા પાકોમાં પણ જોશો કે વેલાની ગાંઠોમાંથી વડવાઇઓ જેવાં પાતળાં મૂળો ફૂટતાં હોય છે.પણ વેલો પવન-પાણીથી આડો-અવળો થતો રહેતો હોઇ, તે મૂળિયાં જમીનમાં પ્રવેશી શકતાં નથી. પરંતુ જો આવા વેલાને એની કોઇ કોઇ ગાંઠો પર પાણતિયા દ્વારા પાવડોભરી માટીની ઢગલીઓ કરાવતા થઈ જઈએ, તો આ વડવાઇઓ પણ જમીનને વળગી, પોષણ ચૂસી વેલાને મોકલવા માંડે છે, અને વેલો વધુ ઉત્પાદન આપવા શક્તિમાન બને છે. આતો અમારો જૂનો થઈ ગયેલો જાત અનુભવ છે.

મો. ૯૩૨૭૫૭૨૨૯૭

# બાલ સૃષ્ટિ




સંપાદક :
**ડૉ. ભગીરથ કે. પટેલ**
ચેરમેનશ્રી - ઈનોવેટીવ અને ઈનીશીયેટીવ કમિટી, સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક છે.





: લેખિકા :
**ગિરા પિનાકીન ભટ્ટ**
સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકાર અને દિલ્હી સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા
મો. ૯૯૦૯૬ ૪૧૨૬૨


# ભીમના ભોળાનાથ

બાળમિત્રો, તમે છોટા ભીમનું કાર્ટૂન જોતા હશો... ખરું ને ? પરંતુ હું આજે તમને બડા ભીમ પાસે લઈ જવા માંગુ છું. જાણવું છે ને કે ભીમ કેવો બળવાન હતો ?

ભીમ શિવભક્ત હતો. કુંતીપુત્ર ભીમ એટલે ઊંચી કદકાઠી, જાડોભમ અને આખાબોલો. મનનો સાફ અને ખાવાનો જબરો શોખીન. એને લાડુ બહુ જ ભાવે. ભૂખ્યો તો એ રહી જ ન શકે. અગિયારસનો ઉપવાસ કરવો પડે એ તેને બિલકુલ ન ગમે. સાવ નફકરો, છતાં બહુ મજાનો ભીમ હોં. રોજ સવારે નદીએ નહાવા જાય.

એક દિવસ નદીમાં પાણી ઓછું હતું. ભીમે જોયું કે પગ પલળે એમ નથી, ત્યાં નવાશે કેમ ? વળી શિવજીને પણ નવડાવાશે કે કેમ ? એટલે નદીના વહેણ વચ્ચે એ આડો પડ્યો. ધીમે ધીમે પાણી રોકાયું. ને એમ કરતાં ત્યાં આવેલા શિવના દેરાભણી પાણી વળી ગયું. મા પાર્વતીજીના પગ પલળતાં તે બોલ્યાં, મહાદેવજી જાગો... જાગો ! મંદિરમાં જળ ક્યાંથી આવ્યું ? 'અરે ! પાર્વતી, ડરશો નહીં, મારો ભક્ત છે. નદીમાં નહાવા પડ્યો છે, નદીનાં નીર એણે રોક્યાં છે.' 'ભલા તમે ને ભલો તમારો ભક્ત...પણ સાચું કહું, મને તો ડર લાગે છે. જોતજોતામાં આખું મંદિર ડુબી જશે, જાવ-જાવ ઉઠાડો તમારા ભક્તને.' 'એમ ઉઠાડતાં નહીં ઊઠે ઉમિયા, એ ભારે હઠીલો છે. એ મનેય જટા ઝાલીને ઝૂડી નાંખે.'

મહાદેવ કહે, **'એ હઠીલો, ઉઠાડે નવ ઊઠે. ઝાઝી જીકર જો કરું તો, જટા ઝાલીને કુટે.'** (મહાભારતના આદ્યપર્વમાં કડવું - ૫૫)

'આવો તે ભક્ત હોય જે ભગવાનની સામે થાય ? હે ભોળાનાથ ! તમે સાવ ભોળા છો... ભગવાન થઈ સાવ મૌન બેસી રહેવાનું ? માગે તેને વરદાન આપી દેવાનું ? કોઈનો કંઈ પણ વિચાર ન કરવાનો ? એક બિલિપત્રથી પણ રાજી થઈ જવાનું ? એક નામસ્મરણ અને નામરટણથી પણ રાજી ? તમે તો સાવ ભોળા રહ્યા. એક લોટા જળથી પણ રીજી જાવ છો, પણ અહીં મારા ડરનું શું ?'

'તમારા ડરનો ઉપાય છે મારી પાસે.' મહાદેવજીના ઉપાય પ્રમાણે મા ઉમિયાજી ગાય બન્યાં ને વાઘનું સ્વરૂપ લીધું



મહાદેવજીએ, મહાદેવજી બોલ્યા, 'ઉમિયાજી, મારો ભક્ત પડ્યો છે ત્યાં દોડી જાવ, હું તમારી પાછળ આવું છું. ભીમે ગાયને દોડતી હાંફતી જોઈ. પાછળ જોયું તો વાઘ. ગૌભક્ત ભીમ એકશ્વાસે ઊઠ્યો એના ઊઠતામાં નદીનાં નીર ઓસરી ગયાં, પરંતુ પેલા વાઘને ભીમે ઝાલ્યો. વાઘે પગના પંજાથી ભીમનું ડાબું પડખું ચીરી નાખ્યું. ગુસ્સે ભરાયેલા ભીમે એક છલાંગે વાઘના ઝાલ્યા પગ, ત્યાં તો.. મહાદેવે વિચાર્યુ. ભોગ લાગ્યા તે મળ્યો આવે ભક્ત. આ મને નહીં છોડે, મારો પણ ભુક્કો બોલાવી દે એવો છે. એટલે શિવજી અદૃશ્ય થઈ ગયા અને થોડે દૂર એક જોગીનું રૂપ લઈ ઊભા. જોગી જોતા ભીમ ઝડપથી કૂદ્યો. જોગીની જટા ઝાલી પૂછવા લાગ્યો, 'બતાવો પેલો વાઘ ક્યાં ? જેણે મારું ડાબું પડખું ચીરી નાખ્યું' 'પુત્ર, હું શું જાણું ? પણ, તારું દુઃખ હું મટાડું.' કહી શિવે ભીમના ડાબા પડખે હાથ ફેરવ્યો ને આશીર્વાદ આપ્યા. જોગીના આશીર્વાદથી ભીમનું દુઃખ મટ્યું અને ડાબા અંગનો રંગ બદલાઈ ગયો.

મહાદેવજીના આશીર્વાદથી ભીમનું ડાબું પડખું વજ્રનું બન્યું.■

# ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ

પ્રિય વાચકો..., વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે, નવી નોકરી પ્રાપ્ત થાય, નવો વ્યવસાય શરૂ થાય, નવું મકાન કે કાર લઈએ, લગ્ન પ્રસંગ, મેરેજ કે એનિવર્સરી, સંતાનનો જન્મ કે જન્મ દિવસની ઉજવણી તથા જીવનમાં કોઈપણ યાદગાર ખુશીનો પ્રસંગ આવે ત્યારે આપણે સૌ પ્રથમ માતા-પિતા અને ઈશ્વરને યાદ કરીએ છીએ. જગત જનની મા ઉમિયાની કૃપાથી પ્રાપ્ત થયેલી આ ખુશીઓને જો તેમના ચરણોમાં દાનરૂપે સમર્પિત કરવામાં આવે, તો તે માત્ર વ્યક્તિગત આનંદ નથી રહેતો, પરંતુ સમાજ અને સાંસ્કૃતિ પ્રત્યેની આપણી કૃતજ્ઞતા બની જાય છે. માના ચરણોમાં સમર્પિત દરેક અર્પણ, જીવનમાં નવી સફળતાના દ્વાર ખોલે છે.આ પવિત્ર ભાવનાને પ્રોત્સાહન આપવા માટે **'ઉમાસૃષ્ટિ'** મેગેઝિનમાં દર મહિને **"ખુશીઓનું સમર્પણ - મા ઉમિયાને અર્પણ"** નામનો વિશેષ વિભાગ પ્રગટ કરવામાં આવશે, જેમાં દાન સમર્પિત કરનાર દાતાશ્રીનો ફોટો તથા પ્રસંગની ટૂંકી નોંધ પ્રકાશિત કરવામાં આવશે. આ વિભાગ દ્વારા અમે આ તમામને બિરદાવીશું :

**આપ ક્યા પ્રસંગે સમર્પણ કરી શકો ?** ● પરીક્ષામાં સફળતા ● નવી નોકરી / પ્રમોશન ● નવું મકાન (ગૃહ પ્રવેશ નિમિત્તે), ઓફિસ ● નવી કાર / વાહન ● બાળકનો જન્મ ● જન્મ દિવસ ● મેરેજ એનિવર્સરી ● લગ્ન પ્રસંગ ● વ્યવસાયની નવી શરૂઆત ● જીવનનો કોઈપણ શુભ પ્રસંગ

**આ પહેલનો હેતુ** ● મા ઉમિયા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી. ● આગામી પેઢીમાં સમર્પણ અને સંસ્કારની ભાવના વિકસાવવી. ● સમાજમાં સકારાત્મક અને ધાર્મિક પ્રેરણા ફેલાવવી ● "ખુશી મળે ત્યારે માતાને યાદ કરીએ" એવી સુંદર પરંપરા સ્થાપિત કરવી. જીવનના દરેક શુભ પ્રસંગને જગત જનની મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડવાનો સંકલ્પ સમાજમાં આધ્યાત્મિકતા અને દાનનીભાવના બંનેને પ્રોત્સાહન આપશે. **આપને હાર્દિક અપીલ :** આપના જીવનમાં જ્યારે પણ કોઈ ખુશીની ક્ષણ આવે, ત્યારે તે આનંદનો એક અંશ/ દાન સ્વરૂપે જગત જનની મા ઉમિયાના ચરણોમાં સમર્પિત કરીને આ પવિત્ર અભિયાનનો ભાગ બનો. **આપનું નાનામાં નાનું સમર્પણ પણ સંસ્કારની મોટી શરૂઆત બની શકે છે. "માતાની કૃપાથી મળેલી ખુશી, માતાના ચરણોમાં અર્પિત કરીએ"** તમારો ફોટો, પ્રસંગની ટૂંકી માહિતી અને સમર્પણ (દાન)ની વિગત વિશ્વ ઉમિયાધામ કાર્યાલયમાં મોકલવા વિનંતી. તમારા પરિવારની શુભ ક્ષણોને મા ઉમિયાના આશીર્વાદ સાથે જોડો અને સમાજ માટે પ્રેરણારૂપ બનો.

## વિશિષ્ટ સિદ્ધિ સન્માન

પ્રિય વાચકો, ઉમાસૃષ્ટિના આગામી અંકથી આપણે "વિશિષ્ટ સિદ્ધિ સન્માન" નામથી ગૌરવવંતો નવો વિભાગ શરૂ કરી રહ્યા છીએ. સમાજની તેજસ્વી પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમના ગોરવને વધારવા માટે આ નવો વિભાગ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ વિભાગ અંતર્ગત આપણા સમાજના એવા રત્નોને સ્થાન આપવામાં આવશે જેમણે પોતાની મહેનતથી વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી હોય. **કઈ વિગતો મોકલી શકાશે ?** : વિશિષ્ટ સિદ્ધિઓ : શિક્ષણ, આરોગ્ય, રમત-ગમત, સાહિત્ય કે સાંસ્કૃતિક ક્ષેત્રે જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રિય કક્ષાએ વિજેતા બનેલા અથવા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો તેની વિગત. કોઈ ઉચ્ચ પદવી કે એવોર્ડ મળ્યો હોય, સંશોધન ક્ષેત્રે (પીએચડી વગેરે) સફળતા મળી હોય અથવા સમાજનું ગૌરવ વધારે તેવો કોઈ વિશિષ્ટ પ્રસંગ. ઉપરોક્ત સિદ્ધિઓ મેળવનારની વિગત ફોટોગ્રાફ સાથે અને મા ઉમિયાના આશીર્વાદ સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે. **આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨**

## બાલસૃષ્ટિ વિભાગ માટે એક નવી પહેલ

**વ્હાલા બાળકો..., 'બાલસૃષ્ટિ' વિભાગમાં બાળકો પોતાના ચિત્રો, ક્રાફ્ટ, વાર્તા, બાળગીતો, ક્વીઝ, વર્ડ સર્ચ તથા કવિતા મોકલી શકે છે, પરંતુ એ બધું બાળકોએ જ બનાવેલું - લખેલું હોવું જોઈએ.**

**આ માટે અહીં આપેલ QR કોડ સ્કેન કરીને ફોર્મમાં જરૂરી વિગતો ભરીને સબમીટ કરો. વધુ માહિતી માટે આપેલ નંબર પર સંપર્ક કરો. ફોન : ૭૨૦૨૦ ૮૦૩૩૩/૨૨૨**

# પ્રવૃત્તિ અહેવાલ



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## માન. કેન્દ્રિય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજીએ VUFની શુભેચ્છા મુલાકાતે





તા. ૩ જૂલાઈ ૨૦૨૬એ માનનીય કેન્દ્રીય રેલ્વે મંત્રી **શ્રી અશ્વિની વૈષ્ણવજીએ** વિશ્વ ઉમિયાધામની મુલાકાત લઈ જગતજનની મા ઉમિયાના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. આ પ્રસંગે તેમણે સંસ્થાની 'Youth Empowerment' પહેલ અંતર્ગત વ્યાપારને સશક્ત બનાવવા માટે શરૂ કરાયેલા VIBOS ઉપક્રમને પોતાની શુભકામનાઓ પાઠવી, સાથે જ સંસ્થાના પ્રણેતા અને પ્રમુખ **શ્રી આર. પી. પટેલે** વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) નિર્માણાધીન શિવ અને શક્તિ એટલે કે જગતજનની મા ઉમિયાના મંદિર વિશે, સંસ્થા દ્વારા ચાલી રહેલા વિવિધ વ્યાપાર પ્રોજેક્ટ્સ જેવા કે VIBES અને VBN ની વિસ્તૃત માહિતી આપી તથા નિર્માણાધીન મા ઉમિયાના મંદિરની કન્સ્ટ્રક્શન સાઇટની મુલાકાત કરાવી. આ વિશેષ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીગણ, દાતાશ્રીઓ, સંગઠનના કાર્યકરો અને VIBOS ની ટીમ દ્વારા માનનીય અશ્વિની વૈષ્ણવજીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

## રાજકોટમાં VUF Vibes દ્વારા
## ૨૦માં ‘આદિત્ય ચેપ્ટર’નો શુભારંભ



તા.૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ Vibes એ સત્તાવાર રીતે તેના પહેલા (ફર્સ્ટ) ઇન્ડસ્ટ્રિયલ ચેપ્ટરની શરૂઆત કરી. જે નેટવર્ક માટે એક મોટી સિદ્ધિ છે. આ ઇન્ડસ્ટ્રિયલ નેટવર્કિંગના આ નવા યુગના સાક્ષી બનવા માટે 'Vibes Aaditya' ના રાજકોટ લોન્ચિંગમાં ૬૦ વિઝનરી મુલાકાતીઓ અને ૧૫૦ થી વધુ Vibes ના સભ્યો એકઠા થયા હતા. કાર્યક્રમના આપણા મુખ્ય અતિથિ તરીકે ચંદુભાઈ વિરાણી (સ્થાપક, બાલાજી વેફર્સ) અને શ્રી આર.પી.પટેલ સાહેબ (પ્રમુખ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન) ની ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઐતિહાસિક વિસ્તરણને આગળ ધપાવવા માટે ડી. એન. ગોલ (VUF), Vibes ચેરમેન આકાશ વડાલીયા, અને કોર મેમ્બર્સ મયુર પટેલ અને સાગર પટેલને અભિનંદન પાઠવ્યા હતાં.



**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

# ઈઝરાયેલના કોન્સુલ જનરલ Mr. Yaniv Revach VUFની મુલાકાત લીધી





તા. ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ ભારતના મુંબઈ ખાતેના ઈઝરાયેલના કોન્સુલ જનરલ શ્રી યાનીવ રેવાચ (Mr. Yaniv Revach) એ વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન તેમણે જગત જનની મા ઉમિયાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. તેમની આ મુલાકાત દરમિયાન, ઉપપ્રમુખશ્રી દીપકભાઈ પટેલે સ્મૃતિચિહ્ન આપીને તેમનું સન્માન કર્યું હતું અને સંસ્થાના વિઝન અને મિશન વિશે માહિતગાર કર્યા હતા અને તેમને વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) શિવ અને શક્તિ (જગત જનની મા ઉમિયા) મંદિરની નિર્માણાધીન સાઇટની મુલાકાત કરાવી હતી.

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ











તા.૧૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં બાળકોએ **'સનાતન સંસ્કૃતિ' અને 'ભગવાન જગન્નાથજીની રથયાત્રા'** વિષય પર પોતાની અદ્ભુત કલ્પનાશક્તિ અને સર્જનાત્મક કલાનું સુંદર પ્રદર્શન કર્યું. આ સ્પર્ધામાં સવર્શ્રેષ્ઠ પોસ્ટર બનાવનાર વિજેતા પ્રતિભાઓને પરમ પૂજ્ય કથાકાર રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજીના પાવન હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા, જે પ્રત્યેક બાળક માટે ગૌરવ અને પ્રેરણાની અનમોલ ક્ષણ રહી. નવી પેઢીને પોતાની સનાતન સંસ્કૃતિ, સંસ્કારો અને ભારતીય પરંપરા સાથે જોડવાના પવિત્ર ઉદ્દેશ્ય સાથે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સતત વિવિધ સર્જનાત્મક અને સંસ્કારમય પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યું છે. બાળકોની કલ્પના, તેમની કલમ અને રંગોમાં સનાતન સંસ્કૃતિના દર્શન થયા હતા.

## અમદાવાદના પૂર્વ - નિકોલ તથા કઠવાડા જી.આઈ.ડી.સી. ખાતે મીટિંગ યોજાઈ



તા. ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદના નિકોલ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન આયોજિત અમદાવાદ પૂર્વ વિભાગના હોદ્દેદારો, દાતાશ્રીઓ, ધર્મ સ્તંભના દાતાશ્રીઓ અને સંગઠનના કાર્યકર મિત્રોની એક મહત્વપૂર્ણ સંયુક્ત મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબે વિશેષ ઉપસ્થિતિ રહી સૌનું માર્ગદર્શન કર્યું હતું. આ સાથે જ સંસ્થા દ્વારા સમાજ અને સનાતન ધર્મના ઉત્થાન માટે ચાલી રહેલી ૨૨ જેટલી વિવિધ સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા.



તા. ૪ જુલાઈ ૨૦૨૬ના રોજ અમદાવાદના કઠવાડા જી.આઈ.ડી.સી. એસોસિએશન હોલ ખાતે સમાજના અગ્રણીઓ અને બિઝનેસમેન્સ માટે એક વિશેષ **'ઉદ્યોગશ્રેષ્ઠી સંવાદ બેઠક'**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ બેઠકમાં સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી તેમજ સંસ્થાના હોદ્દેદારો અને દાતાશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સંવાદ દરમિયાન સંસ્થા અને ઉદ્યોગ જગત સાથે મળીને સમાજ અને સનાતન ધર્મના ઉત્થાન માટે કેવી રીતે વધુ ઉપયોગી બની શકે, તે અંગે ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

## સંસ્થાના સીટી મેમ્બર્સનું ભાવભર્યું સન્માન @ મહેસાણા





તા. ૧૮, જૂન વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, મહેસાણા કાર્યાલય ખાતે સંસ્થા સાથે 'સિટી મેમ્બર' તરીકે જોડાયેલા ઉમાભક્તોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ મંગલમય કાર્યક્રમની શરૂઆત જગતજનની મા ઉમિયાની મહાઆરતી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉમા ભક્તોને આઈ-કાર્ડ, મંદિર સ્મૃતિચિહ્ન તથા ગૌરવપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.

## સંસ્થાના સીટી મેમ્બર્સનું ભાવભર્યું સન્માન @ વડોદરા







તા. ૧૩ જુલાઈ ૨૦૨૬ વિશ્વ ઉમિયાધામ, વડોદરા કાર્યાલય ખાતે સંસ્થા સાથે **'સિટી મેમ્બર'** તરીકે જોડાયેલા ઉમા ભક્તોનું સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના વરદ હસ્તે આઈ-કાર્ડ, મંદિર સ્મૃતિચિહ્ન તથા ગૌરવપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા મંદિર નિર્માણમાં તેમજ સમાજના ઉત્થાન માટે તેમના અમૂલ્ય સહયોગ, અપ્રતિમ સમર્પણ અને અનન્ય સેવાભાવની વિશેષ નોંધ લઈ આ ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ ગૌરવશાળી પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના આદરણીય દાતા-ટ્રસ્ટીશ્રીઓ, ઉત્સાહી કાર્યકર્તાશ્રીઓ તેમજ સમાજના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદના વસ્ત્રાલમાં "સદસ્યતા અભિયાન" અંતર્ગત મિટીંગ યોજાઈ





તા. ૬, જૂલાઈ ૨૦૨૬ના વિશ્વ ઉમિયાધામ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ યુવા સંગઠનના ચેરમેનશ્રી જીતુભાઈ બી. પટેલની ઉપસ્થિતિમાં "સદસ્યતા અભિયાન" અંતર્ગત પૂર્વ અમદાવાદ વિસ્તારના વસ્ત્રાલમાં આગામી કાર્યક્રમોની તૈયારીના ભાગરૂપે મુખ્ય કાર્યકરો ની મિટિંગનું આયોજન કર્યું હતું.



## વિશ્વ ઉમિયાધામ આયોજીત ભગવાન જગન્નાથજીની તૃતીય રથયાત્રાની દિવ્ય અને અલૌકિક ઝાંખી...














**ભગવાનનું રૂડું મામેરૂ @ ટીપી - ૬૩ ખોરજ**





તા. ૧૬ જુલાઈ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ અમદાવાદ દ્વારા સંસ્થાના પ્રણેતા એવમ પ્રમુખશ્રીના માર્ગદર્શન તેમજ પરમ પૂજ્યશ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલ ભવ્ય રથયાત્રામાં તન-મન-ધનથી જોડાયેલા સર્વે સંગઠનના હોદેદારશ્રીઓ, દાતાશ્રીઓ, રથના યજમાનશ્રીઓ, પ્રસાદીના દાતાશ્રીઓ, મામેરાના યજમાનશ્રીઓ, મંદિર સેવા કમિટી, વિવિધ સોસાયટીના હોદ્દેદારો, કારોબારી સભ્યો, રહીશો, સ્વયંસેવકો તથા દરેક સેવાભાવી કાર્યકરશ્રીઓને વિશ્વ ઉમિયાધામ પરિવાર હૃદયપૂર્વક વંદન અને કૃતજ્ઞતા અર્પણ કરે છે. શ્રી શાંતિનાથ મહાદેવ ટીપી-૬૩, ખોરજના સૌ ઉમાભક્તો દ્વારા ભગવાનને મામેરૂ અર્પણ કરવામાં આવ્યું હતું. સૌના પ્રેમ, સમર્પણ, શ્રદ્ધા અને અવિરત પરિશ્રમથી જ આ ભક્તિમય મહાપર્વ લાખો ભક્તોના હૃદયમાં અવિસ્મરણીય બની રહ્યું છે. ભગવાન શ્રી જગન્નાથજી તથા જગતજનની મા ઉમિયા આપ સૌની દરેક મનોકામના પૂર્ણ કરે, જીવનમાં ઉત્તમ સ્વાસ્થ્ય, અખૂટ સુખ, સમૃદ્ધિ અને સતત સેવા કરવાના આશીર્વાદ પ્રદાન કરે તેવી હાર્દિક તેવી શુભેચ્છાઓ.

# સમાચાર




**ડો. રૂપલબેન પટેલ**
સમાચાર સંપાદિકા


## ખેડા જીલ્લાની ૮૦૦થી વધુ બહેનો વિશ્વ ઉમિયાધામની મુલાકાતે





તા. ૨૭ જુન ૨૦૨૬ના વિશ્વ ઉમિયાધામ મહિલા સંગઠનના ખેડા જીલ્લાના વિવિધ તાલુકાઓની ૮૦૦થી વધુ બેહેનોએ વિશ્વ ઉમિયાધામ, જાસપુર ખાતે પધારી જગત જનની મા ઉમિયાના દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, ઉપપ્રમુખશ્રી ડી. એન. ગોલ અને મહિલા સંગઠનના ચેરપર્સન ડો. રૂપલબેન પટેલે સંગઠનની અને સંસ્થાની વિગતવાર માહિતી આપી હતી.

## બહુચરમાતાજીના આનંદના ગરબનાનું આયોજન





તા.૧૪, જુલાઈએ જેઠ માસની અમાસના પવિત્ર દિવસે વિશ્વ ઉમિયાધામ ખાતે બહુચર માતાજીના આનંદના ગરબાનું આયોજન શ્યામા મંડળ, નારણપુરા - અમદાવાદના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ભજન-સત્સંગ મંડળની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમય વાતાવરણ સર્જ્યુ હતું.

## ભગવાન જગન્નાથજીની નેત્રોત્સવ વિધિ





તા. ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે ભગવાન જગન્નાથજી, ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીની પવિત્ર નેત્રોત્સવ વિધિ અત્યંત ભક્તિમય અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થઈ. ભગવાનના મનોહર શૃંગાર અને દિવ્ય નેત્રોના દર્શન કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શ્રદ્ધા અને જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. વિશ્વ ઉમિયાધામ પરિવાર દ્વારા સર્વે ભાવિકોને ભગવાન શ્રી જગન્નાથજીના દિવ્ય આશીર્વાદ પ્રાપ્ત થાય તથા સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉન્નતિ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી.

# સમાચાર

## ૩૦૦થી વધુ સંગઠનની બહેનોએ VUFની મુલાકાત લીધી



અમદાવાદ પશ્ચિમ વિસ્તારની ૩૦૦ કરતાં વધારે સંગઠનની બહેનો આજે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની મુલાકાતે આવી સંસ્થાના પ્રણેતા પ્રમુખ એવા શ્રી આર.પી પટેલ સાહેબના માર્ગદર્શક અને રૂપલબેનના માર્ગદર્શનથી બહેનોએ સંસ્થા વિશેની બધી માહિતી પ્રાપ્ત કરી અને આગળ શું કામગીરી કરવી એની પણ માહિતી આપવામાં આવી.

## સાયન્સ સિટી ખાતે "સદસ્યતા અભિયાન" મિટીંગ યોજાઈ





સંસ્થાના પ્રમુખ શ્રી આર પી પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ યુવા સંગઠન પશ્ચિમ અમદાવાદની મિટિંગ સાયન્સ સીટી 'પંચમ થાળ' ખાતે સક્રિય કાર્યકરોની હાજરીમાં મળી હતી. જેમાં "**સદસ્યતા અભિયાન**" અંતર્ગત આગામી સમયમાં સમયસર કામગીરી પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો હતો.

## ઉમમિયાધામે જેઠમાસની પૂનમે નવચંડી હવન





તા. ૨૯, જૂન પૂનમના દિવસે વિશ્વ ઉમિયાધામ, જાસપુર, અમદાવાદ ખાતે જેઠ સુદ પૂનમના પવિત્ર દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરેલ જેમાં મુખ્ય યજમાન તરીકે શ્રી પ્રજ્ઞેશભાઈ વિષ્ણુભાઈ પટેલ (સિલ્વર દાતાટ્રસ્ટીશ્રી) સાઉથ કેરોલીના USA (મૂળ વતન - સરસાવ) પરિવાર સાથે જોડાઈને મા ઉમિયાના કૃપાપાત્ર બન્યા હતા. જગતજનની મા ઉમિયા અને શ્રી ઉમેશ્વર મહાદેવની કૃપા સદાય આપના પરિવાર પર બની રહે તેવી પ્રાર્થના.



ENROLL NOW
ADMISSION OPEN
Vishv UMIYA Foundation
invented & executed by
Vishv Umiya Foundation
Degree & Campus Offered By
IAR University
Institute of Advanced Research
Koba Institutional Area
Gandhinagar - 382426,Gujarat
+91 99249 58138
Career Opportunities
Vishv UMIYA Foundation
UPSC - GPSC
India's Premier Civil Services Exams
IPS
B.A. Public Administration
(Civil Services Specialization)
Preperation Strategy
After 12th (H.S.C)
Your Journey of becoming an IAS-IPS Officer Starts
For any inquiry contact us on
+91 99249 58138
+91 72020 80587
VUF Office Add; Vishv Umiyadham- Jaspur Road, Nr. vaishnodevi Temple, S.G Highway, Ahmedabad
Invented & executed By
Vishv Umiya Foundation
Degree & Campus offered By
Institute of Advanced Research - Gandhinagar




ઉમા સ્વાદં
Vishv UMIYA Foundation
જગતજનની મા ઉમિયાના આશીર્વાદ,
શુદ્ધતાનો અહેસાસ
નોંધ:
1) ડિસ્કાઉન્ટ મેળવવા માટે આપે આ કૂપન કટ કરીને તેની ફિઝિકલ કોપી સાથે લાવવાની રહેશે.
2) આ કૂપન માત્ર એક જ ઓર્ડર પર માન્ય રહેશે.
3) Online ઓર્ડર માટે આ કૂપન માન્ય ગણાશે નહીં.
સ્થળ-વિશ્વ ઉમિયાધામ - જાસપુર , વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ. જી. હાઇવે, અમદાવાદ - 382721
+91 72020 85551 order.umaswadam@vuf.org umaswadam.vuf.org
ઉમા સ્વાદમ્‌ની ખરીદી પર ફ્લેટ
10%
ડિસ્કાઉન્ટ.*
For Online Order
https://umaswadam.vuf.org
COUPON CODE
JJMUVUF2027

Registered Under “R.N.I. No. GUJGUJ/2023/84401” Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025
Off. : Vishv Umiyadham - Jaspur, Opp. Vaishnodevi Temple, S. G. Highway, Ahmedabad, Gujarat - 382721



siban

Residential & Retail Spaces

At GIFT City

www.gujrera.gujarat.gov.in/MAA14625



સંજયભાઇ પટેલ

(વિસલપુર)

Sales executives

+91 99743 52727



THE CITADEL
COMMANDING THE CITYSCAPE

RETAIL AND OFFICE SPACES

AT ISCON AMBLI ROAD

PR/GJ/AHMEDABAD/DASKROI/AHMEDABAD MUNICIPAL CORPORATION/CAA14269/171024/311229
GUJRERA.GUJARAT.GOV.IN